અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૫, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૩
વર્ષ : ૧૬
અંક : ૨૧૦
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### નાણામંત્રી સીતારમણે લોકસભામાં ૨૦૨૪-૨૫ માટે આર્થિક સર્વે રજૂ કર્યો

# ૨૦૨૪-૨૫ માટેનો આર્થિક સર્વે લોકસભામાં રજૂ કરવામાં આવ્યો

## નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રજૂ થયેલા આર્થિક સર્વેક્ષણમાં આગામી નાણાકીય વર્ષમાં GDP વૃદ્ધિ દર ૬.૩ ટકાથી ૬.૮ ટકાની વચ્ચે રહેવાનો અંદાજ છે



### આર્થિક સર્વેની ૧૦ મોટી વાતો

કેન્દ્ર સરકાર તરફથી કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે સંસદના બંને ગૃહમાં ઈકોનોમિક સર્વે રજૂ કર્યો હતો. ૧૦ મુદ્દામાં સમજો દેશની અર્થવ્યવસ્થાના હાલ.

૧. નાણાંકીય વર્ષ ૨૦૨૬માં ભારતીય અર્થવ્યવસ્થા ૬.૩થી ૬.૮ ટકાના દરે વધશે.
૨. સ્થિર ખર્ચના કારણે ભારતીય અર્થવ્યવસ્થાના પાયા મજબૂત બન્યા.
૩. જાહેર ક્ષેત્રમાં મૂડી વ્યય તથા ઈન્ડસ્ટ્રીયલ અપેક્ષાઓમાં સુધારાના કારણે રોકાણમાં વધારાની આશા.
૪. શાકભાજીના ભાવમાં ઋતુ અનુસાર ઘટાડો. સરકારે ખાદ્ય પદાર્થોનો બફર સ્ટોક વધાર્યો તથા ખુલ્લા બજારમાં ખાદ્ય વસ્તુઓના સપ્લાય માટે આયાતમાં ઢીલ આપી.
૫. વૈશ્વિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે વ્યૂહનીતિ તથા માળખાગત સિદ્ધાંતો મજબૂત કરવા પડશે. વેપારમાં અનિશ્ચિતતાઓ તથા જીઓ-પોલિટિકલ પરિસ્થિતિઓ વિકાસ માટે પ્રતિકૂળ. નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ભારતની આર્થિક સંભાવનાઓ સંતુલિત.
૬. ભારતે નીચલા સ્તર સુધી સંરચનાત્મક સુધારા અને વૈશ્વિક પ્રતિસ્પર્ધાત્મકતા સુધારવાની જરૂર.
૭. બ્રાઝિલ, ભારત, ચીન જેવી વિકસતી અર્થવ્યવસ્થાવાળા દેશોમાં ખાદ્ય ઉપજમાં બદલાવ લાવવાથી ભાવ વધારા પર અંકુશ લાગ્યો.
૮. ૨૦૨૬માં ભૂરાજકીય તણાવના કારણે જોખમ, જોકે કોમોડિટીમાં પહેલેથી જ ઊંચી કિંમતોના કારણે હવે ભાવવધારાનું જોખમ ઓછું.
૯. સ્વચ્છતા તથા IT વિભાગની સફળતાઓના કારણે મૂળભૂત સુવિધાઓમાં સુધારો થયો.
૧૦. વિવિધ દાળ, ટામેટાં તથા ડુંગળીનું ઉત્પાદન વધારવા માટે ઋતુ અનુસાર વિવિધ ઉપજ વિકસિત કરવાની જરૂર.

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રજૂ કરવામાં આવી રહેલા આર્થિક સર્વેક્ષણમાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં GDP વૃદ્ધિ દર ૬.૩ ટકાથી ૬.૮ ટકાની વચ્ચે રહેવાનો અંદાજ છે, જે છેલ્લા ૪ વર્ષનો સૌથી ઓછો વિકાસ દર હેવાની ધારણા છે. ગયા વર્ષે, ૨૨ જુલાઈ ૨૦૨૪ ના રોજ આર્થિક સર્વેક્ષણમાં, ચાલુ નાણાકીય વર્ષ માટે GDP વૃદ્ધિ દર ૬.૫ ટકાથી ૭ ટકાની વચ્ચે રહેવાનો અંદાજ હતો.

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં ૨૦૨૪-૨૫ માટે આર્થિક સર્વે રજૂ કર્યો છે, જે દેશના આર્થિક સ્વાસ્થ્યનો હિસાબ છે. આર્થિક સર્વેક્ષણ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં GDP વૃદ્ધિ દર ૬.૩ ટકાથી ૬.૮ ટકાની વચ્ચે રહેવાનો અંદાજ છે. આર્થિક સર્વેક્ષણ મુજબ, ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવા માટે, આગામી એક થી બે દાયકા સુધી આર્થિક વિકાસ દર ૮ ટકાના દરે જાળવી રાખવો પડશે. આર્થિક સર્વેક્ષણ મુજબ, ૨૦૪૭ માં દેશની સ્વતંત્રતાના શતાબ્દી વર્ષ સુધીમાં વિકસિત દેશ બનવાની આર્થિક આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે, ભારતને એક કે બે દાયકા સુધી સરેરાશ ૮ ટકાનો GDP વૃદ્ધિ દર હાંસલ કરવાની જરૂર છે.

જોકે, એ નોંધવું મહત્વપૂર્ણ છે કે રાજકીય અને આર્થિક પરિસ્થિતિઓ સહિત વૈશ્વિક પરિસ્થિતિઓ ભારતના આર્થિક વિકાસ પરિણામોને અસર કરશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં ૨૦૨૪-૨૫ માટે આર્થિક સર્વે રજૂ કર્યો છે, જે દેશના આર્થિક સ્વાસ્થ્યનો હિસાબ છે. આર્થિક સર્વેક્ષણ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં GDP વૃદ્ધિ દર ૬.૩ ટકાથી ૬.૮ ટકાની વચ્ચે રહેવાનો અંદાજ છે. પીટીઆઈએ આ માહિતી આપી છે. આર્થિક સર્વેક્ષણમાં રોજગાર પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અસર અંગે ચેતવણી આપવામાં આવી છે.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં GDP વૃદ્ધિ દરમાં ઘટાડા માટે બાહ્ય પડકારોને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. આ સર્વેમાં નિકાસમાં ઘટાડા વિશે પણ વાત કરવામાં આવી છે. આર્થિક સર્વેક્ષણમાં ચીન પર ઉત્પાદન ક્ષેત્રની નિર્ભરતા પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ સર્વેમાં ઉદ્યોગોના નિયંત્રણમુક્તિ પર ભાર મૂકવામાં આવ્યો છે. આર્થિક સર્વે અનુસાર, જીએસટી કલેક્શન આગામી નાણાકીય વર્ષમાં ૧૧ ટકા વધી રૂ. ૧૦.૬૨ લાખ કરોડે પહોંચશે. સર્વેમાં નીતિગત સુધારાઓ અને આર્થિક સ્થિરતાની દિશામાં સરકારના પ્રયાસો રેખાંકિત કરે છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે જીડીપી ગ્રોથ ૬.૫ ટકા રહેવાનો અંદાજ આપ્યો છે, જ્યારે વર્લ્ડ બેંકે ૬.૭ ટકા રહેવાનો અંદાજ આપ્યો છે. પીએમઆઈ સતત ૧૪મા મહિને વધ્યો છે. સર્વિસ સેક્ટર મજબૂતાઈ સાથે આગળ વધી રહ્યું છે. પરંતુ મેન્યુફેક્ચરિંગ ગતિવિધિઓ નબળી પડી છે. કુલ ત્ફછએ નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિકમાં મહામારી પૂર્વેની સ્થિતિ પરત મેળવી છે.

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ માસમાં સર્વિસ સેક્ટરનો ગ્રોથ ૭.૧ ટકા નોંધાયો છે. જુલાઈ-નવેમ્બર, ૨૦૨૪માં કેન્દ્ર સરકારનો મૂડી ખર્ચ ૮.૨ ટકા વધ્યો છે. જેમાં વધારો થવાની શક્યતા છે. સ્થિર કિંમતો પર ગુડ્સ અને સર્વિસની નિકાસ પણ છ માસમાં ૫.૬ ટકા વધી છે. આયાત પણ ૦.૭ ટકા વધી છે.

### મોદીએ બજેટ સત્ર પહેલાં કહી મહત્ત્વની વાતો

## બજેટ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરશે

। નવી દિલ્હી, તા.૩૧ ।

આજથી સંસદનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'બજેટ સત્ર પહેલા હું ધન અને સમૃદ્ધિની દેવી લક્ષ્મીજીને નમન કરું છું.' આ દરમિયાન પીએમ મોદી સંસદ સંકુલ પહોંચ્યા અને કહ્યું કે આ બજેટ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરશે. આ બજેટ સત્રમાં ઘણા ઐતિહાસિક બિલોમાં સુધારા પર ચર્ચા કરવામાં આવશે. આ બજેટ સત્રમાં ઘણા મહત્વના નિર્ણયો લેવામાં આવશે.વધુમાં વડાપ્રધાન મોદીએ બજેટ સત્રની શરૂઆત પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તે વિદેશી શક્તિઓ પર નિશાન સાધ્યું છે, જેઓ છેલ્લા ઘણા સમયથી ભારતીય અર્થવ્યવસ્થાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪ પછી આ પહેલું સત્ર બનવા જઈ રહ્યું છે જ્યારે સત્રની શરૂઆતના થોડા દિવસો પહેલા કોઈ વિદેશી સ્પાર્ક ઉભો થયો નથી અને વિદેશમાંથી આગ લગાડવાનો કોઈ પ્રયાસ થયો નથી. ૨૦૧૪ થી હું જોઈ રહ્યો છું કે દરેક સત્ર પહેલા કેટલાક લોકો તોફાન કરવા તૈયાર બેસી જાય છે. આ પહેલું સત્ર છે જેમાં આ પહેલા આવું કંઈ બન્યું નથી. વિદેશથી સ્પાર્કને ચાહનારા લોકોની કમી નથી.



૨૦૧૪ થી હું લોકોને દરેક સત્ર પહેલા તોફાન કરવા તૈયાર બેઠેલા જોઉં છું અને અહીં વેન્ટિલેટરની પણ કોઈ કમી નથી. આ પહેલી સિઝન છે કે તેમાં કોઈ વિદેશી સ્પાર્ક દેખાતો નથી.

પીએમ મોદીએ કહ્યું, 'હું પ્રાર્થના કરું છું કે દેવી લક્ષ્મી આપણા દેશના ગરીબ અને મધ્યમ વર્ગ પર આશીર્વાદ આપતા રહે. ભારતે લોકતાંત્રિક રાષ્ટ્ર તરીકે ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે તે ખૂબ જ ગર્વની વાત છે. ભારતે વૈશ્વિક સ્તરે પોતાની જાતને સારી રીતે સ્થાપિત કરી છે. મારા ત્રીજા કાર્યકાળનું આ પ્રથમ પૂર્ણ બજેટ છે. આ સાથે પીએમ મોદીએ કહ્યું, 'હું વિશ્વાસ સાથે કહી શકું છું કે ૨૦૪૭માં જ્યારે ભારત આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા કરશે ત્યારે ભારત વિકસિત ભારતનું લક્ષ્ય પૂરું કરશે અને આ બજેટ દેશને નવી ઉર્જા અને આશા આપશે.'

## મણિપુરને સળગાવવામાં પન્નુનો પણ હાથ, મુસ્લિમ-ખ્રિસ્તીઓને ભડકાવ્યા

। મણિપુર, તા.૩૧ ।

ખાલિસ્તાની આતંકવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસ પર ૫ વર્ષના પ્રતિબંધને દિલ્હી હાઈકોર્ટની ટ્રિબ્યુનલે મંજૂરી આપી દીધી છે. ગૃહ મંત્રાલય દ્વારા જુલાઈ ૨૦૨૦માં પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. આ સિવાય સંગઠનના નેતા ગુરપતવંત સિંહ પન્નુને પણ આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો. હવે આ પ્રતિબંધ વધુ ૫ વર્ષ માટે લંબાવવામાં આવ્યો છે. ટ્રિબ્યુનલ સમક્ષ સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારે કેટલાક તથ્યો પણ રજૂ કર્યા છે, જેમાં શીખ ફોર જસ્ટિસે મણિપુરમાં ખ્રિસ્તી સમુદાયના લોકોને ભારતથી અલગ થવા માટે ઉશ્કેર્યા હોવાનું કહેવાય છે.

## પોન્ટૂન બ્રિજ તૂટી ગયો; ઘણા શ્રદ્ધાળુઓ દટાયા

। પ્રયાગરાજ, તા. ૩૧ ।

પ્રયાગરાજ મહાકુંભમાં વધુ એક અકસ્માત થયો છે. શુક્રવારે બપોરે, સંગમ વિસ્તારની બહાર ફાફામાઉ વિસ્તારમાં ગંગા નદી પર બનેલો પોન્ટૂન પુલ અચાનક તૂટી પડ્યો. પુલ તૂટી પડવાથી ઘણા લોકો દટાયા હોવાની શક્યતા છે. હાલમાં ઘટનાસ્થળ પર પરિસ્થિતિ ગંભીર છે. પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો બચાવ કામગીરીમાં રોકાયેલી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૨૯ જાન્યુઆરીએ મૌની અમાવસ્યા સ્નાનના દિવસે સંગમ વિસ્તારમાં ભાગદોડ થવાથી ૩૦ શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને ૬૦ લોકો ઘાયલ થયા હતા. મૌની અમાવસ્યાના દિવસથી મહાકુંભમાં ભારે ભીડ ઉમટી પડી છે.

## બજેટ પહેલા શેર બજાર ચમક્યું | સેન્સેક્સ ૭૪૧ તો નિફ્ટી ૨૫૯ અંકની તેજી સાથે બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૩૧ ।

શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ૭૪૦.૭૬ પોઈન્ટ વધીને ૭૭,૫૦૦.૫૭ પર બંધ થયો. જ્યારે એનએસઈનો નિફ્ટી ૫૦ પણ ૨૫૮.૯૦ પોઈન્ટના વધારા સાથે ૨૩,૫૦૮.૪૦ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે ગઈકાલે ગુરુવારે પણ શેરબજાર લીલા નિશાનમાં બંધ થયું હતું. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીના નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે દેશનું બજેટ રજૂ કરશે. નાણામંત્રીએ આજે બજેટ રજૂ કરતા પહેલા સંસદમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે આર્થિક સર્વે રજૂ કર્યો. આ સમયગાળા દરમિયાન ભારતીય શેરબજારે વેગ પકડ્યો અને શાનદાર વધારા સાથે ટ્રેડિંગ બંધ કર્યું. મહિનાના છેલ્લા દિવસે શેરબજાર વધારા સાથે ખુલ્યું અને મોટા વધારા સાથે બંધ થયું. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ૭૪૦.૭૬ પોઈન્ટ (૦.૯૭%) વધીને ૭૭,૫૦૦.૫૭ પર બંધ થયો. જ્યારે એનએસઈનો નિફ્ટી ૫૦ પણ ૨૫૮.૯૦ પોઈન્ટ (૧.૧૧%) ના વધારા સાથે ૨૩,૫૦૮.૪૦ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે ગઈકાલે ગુરુવારે પણ શેરબજાર લીલા નિશાનમાં બંધ થયું હતું. શુક્રવારે સેન્સેક્સની ૩૦ માંથી ૨૪ કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા, જ્યારે બાકીની ૬ કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ રંગમાં બંધ થયા હતા. એ જ રીતે નિફ્ટી ૫૦ માં ૫૦ માંથી ૪૪ કંપનીઓના શેર ગ્રીન ઝોનમાં વધારા સાથે બંધ થયા હતા જ્યારે બાકીની ૬ કંપનીઓના શેર રેડ ઝોનમાં નુકસાન સાથે બંધ થયા હતા. આજે સેન્સેક્સ કંપનીઓમાં લાર્સન એન્ડ ટુબ્રોના શેર સૌથી વધુ ૪.૩૭ ટકાના વધારા સાથે બંધ થયા, જ્યારે ITC હોટેલ્સના શેર સૌથી વધુ ૨.૯૮ ટકાના ઘટાડા સાથે બંધ થયા. આજે સેન્સેક્સમાં લિસ્ટેડ અન્ય કંપનીઓમાં નેસ્લે ઈન્ડિયાના શેર ૪.૨૫ ટકા, ઈન્ડસઈન્ડ બેંક ૩.૬૬ ટકા, ટાઈટન ૩.૫૯ ટકા, ટાટા મોટર્સ ૨.૭૩ ટકા, ટાટા સ્ટીલ ૨.૬૭ ટકા, ITC ૨.૫૧ ટકા, મારુતિ સુઝુકી ૨.૪૯ ટકા, હિન્દુસ્તાન યુનિલિવર ૨.૪૮ ટકા વધ્યા હતા. પાવર ગ્રીડ ૨.૨૯ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૨૩ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૦૬ ટકા, ઝોમેટો ૧.૪૬ ટકા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૧.૪૩ ટકા, ઈન્ફોસિસ ૧.૨૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૯૭ ટકા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૦.૯૦ ટકા, સન ફાર્મા ૦.૮૮ ટકા, ટેક મહિન્દ્રા ૦.૮૧ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૭૨ ટકા અને TCS ના શેર ૦.૧૮ ટકાના વધારા સાથે બંધ થયા. આજે ભારતી એરટેલના શેરમાં ૦.૭૬ ટકા, બજાજ ફિનસર્વમાં ૦.૪૩ ટકા, બજાજ ફાઈનાન્સમાં ૦.૧૭ ટકા, ICICI બેંકમાં ૦.૧૪ ટકા અને કોટક મહિન્દ્રા બેંકના શેરમાં ૦.૦૬ ટકાનો ઘટાડો થયો હતો.

## અમેરિકી સેનેટમાં જય શ્રી કૃષ્ણ કહી કાશ પટેલે જીત્યું દિલ

### ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય મૂળના કાશ પટેલને ફેડરલ તપાસ એજન્સી FBIના નવા ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧ ।

અમેરિકાની સર્વોચ્ચ તપાસ એજન્સી FBIના અધ્યક્ષ બનેલા કાશ પટેલનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. અમેરિકાની ધરતી પર રહીને આટલા ઉચ્ચ પદે પહોંચ્યા બાદ પણ પોતાના સંસ્કાર ન ભૂલનારા કાશ પટેલની ચારેતરફ પ્રશંસા થઈ રહી છે. તેમણે અમેરિકામાં માતા પિતાને પગે લાગીને પદ સંભાળ્યું છે. તેઓ FBI ચીફ પદ માટેના કન્ફર્મેશન હિયરિંગમાં પહોંચ્યા હતા. જ્યાં પહોંચતા જ સૌથી પહેલા માતા-પિતાને પગે લાગ્યા હતા. આ સાથે બહેનને પણ ગળે મળ્યા હતા. ત્યારબાદ તેઓ સેનેટની જ્યુડિશિયલ કમિટી સામે બેઠા હતા. જેમા સંબોધન કરતા પહેલા માતા પિતાનો પરિચય કરાવ્યો હતો અને જયશ્રીકૃષ્ણ કહીને તેમનું અભિવાદન કર્યું હતું. વિદેશી ધરતી પર



પોતાના સંસ્કારોને સાથે લઈને ચાલનારા કાશ પટેલની પ્રશંસા થઈ રહી છે. મહત્વનું છે કે, કાશ પટેલનું મૂળ નામ કશ્યપ પટેલ છે. તેમનો પરિવાર મૂળ વડોદરાનો નિવાસી છે. ૧૯૭૦માં તેમનો પરિવારે અમેરિકા ગયો હતો. જોકે અમેરિકામાં જન્મેલા કાશ પટેલ આજે સૌથી મોટી તપાસ એજન્સીના વડા બન્યા છે. તેઓ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અત્યંત નજીકના માનવામાં આવે છે. અમેરિકાના ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (FBI)ના ડિરેક્ટર પદ માટે ભારતીય મૂળના કાશ પટેલની સેનેટ સમક્ષ રજૂ થયા હતા. સેનેટ સમક્ષ સુનાવણી પહેલા કાશ પટેલે ભારતીય પરંપરા મુજબ પોતાના માતા-પિતાના ચરણ સ્પર્શ કરીને તેમના આશીર્વાદ લીધા હતા. પછી તેની બહેનને ગળે મળ્યા હતા. તેમની આ સ્ટાઈલ જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. કારણ કે આ પહેલીવાર છે જ્યારે કોઈએ સેનેટની સામે તેના માતા-પિતાના પગને સ્પર્શ કર્યો હોય. તેના આ સંસ્કારી પગલાની સોશિયલ મીડિયા પર ખૂબ પ્રશંસા થઈ રહી છે. એફબીઆઈ ચીફના પદ માટે નોમિનેટ થયેલા કાશ પટેલ જ્યારે કન્ફર્મેશન હાયરિંગ માટે સેનેટ જ્યુડિશિયરી કમિટી સમક્ષ હાજર થયા ત્યારે તેમણે પોતાના માતા-પિતાનો પણ ખાસ રીતે પરિચય કરાવ્યો હતો.

## મહાકુંભથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓને નડ્યો અકસ્માત

। ગાઝીપુર,તા.૩૧ ।

ઉત્તર પ્રદેશના ગાઝીપુરમાં એક મોટો અકસ્માત થયો છે, જેમાં ૮ લોકોના મોત થયા છે. આ અકસ્માત શુક્રવારે વારાણસી-ગાઝીપુર-ગોરખપુર ફોર-લેન પર થયો હતો. મહાકુંભથી પરત ફરી રહેલા ભક્તોને લઈ જતી પિકઅપ ગાડીનો એક્સલ અચાનક તૂટી ગયો. આ કારણે, પિકઅપમાં સવાર લોકો રસ્તા પર પડી ગયા, અને પાછળથી આવી રહેલા ઝડપી ગતિવાળા ટ્રકે તેમને કચડી નાખ્યા. ઘટનાની માહિતી મળતા જ પોલીસ અને વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

### સાત ધારાસભ્યોએ AAPમાંથી આપ્યું રાજીનામું

## દિલ્હી ચૂંટણી પહેલા અરવિંદ કેજરીવાલને સૌથી મોટો ઝટકો

### રાજેશ ઋષિના રાજીનામાંથી પક્ષમાં મચેલો હાહાકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલાં આમ આદમી પાર્ટીના સાત ધારાસભ્યોએ એકસાથે રાજીનામાં મુકતા દિલ્હીના રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. જેમાં ત્રિલોકપુરીના ધારાસભ્ય રોહિત મહરોલિયા, જનકપુરીના ધારાસભ્ય રાજેશ ઋષિ, કસ્તૂરબા નગરમાંથી મદનલાલ, પાલમ ધારાસભ્ય ભાવના ગૌડ, મહરોલીમાંથી નરેશ યાદવ, આદર્શ નગરમાંથી પવન શર્મા અને બિજવાસનમાંથી બીએસ જૂન સામેલ છે. આમ આદમી પાર્ટી દ્વારા અમુક ધારાસભ્યોની ટિકિટ કપાતાં તેઓ નારાજ થયાં હોવાના અહેવાલો છે. જનકપુરીના બે વખત ધારાસભ્ય રહી ચૂકેલા રાજેશ ઋષિએ રાજીનામું આપ્યું છે. ટિકિટ કપાતાં નારાજ રાજેશ ઋષિએ પક્ષના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલને રાજીનામું મોકલી આરોપ મૂક્યો હતો કે, પક્ષ મૂળ સિદ્ધાંતોને છોડી ભ્રષ્ટાચારમાં ઓતપ્રોત થયો છે. દિલ્હીની મહરોલી વિધાનસભા બેઠકમાંથી ધારાસભ્ય નરેશ યાદવે પણ પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે.

## સોનિયા ગાંધીએ રાષ્ટ્રપતિ મુર્મુને કહ્યું Poor Lady

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

સંસદના બજેટ સત્રના પહેલા દિવસે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંયુક્ત ગૃહને સંબોધિત કર્યું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૫૯ મિનિટના પોતાના આ સંબોધનમાં સરકારની ઉપલબ્ધિઓ ગણાવી હતી. જોકે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું આ સંબોધન વિપક્ષને પસંદ ન આવ્યું હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે રાષ્ટ્રપતિના સંબોધન પર કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધીએ એક એવી ટિપ્પણી કરી, જેના કારણે ભારે વિવાદ સર્જાઈ શકે છે. સંસદ પરિસરમાં જ્યારે પત્રકારોએ તેમને સવાલ પૂછ્યો ત્યારે સોનિયા ગાંધીએ રાષ્ટ્રપતિને 'Poor Lady' એટલે કે બીચારી મહિલા કહ્યા હતા. તેમણે કહ્યું કે, 'સંબોધન દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ઘણા થાકી ગયા હતા. તેઓ માંડ માંડ બોલી શકતા હતા.' ગૃહમાંથી બહાર નીકળતી વખતે સોનિયા ગાંધીની સાથે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત કેટલા કોંગ્રેસના નેતાઓ હાજર હતા. આ દરમિયાન તેઓ કોઈ મુદ્દા પર વાત કરી રહ્યા હતી અને હસી રહ્યા હતા. જ્યારે તેમને પત્રકારોએ પૂછ્યું કે રાષ્ટ્રપતિના સંબોધન પર તમારી પ્રતિક્રિયા શું છે? ત્યારે વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિના સંબોધનને કંટાળાજનક કહ્યું હતું.

## કોંગ્રેસના શાહી પરિવારે રાષ્ટ્રપતિનું અપમાન કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

દિલ્હીમાં પાંચમી ફેબ્રુઆરીએ વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, જેને ધ્યાને રાખી તમામ પક્ષોના નેતાઓ અને ઉમેદવારો જોરશોરથી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. આ જ ક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના દ્વારકા વિસ્તારમાં ચૂંટણી સભા સંબોધી હતી, જેમાં તેમણે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા છે. સોનિયા ગાંધી દ્વારા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને પુઅર લેડી એટલે કે બિચારી મહિલા કહેવા મુદ્દે વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, 'કોંગ્રેસના શાહી પરિવારે રાષ્ટ્રપતિ મુર્મૂનું અપમાન કર્યું છે. વડાપ્રધાને કોંગ્રેસને આડે હાથ લેતા કહ્યું કે, 'આપણા સન્માનનિય રાષ્ટ્રપતિએ આજે સંસદમાં સંબોધન કર્યું હતું. તેમણે વિકસીત ભારતના વિઝન અંગે માહિતી આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ઓડિશાના જંગલોમાંથી રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચ્યા છે. તેમની માતૃભાષા હિંદી નથી, પરંતુ તેઓ ઉડિયા ભાષા બોલીને મોટા થયા છે. તેમની માતૃભાષા હિન્દી નથી, છતાં તેમણે સંસદમાં શ્રેષ્ઠ સંબોધન કર્યું. જોકે કોંગ્રેસનો શાહી પરિવાર તેમનું અપમાન કરી રહ્યો છે.' મોદીએ કહ્યું કે, કોંગ્રેસના શાહિ પરિવારના સભ્યએ કહ્યું કે, આદિવાસી પુત્રીએ કંટાળાજનક ભાષણ આપ્યું.

ન્યૂઝ બ્રિફ

## RTE હેઠળ પ્રવેશ પામેલ બાળકને હેરાન કરવાનો આક્ષેપ

। (એજન્સી) આણંદ, તા.૩૧ ।

આણંદની લયા સ્કૂલ વિરુદ્ધ વાલીઓએ આણંદ કલેક્ટરને આવેદનપત્ર આપીને ગંભીર આક્ષેપો કર્યા છે. વાલીઓના જણાવ્યા અનુસાર, RTE હેઠળ શાળામાં પ્રવેશ મેળવનાર તેમના બાળકને શાળા દ્વારા સતત હેરાન કરવામાં આવ્યો હતો. વાલીઓએ જણાવ્યું કે તેમનું બાળક ભણવામાં નબળું હોવાથી શાળાના શિક્ષકો અને સ્ટાફ તેને વારંવાર ઠપકો આપતા હતા અને તેના કારણે બાળકનું મનોબળ તૂટી ગયું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે છેલ્લા ૨ વર્ષથી આ પ્રકારનું હેરાનગતિ ચાલતી હતી અને જેના કારણે બાળકની માનસિક સ્થિતિ પર ખરાબ અસર પડી હતી. આખરે કંટાળીને વાલીઓએ બાળકને અન્ય ખાનગી શાળામાં દાખલ કરાવ્યું. શાળા બદલતા જ બાળકના પરિણામમાં ચમત્કારિક સુધારો જોવા મળ્યો. આનંદાલયમાં સ્કૂલમાં જ્યાં બાળકને ૭ ગ્રેડ આવતો હતો, ત્યાં નવી શાળામાં ૬ મહિનામાં જ તેણે ટોપ કર્યું. વાલીઓએ શાળાના આ પ્રકારના વર્તન સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે અને અન્ય બાળકો સાથે પણ આવું ન થાય તે માટે યોગ્ય પગલાં લેવાની અપીલ કરી છે.

## દાહોદ પોલીસે ડ્રોનની મદદથી ચોરને ઝડપ્યો

। (એજન્સી) દાહોદ, તા.૩૧ ।

હવે ગુજરાતમાં પોલીસે ગુનાખોરીને ડામવા માટે ડ્રોનનો પણ ઉપયોગ કરી રહી છે. ત્યારે દાહોદમાં પણ પોલીસે ટેકનોલોજીનો ઉપયોગ કરીને ચોરને ઝડપી પાડ્યો છે. દાહોદ LCB પોલીસે મંદિરમાંથી ચાંદીના દાગીનાની ચોરી કરનારને ડ્રોનની મદદથી સકંજામાં લઈ લીધો છે. ખુલ્લા ખેતરમાં ચોર પોલીસ વચ્ચે પકડદાવના દ્રશ્યો ડ્રોન કેમેરામાં કેદ થયા હતા. પોલીસ આવી હોવાની જાણ થતાં જ ચોર ખુલ્લા ખેતર તરફ દોટ મુકે છે. પરંતુ પોલીસે ડ્રોન કેમેરા થકી તેના પર બાજ નજર રાખી રહી હતી. ચોર પૂરપાટ વેગે ખેતરમાં દોટ મુકી નાસવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે પોલીસે આરોપીને પકડી પાડ્યો હતો.દાહોદ પોલીસે જે રીતે ટેકનોલોજીનો ઉપયોગ કરી ચોરને પકડી પાડ્યો તે બદલ ગૃહપ્રધાન હર્ષ સંઘવી અને DGPએ દાહોદ પોલીસને અભિનંદન પાઠવ્યા છે. હર્ષ સંઘવીએ જણાવ્યું કે ડ્રોન અને ટેકનોલોજીની મદદથી ગુનાઓ ઉકેલવામાં પોલીસને સફળતા મળી રહી છે. દાહોદ પોલીસે ટેકનોલોજીના ઉપયોગનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે.તસ્કરોએ દાહોદના ઝાલોદ તાલુકાના વરોડ ગામના સોમેશ્વર મહાદેવ મંદિરમાં હાથફેરો કરી ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. જે બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી.

### ગુજરાતના મુખ્ય સચિવ તરીકે પદભાર પદભાર સંભાળતા પંકજ જોષી

# “વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત”ની દિશામાં કામ કરવું તે અમારી પ્રાથમિકતા રહેશે : મુખ્ય સચિવ પંકજ જોષી

। ગાંધીનગર, તા.૩૧ ।

ગુજરાતના મુખ્ય સચિવ તરીકે વરિષ્ઠ સનદી અધિકારી શ્રી પંકજ જોષીએ આજે ગાંધીનગર ખાતે પદભાર સંભાળ્યો હતો. રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમાર વય નિવૃત્ત થતાં તેમની પાસેથી મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષીએ મુખ્ય સચિવ શ્રી તરીકે ચાર્જ સંભાળ્યો હતો.

મુખ્ય સચિવ શ્રી જોષીને આ પ્રસંગે પૂર્વ મુખ્ય સચિવ શ્રી રાજકુમારે નવીન જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્ય સચિવ શ્રી જોષીએ મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, એફ. ડી.આઈ ઈન્વેસ્ટમેન્ટ સહિત અનેક ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે. ભારતમાં ગુજરાત રાજ્ય ગ્રોથ એન્જીન ઓફ ઈન્ડિયા તરીકે ઓળખાય છે. છેલ્લા અઢી દાયકામાં ગુજરાત રાજ્યનો અગ્રીમ વિકાસ થયો છે, અને આવનારા સમયમાં પણ ગુજરાતનો વિકાસ વધુ ઝડપથી થાય તે અમારી પ્રથમ પ્રાથમિકતા રહેશે. ભારત



સરકાર અને ગુજરાત સરકારનું એક જ વિઝન રહ્યું છે, ‘આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત’ના વિઝનને સાકાર કરવા અનેક પ્રયત્નો કરવા સરકાર સતત પ્રયત્નશીલ રહેશે તેમ જણાવી મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ‘વિકસિત ગુજરાત ૨૦૪૭’ વિઝન ડોકયુમેન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ વિઝન ડોકયુમેન્ટ બે થીમ પર આધારિત છે, અર્નીંગ વેલ અને લીવિંગ વેલ આ બંને થીમને ધ્યાને રાખીને રોડ મેપ તૈયાર કરવામાં આવશે. આ સાથે વય નિવૃત્ત થતાં ગુજરાતના મુખ્ય સચિવ શ્રી રાજકુમારને રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીશ્રીઓ તેમજ વિવિધ વિભાગોના વડા-અધિકારીઓએ ભાવભરી વિદાય આપીને સુખમય અને સ્વસ્થ નિવૃત્તિ જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સામાન્ય વહીવટ વિભાગ અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાણી, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, અધિક મુખ્ય સચિવ શ્રી જયંતી રવિ, અધિક મુખ્ય સચિવ શ્રી જે.પી. ગુપ્તા, અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર સહિત વિવિધ સનદી અધિકારીશ્રીઓએ શ્રી રાજકુમાર સાથે તેમને કરેલા કાર્યોના સ્મરણ યાદ કરીને તેમની વહિવટી કુશળતાને બિરદાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મૂળ ઉત્તરપ્રદેશના વતની શ્રી પંકજ જોષી વર્ષ ૧૯૮૯માં ગુજરાત કેડરમાં ભારતીય સનદી અધિકારી તરીકે જોડાયા હતા. શ્રી જોષીએ સિવિલ ઈજનેરીમાં બી.ટેક. તેમજ જળ ક્ષેત્રે એમ. ટેક.નો અભ્યાસ કર્યો છે.

### વિદેશ મોકલવાના બહાને

## યુવાનો સાથે રૂપિયા ૧.૩૧ કરોડની છેતપિંડી કરનાર ઠગ દંપતિ ઝડપાયું

### કલોલ અને ઇસનપુર પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ બાદ દંપતિને મહારાષ્ટ્રથી ઝડપી લેવાયું : પુછપરછ દરમિયાન હજુ ચોંકાવનારી વિગતો બહાર આવશે

। (એજન્સી) કલોલ, તા.૩૧ ।

કલોલના પંચવટી વિસ્તારમાં રહેતા યુવક સાથે અમદાવાદના દંપત્તિએ છેતરપિંડી કરી હતી વિદેશ મોકલવાનું કામ કરતા દંપત્તિએ યુવક પાસે ૧૬ લાખ જેવી માતબર રકમ લઈને યુવકને વિદેશ નહીં મોકલી છેતરપિંડી કરી હતી જેની પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી દંપત્તિને મહારાષ્ટ્રમાંથી ઝડપી લેવામાં આવ્યું હતું પોલીસે તપાસ કરતા આ દંપત્તિએ વિદેશ જવા ઈચ્છુક લોકો પાસેથી રૂપિયા ૧ કરોડ ૩૧ લાખ ૪૦ હજાર પડાવ્યા હતા અને આ દંપત્તિ સામે કલોલ તથા અમદાવાદના ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા હોવાની હકીકત મળી હતી.આ બાબતે મળતી વિગતો અનુસાર કલોલ શહેરના પંચવટી વિસ્તારમાં રહેતા યુવકને વિદેશ જવું હતી તેણે જાહેરાતના આધારે વિદેશ મોકલવાનું અને વિઝાનું કામ કરતા જીગ્નેશ ભાઉશેઠ રાઠોડ અને તેની સાથે કામ કરતી તેની પત્ની જયા જીગ્નેશ રાઠોડનો સંપર્ક કર્યો તો આ બંને જણા ચાંદખેડામાં ઓફિસ ચલાવતા હતા અને ઓફિસમાં તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેઓએ ઓસ્ટ્રેલિયાના વિઝીટર વિઝા અને ત્યારબાદ વર્ક પરમીટ અપાવવાની વાત કરી હતી અને તે પેટે દંપત્તિએ આ યુવક પાસેથી ૧૬ લાખ લીધા હતા અને કડીમાં રહેતા તેના મિત્રો પાસેથી પણ મોટી રકમ લેવામાં આવી હતી પણ યુવકના કાયદેસરના વિઝા થયા ન હતા અને તેની સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી તેમજ કડીના મિત્રો સાથે પણ છેતરપિંડી આચરવામાં આવી હતી. જે અંગે યુવકે કલોલ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેના આધારે કલોલ શહેર પોલીસ મથકના પીએસઆઈ અને ગાંધીનગર એલસીબી પોલીસની ટીમ દ્વારા આરોપીઓને ઝડપી લેવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી અને મહારાષ્ટ્રના જલગાવમાંથી દંપત્તિને ઝડપી લેવામાં આવ્યું હતું. દંપત્તિને જેલના સળિયા પાછળ ધકેલીને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે આ દંપત્તિ સામે કલોલ તેમજ અમદાવાદના ઈસનપુર પોલીસ સ્ટેશનમાં પણ છેતરપિંડીના ગુના નોંધાયા હોવાની હકીકત સામે આવી હતી.

### કાલાવડના ભાયુ ખાખરીયા ગામે

## નદીએ કપડાં ધોવા ગયેલા મહિલાનું અકસ્માતે ડૂબી જતા મોત

### મોરબી - માળિયા નેશનલ હાઇ-વે પર ટીંબડી પાટિયા પાસે બાઇક સ્લીપ થતા યુવાનનું મોત

। (એજન્સી) જામનગર, મોરબી, તા.૩૧ ।

કાલાવડ તાલુકાના ભાયુ ખાખરીયા ગામમાં રહેતા પ્રૌઢ મહિલાનું નદીમાં પડી જતાં ડૂબી જવાથી મૃત્યુ નીપજ્યું હતું. મોરબી - માળિયા નેશનલ હાઈ-વે પર ટીંબડી પાટિયા પાસે બાઈક સ્લીપ થતાં યુવાનનું મોત થયું હતું.જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ભાયુ ખાખરીયા ગામમાં રહેતા શીલાબા બળદેવસિંહ જાડેજા નામના ૫૮ વર્ષના પ્રૌઢ મહિલા કે ગામની નદીએ કપડાં ધોવા માટે ગયા હતા, જ્યાં અકસ્માતે નદીના પાણીમાં પડી જતાં ડૂબી જવાથી તેઓનું મૃત્યુ નીપજયું હતું.મૂળ હરિયાણાના વતની અને હાલ સિરામિક સીટી મોરબી ૨ ના રહેવાસી યોગેશ બરંજ શર્મા (ઉ.વ.૩૨) પોતાનું ડીલક્ષ મોટરસાયકલ લઈને ઓફિસેથી ઘરે આવતા હતા. ત્યારે મોરબી માળિયા નેશનલ હાઈવે પર ટીંબડી પાટિયા પાસે બાઈક કોઈ કારણોસર સ્લીપ થયું હતું. જેથી બાઈક ચાલક યોગેશ શર્મા પડી જતા ગુપ્ત ભાગ પાસે ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન મોત થયું હતું. મોરબી તાલુકા પોલીસે અકસ્માતના બનાવ મામલે ફરિયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કેબિનેટ મંત્રી રાઘવજી પટેલનો આબાદ બચાવ

## ચોટીલા નજીક કાર અને ટ્રક વચ્ચે ભીષણ ટક્કર

### મળતી માહિતી અનુસાર, રાજ્યનાં કૃષિમંત્રી મંત્રી રાઘવજી પટેલ ગાંધીનગરથી જામનગર જઈ રહ્યા હતા

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૧ ।

રાજ્યના કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ ગાંધીનગરથી જામનગર જઈ રહ્યા હતા. આ દરમિયાન ચોટીલા નજીક તેમની કારને અકસ્માત નડ્યો હતો. જોકે સદનશીબે રાજ્યના કેબિનેટ મંત્રીનો આબાદ બચાવ થયો હતો. આ દુર્ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો અકસ્માત સ્થળ પર પહોંચ્યો હતો.મળતી માહિતી અનુસાર, રાજ્યનાં કૃષિમંત્રી મંત્રી રાઘવજી પટેલ ગાંધીનગરથી જામનગર જઈ રહ્યા હતા. તે દરમિયાન ચોટીલા નજીક તેમની કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારને નુકસાન થયું હતું, પરંતુ રાઘવજી પટેલને ચમત્કારીક બચાવ થયો હતો. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાંફિક જામ થઈ ગયો હતો. મંત્રીની કારને અકસ્માત નડ્યો હોવાની માહિતી મળતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### સુવિધાઓને વધુ આધુનિક અને આરામદાયક બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલુ

## ગુજરાતમાં ટૂંક સમયમાં પાંચ નવી રેલ કોચ રેસ્ટોરન્ટ શરૂ કરવામાં આવશે

### મહેસાણા, સાબરમતી, આંબલી રોડ, ભુજ અને ગાંધીધામ રેલવે સ્ટેશનોના સર્ક્યુલેટિંગ વિસ્તારમાં ‘રેલ કોચ રેસ્ટોરન્ટ્સ’ સ્થાપિત કરવાની તૈયારી ચાલી રહી છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૧ ।

સમગ્ર ગુજરાતમાં ટૂંક સમયમાં પાંચ નવી રેલ કોચ રેસ્ટોરન્ટ શરૂ કરવામાં આવશે. જી હા...પશ્ચિમ રેલવેનું અમદાવાદ ડિવિઝન સાબરમતી, આંબલી રોડ, મહેસાણા, ભુજ અને ગાંધીધામ સ્ટેશન પર આ રેલ કોચ રેસ્ટોરન્ટ શરૂ કરશે. આ વ્હીલ-માઉન્ટેડ રેસ્ટોરાં જૂના, બિનઉપયોગી ટ્રેનના કોચમાંથી બનાવવામાં આવશે. તે ઈન્ડોર અને આઉટડોર બંને બેઠકો હશે.

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં રેલ કોચ રેસ્ટોરાં બનાવવા જઈ રહ્યું છે. પ્રવાસીઓની સુવિધાઓને વધારવા માટે ‘રેલ કોચ રેસ્ટોરાં’ શરૂ કરવા જઈ રહ્યું છે. આ અનોખી સુવિધાઓમાં ઈન્ડોર અને આઉટડોર બંને પ્રકારના ભોજનનો વિકલ્પ હશે,’’ જે બિન ઉપયોગી ટ્રેન કોચને સ્ટાઈલિશ, વ્હીલ-માઉન્ટેડ રેસ્ટોરાં રૂપાંતરિત કરશે.’’ રેલ કોચ રેસ્ટોરાં ૨૪ કલાક કાર્યરત રહેશે, જે પ્રવાસીઓ અને શહેરના આસપાસના વિસ્તારોના રહેવાસીઓને ભોજન પૂરું પાડશે. આ ઉપરાંત, ટેક-અવે કાઉન્ટર્સ સુવિધા ઉમેરશે, જેનાથી મુસાફરો હરતા-ફરતાં ઝડપથી ઓર્ડર આપી શકશે. અમદાવાદ ડિવિઝનના અધિકારીના જણાવ્યાનુસાર આ પહેલનો ઉદ્દેશ પ્રવાસીઓને વૈભવી કોચમાં સ્વાદિષ્ટ ભોજનનો અનુભવ પૂરો પાડવાનો પ્રયાસ કરવામાં આવશે. રેલવેના નવીન અભિગમના ભાગરૂપે જૂના કોચમાં અત્યાધુનિક ડિઝાઈન, એટેચ કિચનવાળી રેસ્ટોરાં હશે. રેલ કોચ રેસ્ટોરાંમાં ફૂડપ્રેમીઓને શ્રેષ્ઠ અનુભવ સુનિશ્ચિત કરાવનાર હશે. સમગ્ર પર્યાવરણને અનુકૂળ વાતાવરણને વધારવા માટે બાળકો માટે એક ફન ઝોનનો પણ સમાવેશ કરવામાં આવશે.

### રાજકોટમાં TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે મોટા સમાચાર

## ગુજરાત હાઈકોર્ટે આરોપી ત્રણ સરકારી કર્મચારીઓના જામીન મંજૂર કર્યા

### સત્તાધીશો અને ટીઆરપી ગેમ ઝોનના માલિકોની મિલીભગતથી રાજકોટમાં ઈતિહાસનો સૌથી દર્દનાક અગ્નિકાંડ સર્જાયો હતો

। (એજન્સી) રાજકોટ, તા.૩૧ ।

રાજકોટમાં TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટે આરોપી ત્રણ સરકારી કર્મચારીઓના જામીન મંજૂર કર્યા છે. હાઈકોર્ટે ATP રાજેશ મકવાણા અને રાજકોટ મનપાના પૂર્વ ATP ગૌતમ જોષીના જામીન મંજૂર કર્યા છે. જો કે, આરોપી મનસુખ સાગઠિયા, ઈલેશ ખેર, એન્જિનિયર જયદીપ ચૌધરી, જમીન માલિક આરોપી અશોકસિંહ જાડેજા અને કિરીટસિંહ જાડેજાના જામીન નામંજૂર કર્યા છે. સત્તાધીશો અને ટીઆરપી ગેમ ઝોનના માલિકોની મિલીભગતથી રાજકોટમાં ઈતિહાસનો સૌથી દર્દનાક અગ્નિકાંડ સર્જાયો હતો. જેમાં ૨૭ નિર્દોષ લોકોના મૃત્યુ નીપજ્યા હતા. ભ્રષ્ટાચાર આ માટે મુખ્ય કારણ હતો. ટીઆરપી ગેમ ઝોનમાં ભીષણ આગ મામલે પોલીસે ટીઆરપી ગેમ ઝોનના માલિક યુવરાજ સિંહ, પ્રકાશ સોલંકી સહિત કુલ ૬ લોકો સામે એફઆઈઆર નોંધી હતી. અગ્નિકાંડ મામલે આઈપીસીની કલમ ૩૦૪, ૩૦૮, ૩૩૭, ૩૩૮ અને ૧૧૪ હેઠળ ફરિયાદ દાખલ કરાઈ હતી. આ મામલે પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૧૦ જેટલાં આરોપીઓનીધરપકડકરીલેવામાંઆવીહતી.અગ્નિકાંડના સાપરાધ મનુષ્યવધના ગુનાના આરોપી સસ્પેન્ડેડ ટી.પી. ઓ. મનસુખ ધનાભાઈ સાગઠિયા સામે ગત ૧૦ વર્ષમાં ૧૦.૫૫ કરોડ રૂપિયા ભ્રષ્ટાચારથી મેળવ્યાનો ગુનો નોંધાયા બાદ તેણે ભાઈના નામે ટ્વીનટાવરમાં ખરીદેલી ઓફિસમાં સર્ચ તપાસ કરવામાં આવી હતી, જ્યાં રૂપિયા ૩ કરોડ રોકડ અને સોનાચાંદીના દાગીના સહિત ૧૮ કરોડ મળી આવ્યા છે. આમ રૂ.૨૮ કરોડનો ભ્રષ્ટાચાર કરાયો હોવાનું સામે આવ્યું હતું.

વિશેષ

### સુરત જીલ્લામાં રક્તપિત રોગનો પ્રમાણદર ૧૦,૦૦૦ની વસ્તીએ ૦.૬૧ અને તાપી જીલ્લામાં ૨.૦૬ છે

# ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈનના ભાગરૂપે નવી સિવિલ હોસ્પિટલ ખાતે જનજાગૃતિ રેલી યોજાઈ

। (માહિતી) ગાંધીનગર ।

દર વર્ષની જેમ રકતપિત્ત રોગને લઈને લોકો માં જાગૃતતા વધે તેને રોકવાના સહિયારા પ્રયાસો હાથ ધરી શકાય તેવા આશયથી તા.૩૦મી જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન નિમિત્તે નવી સિવિલ સ્થિત સરકારી નર્સીંગ કોલેજ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. અનિલ પટેલે લીલી ઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. શરૂઆતમાં સૌને પ્રતિજ્ઞાપત્રનું વાંચન કરીને તમામ હાજર આરોગ્ય કર્મચારીઓને શપથ લેવડાવવામાં આવ્યા હતા. ૧૪ જેટલા પાયાના આરોગ્ય કર્મચારી/અધિકારીઓને સ્ટેચ્યૂ ઓફ યુનિટીના મોમેન્ટો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ અવસરે ડો.યોગેશ પટેલ (હેડ ઓફ સ્કીન ડીપાર્ટમેન્ટ નવી સીવીલ હોસ્પીટલ, સુરત), ડો.કેતન નાયક (નિવાસી તબીબી અધિકારી, નવી સિવિલ હોસ્પિટલ, સુરત), શ્રી ઈકબાલ કડીવાલા, વાઈસ પ્રેસિડન્ટ (નર્સિંગ બોર્ડ ગુજરાત), પ્રિન્સિપાલ ફિઝિયોથેરાપી કોલેજ, પ્રિન્સિપાલ નર્સિંગ કોલેજ, જીલ્લા ક્ષય અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી, ચોર્યાસી તાલુકા આરોગ્ય અધિકારી, શ્રી ઈકબાલ કડીવાલા, ઓલપાડ તેમજ તાલુકા આરોગ્ય અધિકારી, ઉમરપાડા અને નાયબ આરોગ્ય આધિકારી(સુ.મ્યુ.કોર્પો.) રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. રેલીમાં લેપ્રસી વિભાગ અને નવી સિવિલ હોસ્પિટલના નિષ્ણાંત તબીબો, નર્સીંગ સ્ટાફ, નર્સીંગ સ્ટુડન્ટ, ફિઝિયોથેરાપી સ્ટુડન્ટ, એમ.પી.એચ.ડબ્લ્યુ., એસએસઆઈ એસએમસી અને પેરામેડીકલ સ્ટાફ સહિત મોટી સંખ્યામાં આરોગ્ય કર્મીઓ રેલીમાં જોડાયા હતા. જન-જાગૃતિ અંગેની રેલીનો ઉદ્દેશ લેપ્રસીના દર્દી સાથે આપણે કોઈપણ પ્રકારનો ભેદભાવ કરીશું નહી અને રકતપિત્તથી પ્રભાવિત વ્યક્તિઓ સાથે કોઈપણ પ્રકારનો ભેદભાવ કરવાની મંજૂરી આપશું નહીં. આપણે વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે રકતપિત્ત અસરગ્રસ્ત વ્યક્તિઓ સામે ઘૃણા કે ભેદભાવને દૂર કરવા અને રકતપિત્ત નાબૂદી માટે યોગદાન આપવા બાપુએ કરેલ રકતપિત્ત દર્દીઓની સેવા અને કામગીરી મુજબ બાપુની શ્રધ્ધા અને માન્યતા પર કામ કરીશું. આપણે સૌ સંકલ્પ કરીએ કે "ચાલો રક્તપિત્ત સામે લડીએ અને રક્તપિત્તને ઈતિહાસ બનાવીએ" સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન(SLAC), “Togaher, la us raise awareness, dispel misconceptions and ensure that no one affected by leprosy is left behind” રાજ્યના



આરોગ્ય વિભાગ દ્વારા તમામ જીલ્લાઓમાં ગ્રામસભાના માધ્યમથી રક્તપિત વિશે જનજાગૃતિ અભિયાનની શરૂઆત કરી હતી. જેની સાથે સુરત અને તાપી જીલ્લામાં પણ તેની શરુઆત કરવામાં આવી. “સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન અંતર્ગત ૨૦૨૫ના વર્ષ દરમિયાન “ચાલો સૌ સાથે મળીને જન જાગૃતિ લાવીએ, ગેરમાન્યતાઓ દૂર કરી ખાતરી કરીએ કે રક્તપિત્તથી પ્રભાવિત કોઈપણ વ્યક્તિ છૂટી ન જાય’’ તે થીમ પર તા.૩૦મી જાન્યુઆરી થી ૧૩મી ફેબ્રુઆરી ૨૦૨૫ દરમ્યાન રક્તપિત વિશે લોકોમાં જનજાગુતિ આવે તે માટે નીચેની કામગીરી હાથ ઘરવામાં આવશે. સુરત જીલ્લામાં રક્તપિત રોગનો પ્રમાણદર ૧૦,૦૦૦ની વસ્તીએ ૦.૬૧ અને તાપી જીલ્લામાં રક્તપિત રોગનો પ્રમાણદર ૧૦૦૦૦ ની વસ્તીએ ૨.૦૬ છે. જ્યારે ગુજરાત રાજ્યનો રક્તપિત રોગનો પ્રમાણદર ૧૦૦૦૦ ની વસ્તીએ ૦.૪૦ છે. ડિસેમ્બર -૨૦૨૪ અંતિત કુલ ૧૨ માંથી ૮ હાઈએન્ડેમીક જીલ્લાઓ (વડોદરા, પંચમહાલ, નર્મદા, મહીસાગર, સુરત, વલસાડ, દાહોદ અને છોટાઉદેપુર) માં રોગનું પ્રમાણદર ૧ કરતા ઓછું લાવવામાં સફળતા મળી છે. વિશ્વમાં દર જાન્યુઆરી મહિનાનો છેલ્લો રવિવાર રક્તપિત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વભરમાં રક્તપિત રોગને લઈને લોકોમાં જાગૃકતા વધે અને તેને રોકવા માટેના સહિયાર પ્રયાસો હાથ ધરી શકાય તે હેતુથી ઉજવણી થાય છે. ધણા સમય સુધી રક્તપિતને અસાધ્ય રોગ માનવામાં આવતો હતો પરંતુ હવે તેનું નિદાન અને સારવાર સરળ બની છે. કેટલાક લોકો માને છે કે, આ રોગ સ્પર્શ કરવાથી ફેલાય છે. જોકે આ વાત તદ્દન ખોટી છે. રક્તપિત સ્પર્શ કરવાથી ફેલાતો નથી. સંક્રમીત રોગ હોવા છતાં પણ સ્પર્શ કરવાથી, હાથ મિલાવવાથી, સાથે ઉઠાવા-બેસવાથી ફેલાતો નથી. રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા વર્ષોથી રક્તપિતને નાથવા માટે અનેકવિધ પગલા હાથ ધરવામાં આવ્યા છે. કોરોનાકાળની વચ્ચે વર્ષ ૨૦૨૦-૨૩ દરમ્યાન રક્તપિતના વણશોધાયેલ દર્દીઓ શોધવા એકટીવ કેસ ડીટેકશન એન્ડ રેગ્યુલર સર્વે, સ્પર્શ લેપ્રસી અવેરનેશ કેમ્પેઈન, હાર્ડ ટુ રીચ એરીયા કેમ્પેઈન જેવી ખાસ ઝુંબેશ હાથ ધરીને સઘન કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી છે. સુરત અને તાપી જીલ્લામાં છેલ્લા સાત વર્ષમાં અનુક્રમે ૩૯ અને ૧૧ જેટલી રીકન્સ્ટ્રકટીવ સર્જરી કરી દર્દીઓની વિકૃતિ દૂર કરવામાં આવી છે. સુરત અને તાપી જીલ્લામાં વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૩-૨૪ (ડીસેમ્બર -૨૦૨૪ અંતિત) સુધીમાં અનુક્રમે રક્તપિતના કારણે પગમાં બધીરતા ધરાવતાં કુલ-૬૯૬૫ અને ૩૩૦૩ રક્તપિતગ્રસ્તોને માઈક્રો સેલ્યુલર રબર પગરખાં (એમ.સી.આર.) પુરા પાડવામાં આવ્યા છે. જેના કારણે પગમાં બધીરતા ધરાવતાં રક્તપિતગ્રસ્તોને પગમાં ન રૂઝાય તેવા ચાંદા (અલ્સર) થી બચાવી શકાય છે. આવો જાણીએ રક્તપિત શું છે? રક્તપિત માઈક્રોબેકટેરીયમ લેપ્રસી નામના સૂક્ષ્મ જીવાણુંથી થતો રોગ છે. આ રોગમાં શરીરની ચામડી અને જ્ઞાનતંતુઓને અસર થાય છે. આ રોગ કોઈપણ ઉમરે સ્ત્રી અથવા પુરુષ એમ બંને જાતિને થઈ શકે છે. સમયસર સારવાર ન કરવામાં આવે તો એક વ્યક્તિ થી બીજી વ્યક્તિને શ્વાસોશ્વાસ મારફતે ચેપ લાગી શકે છે. વહેલુ નિદાન અને નિયમિત બહુઔષધિય સારવારથી રક્તપિત રોગનો ફેલાવો અને રોગને લીધે આવતી વિકૃતિ/અપંગતા અટકાવી શકાય છે. રક્તપિત રોગના ચિન્હો- લક્ષણો (૧) શરીરના કોઈપણ ભાગમાં આછું, ઝાંખુ, રતાશ પડતું સંવેદના વિનાનું ચાઠું. (૨) જ્ઞાનતંતુઓ જાડા થવા તેમજ તેમા દુઃખાવો થવો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## મહાકુંભ નાસભાગના મૃતકોનો સાચો આંકડો છુપાવે છે સરકાર

। (એજન્સી) ભોપાલ, તા.૩૧ ।

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે શુક્રવારે યુપી સરકારના મહાકુંભમાં પ્રભાવિત શ્રદ્ધાળુઓને મેડિકલ સર્વિસ, ભોજન અને કપડાં ઉપલબ્ધ કરાવવા કહ્યું. અખિલેશની આ ટિપ્પણી એવા સમયે આવી છે, જ્યારે બુધવારે (૨૯ જાન્યુઆરી) મહાકુંભના સંગમ વિસ્તારમાં પવિત્ર સ્નાન કરવા જતી વખતે નાસભાગમાં ઓછામાં ઓછા ૩૦ લોકોના મોત થયા છે અને ૬૦થી વધુ શ્રદ્ધાળુઓ ઈજાગ્રસ્ત થયા છે. અખિલેશે કહ્યું કે, અકસ્માતની હકીકત સંતાડવી, આંકડા છુપાવવા, સાક્ષીઓ છુપાવવા એક ગુનો છે. ઉત્તર પ્રદેશ સરકાર વળતર ન આપવું પડે એટલે મૃતકોની સંખ્યા છુપાવી રહી છે. યુપી સરકાર તમામ જાણકારી છુપાવી રહી છે. સરકાર ઈચ્છે છે કે, લોકોનું ધ્યાન ભટકાવવામાં આવે, અકસ્માતની પાછળ કોઈ ષડયંત્ર નથી ફક્ત સરકારની નિષ્ફળતા છે, સાધુ-સંત પણ આ જ કહી રહ્યા છે. આ સિવાય અખિલેશ યાદવે મહાકુંભમાં ફસાયેલા લોકોની મદદ માટે સલાહ પણ આપી છે. અખિલેશ યાદવે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ એક્સ પર આ પોસ્ટ શેર કરી યુપી સરકારને સલાહ આપી છે. નોંધનીય છે કે, બુધવારે (૨૯ જાન્યુઆરી) મહાકુંભના સંગમમાં નાસભાગમાં ઓછામાં ઓછા ૩૦ લોકોના મોત થયા હતા.

## સુનિતા વિલિયમ્સ સાત મહિના અંતરિક્ષમાં રહીને ચાલવાનું ભૂલી ગયા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧ ।

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર સાત મહિના મહિના વિતાવનાર અમેરિકન અંતરિક્ષયાત્રી સુનિતા વિલિયમ્સને હવે ચાલવા માટે પણ સંઘર્ષ કરવો પડી રહ્યો છે. તાજેતરમાં, તેમણે વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, 'ચાલવાની અનુભૂતિ કેવી હોય છે, એ પણ હું હવે ભૂલી ગઈ છું.' ગુરુત્વાકર્ષણના અભાવે અંતરિક્ષયાત્રીઓ પૃથ્વી પર જે રીતે ગતિમાન રહેતા હોય છે એ રીતે અંતરિક્ષમાં રહી શકતા નથી. જેને લીધે શરીરના વિવિધ સ્નાયુઓ નબળા પડી જાય છે અને હાડકાં પણ પોલા થઈ જાય છે. સ્પેસ સ્ટેશન પર અંતરિક્ષયાત્રીઓ કસરત કરતા હોવા છતાં તેમના શરીરે પૂરતું બળ લગાવવું ન પડતું હોવાથી લાંબા ગાળે શરીરને નુકસાન થતું હોય છે. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર સુનિતા સાથે એમના સાથી અંતરિક્ષયાત્રી બૂચ વિલ્મોર પણ ફસાયેલા છે. એક મહિનામાં પૂરું થનારું તેમનું મિશન આજકાલ કરતાં સાત મહિના લંબાઈ ગયું છે. સ્ટારલાઈનર અંતરિક્ષયાનમાં થયેલી ગરબડના કારણે તેમણે સ્પેસ સ્ટેશનમાં રોકાઈ જવાની ફરજ પડી હતી.

### ઓસ્ટ્રેલિયાને બહુ જ મોટો ફટકો પડ્યો

# ખુંખાર ખેલાડી મિશેલ માર્શ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર

### મિશેલ માર્શ કમરની ઈજાને કારણે બહાર થઈ ગયો છે

। (એજન્સી) સિડની, તા.૩૧ ।

ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થાય તે પહેલા ઓસ્ટ્રેલિયન ટીમને મોટો ઝટકો લાગ્યો છે. સ્ટાર ઓલરાઉન્ડર મિશેલ માર્શ પીઠની ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. માર્શની રમવાની શક્યતા ઓછી છે, જેના કારણે IPLમાં લખનૌ સુપર જાયન્ટ્સ સાથે તેનું રમવાનું પણ શંકામાં છે. ઓસ્ટ્રેલિયન ટીમે ૨૨ ફેબ્રુઆરીએ ઈંગ્લેન્ડ સામે પોતાની પહેલી મેચ રમવાની છે. ઈજાના કારણે મિશેલ માર્શ હવે ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમી શકશે નહીં. તેની પાસે મુશ્કેલ સિઝન રહી છે અને તેણે જીઝસ ખાતે ભારત સામેની અંતિમ



ટેસ્ટમાં પોતાનું સ્થાન ગુમાવ્યું છે. તેમણે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં સાત ઈનિંગ્સમાં ૭૩ રન બનાવ્યા અને બોલિંગમાં મર્યાદિત ભૂમિકા ભજવી હતી. પાંચ ટેસ્ટ મેચની સીરિઝ દરમિયાન તેમની ફિટનેસ નિયમિત ચર્ચાનો વિષય રહ્યો છે. ભારત સામેની ટેસ્ટ સીરિઝ પછી તેણે ૭ જાન્યુઆરીએ એકમાત્ર BBL મેચ રમી હતી. ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા માનસિક અને શારીરિક રીતે તાજગી મેળવવા માટે BBL સિઝનની છેલ્લી ત્રણ મેચમાંથી આરામ કર્યો હતો. તેમની પીઠની સમસ્યા ગંભીર રહી અને પસંદગીકારોએ તેમને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધો છે. સીએએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "મિશેલ માર્શ કમરના દુખાવાના કારણે ICC મેન્સ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયા છે." તાજેતરના અઠવાડિયામાં તેમની કમરના નીચેના ભાગમાં દુખાવો વધુ ગંભીર થયો છે, જેના કારણે NSPએ માર્શને લાંબા સમય સુધી રિહેબિટેશનમાં રહેવાની ભલામણ કરી છે.

### તેંડુલકરને BCCI તરફથી મળશે સૌથી મોટું સન્માન

# સચિન તેંડુલકરને BCCI લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ મળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ બેટ્સમેન સચિન તેંડુલકરને બીસીસીઆઈ લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવા જઈ રહ્યું છે. ભારતીય બોર્ડ પોતાના વાર્ષિક સમારોહમાં શનિવારે (૧ ફેબ્રુઆરી) માસ્ટર બ્લાસ્ટરને આ સન્માન આપશે. ભારત માટે ૬૬૪ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર ૫૧ વર્ષના તેંડુલકરના નામે ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધુ ટેસ્ટ અને વનડે રન બનાવવાનો રેકોર્ડ છે. બોર્ડના એક સૂત્રએ જણાવ્યું કે, "હા તેને વર્ષ ૨૦૨૪ માટે સીકે નાયડૂ લાઈફટાઈમ અચિવમેન્ટ પુરસ્કારથી સન્માનિત



કરવામાં આવશે." સચિન તેંડુલકરના નામે ૨૦૦ ટેસ્ટ અને ૪૬૩ વનડે મેચ નોંધાયેલી છે, જે ક્રિકેટ ઈતિહાસમાં કોઈપણ ખેલાડી દ્વારા સૌથી વધુ છે. તેણે વનડેમાં ૧૮,૪૨૬ રન સિવાય ૧૫,૯૨૧ ટેસ્ટ રન બનાવ્યાં છે. તેણે પોતાના શાનદાર કરિયરમાં માત્ર એક ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. ભારતના ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રી અને ભૂતપૂર્વ દિગ્ગજ વિકેટકીપર ફારુખ એન્જિનિયરને આ પુરસ્કાર મળી ચૂક્યો છે. લાલા અમરનાથ, સૈયદ મુશ્તાક અલી, વિજય હજારે, કેએન પ્રભુ, હેમૂ અધિકારી, સુભાષ ગુપ્તે, એમ.એ.કે. પટૌડી, બી.બી. નિંબાલકર, ચંદુ બોર્ડે, બિશન સિંહ બેદી, એસ. વેંકટરાઘવન, ઈ.એ.એસ. પ્રસન્ના, બી.એસ. ચંદ્રશેખર, મોહિન્દર અમરનાથ, સલીમ દુરાની, અજીત વાડેકર, સુનીલ ગાવસ્કર, કપિલ દેવ, દિલીપ વેંગસરકર, સૈયદ કિરમાની, રાજિંદર ગોયલ, પદ્માકર શિવલકર, કે. શ્રીકાંત, રવિ શાસ્ત્રી અને ફારુખ એન્જિનિયરને આ એવોર્ડ મળી ચૂક્યો છે.



નવી દિલ્હીમાં કેન્દ્રીય બજેટને અંતિમ રૂપ આપ્યા પછી કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ, રાજ્યમંત્રી પંકજ ચૌધરી અને પૂર્ણ બજેટ ૨૦૨૫-૨૬ ટીમ સાથે ગ્રુપ ફોટો પોઝ આપ્યો હતો.

## લોકોએ અમને મત આપ્યા પણ અમારા સુધી પહોંચ્યા જ નહીં: રાજ ઠાકરે

। મુંબઈ, તા.૩૧ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના બે મહિના પછી મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ પરિણામો પર સવાલ ઉઠાવ્યા છે. મુંબઈના વર્લીમાં આયોજિત પાર્ટી કાર્યકર્તાઓના સંમેલનમાં રાજ ઠાકરેએ ચૂંટણી પરિણામો પર શંકા વ્યક્ત કરી અને પરોક્ષ રીતે EVM પર સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું કે ભાજપને ૧૩૨ બેઠકો મળી તે સમજી શકાય તેવી વાત છે, પરંતુ અજિત પવારને ૪૧ બેઠકો અને શરદ પવારને માત્ર ૧૦ બેઠકો મળે તે સમજની બહાર છે. વર્લીમાં પાર્ટીના અધિકારીઓ અને કાર્યકરોને સંબોધતા રાજ ઠાકરેએ કહ્યું, "ચૂંટણી પરિણામો પછી, હું કેટલીક વાતો પર વિશ્વાસ કરી શકતો નથી. વિધાનસભા ચૂંટણી પરિણામો પછી, રાજ્યમાં એક અલગ પ્રકારનું મૌન છવાઈ ગયું, આવું મૌન મેં પહેલાં ક્યારેય જોયું ન હતું.".

પરિણામો પછી, ઘણા જીતેલા લોકોએ મને ફોન કર્યો. તેઓ પણ પોતાની જીત પર વિશ્વાસ કરી શકતા નહોતા."

મનસેના વડા રાજ ઠાકરેએ કહ્યું, "લોકોએ અમને મત આપ્યા છે, પરંતુ તે અમારા સુધી પહોંચ્યા નહીં, તે ગાયબ થઈ ગયા. જો આવું થાય, તો ચૂંટણી ન લડવી જ સારી છે.

# યુનુસના રાજીનામાની માંગ સાથે આંદોલનની જાહેરાત

### હિંસક આંદોલન બાદ શેખ હસીનાની પાર્ટી અવામી લીગ ફરીથી બાંગ્લાદેશના રાજકારણમાં સક્રિય થવા લાગી છે

। (એજન્સી) ઢાકા, તા.૩૧ ।

બાંગ્લાદેશમાં હિંસક વિદ્યાર્થી આંદોલન બાદ શેખ હસીનાને દેશ છોડીને ભાગવું પડ્યું હતું. ત્યારથી બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં એક વચગાળાની સરકાર ચાલી રહી છે. યુનુસ સરકાર દરમિયાન શેખ હસીના અને તેમના પક્ષ અવામી લીગના નેતાઓ સામે સતત કેસ નોંધાઈ રહ્યા છે. તાજેતરમાં વચગાળાની સરકારના એક સલાહકારે કહ્યું હતું કે અવામી લીગને ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ દરમિયાન ભારતમાં રહીને શેખ હસીના સતત વર્ચ્યુઅલ માધ્યમથી સમર્થકોને સંબોધિત કરી રહી છે અને હવે અવામી લીગ



મોહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની સરકારને સીધી પડકાર ફેંકવા જઈ રહી છે. અવામી લીગે સમગ્ર બાંગ્લાદેશમાં હડતાળનું એલાન આપ્યું છે. તેમનો કાર્યક્રમ આખા ફેબ્રુઆરી મહિના સુધી ચાલુ રહેશે. તેમણે યુનુસ સરકારના રાજીનામાની માંગણી સાથે ૧૮ ફેબ્રુઆરીએ સમગ્ર બાંગ્લાદેશમાં હડતાળનું એલાન આપ્યું છે. આ દરમિયાન વચગાળાની સરકારે પણ વળતી ચેતવણી આપી છે. મીડિયા અહેવાલ મુજબ, અવામી લીગ ૧ ફેબ્રુઆરીથી બાંગ્લાદેશી રાજકારણમાં સક્રિય રીતે ફરી પ્રવેશ કરી રહી છે. તે ૧ ફેબ્રુઆરીથી કાર્યક્રમ માટે પત્રિકાઓનું વિતરણ કરશે. આ કાર્યક્રમ ૬, ૧૦ અને ૧૬ ફેબ્રુઆરીના રોજ પણ યોજાશે. આ પછી, ૧૮ ફેબ્રુઆરીએ દેશવ્યાપી હડતાળનું એલાન આપવામાં આવ્યું છે. જો કે, આવામી લીગને આ ચેતવણીનો ખોટો અર્થઘટન ન થાય તે માટે શફીકુલ આલમે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, વચગાળાની સરકારે સત્તા સંભાળ્યા પછી કોઈપણ કાયદેસર વિરોધ પ્રદર્શનોને અટકાવ્યા નથી કે પ્રતિબંધિત કર્યા નથી.

### સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા

# એલઓસી ઉપર સરહદ પારથી ઘૂસણખોરી નિષ્ફળ

### આતંકવાદીઓનું એક જૂથ એલઓસી પાર કરીને ભારતીય વિસ્તારમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યો હતો

। (એજન્સી) પૂંચ, તા. ૩૧ ।

જમ્મુ-કાશ્મીરના પૂંચમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. અથડામણમાં સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે ગઈકાલે એટલે કે ગુરુવારે સાંજે આતંકવાદીઓનું એક જૂથ એલઓસી પાર કરીને ભારતીય વિસ્તારમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પરંતુ સુરક્ષા દળોએ સરહદ પારથી આ ઘૂસણખોરીને નિષ્ફળ બનાવી અને ત્રણેય આતંકવાદીઓને ઠાર કર્યા હતા. પૂંચમાં એલઓસી પર ખડમાલ વિસ્તારમાં તૈનાત સેનાના જવાનોએ થોડી હિલચાલ જોઈ.



ઘૂસણખોરીની સંભાવનાને જોતા, સૈનિકોએ નજીકની સુરક્ષા ચોકીઓને એલર્ટ કરી અને આતંકવાદીઓને જોતાની સાથે જ તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરક્ષા દળોએ આ અથડામણમાં અત્યાર સુધીમાં ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા છે અને વિસ્તારમાં હજુ પણ મોટા પાયે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. આ પહેલા ૨૪ જાન્યુઆરીની રાત્રે કઠુઆમાં ગોળીબાર થયો હતો. કેટલાક આતંકવાદીઓ છુપાયા હોવાની આશંકા બાદ મધરાતે મોટા પાયે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સૈનિકોને રાત્રે લગભગ ૧:૩૦ વાગ્યે શંકાસ્પદ આતંકવાદીઓની ગતિવિધિઓનો અહેસાસ થયો હતો. આ પછી સેનાએ ફાયરિંગ શરૂ કરી દીધું હતી. લગભગ અડધા કલાક સુધી બંને તરફથી ગોળીબાર થયો હતો. જો કે આ ફાયરિંગમાં કોઈ જાનહાનિ થઈ હોવાની માહિતી મળી નથી. અધિકારીઓએ જણાવ્યું કે ત્રણ આતંકવાદીઓ હતા, જેઓ કાર્યવાહી બાદ નજીકના જંગલ તરફ ભાગી ગયા હતા.

### બિહારનો વિચિત્ર કિસ્સો

# ગામડામાં રમાતી મેચમાં ખોટો રનઆઉટ આપતા ફાયરિંગ

### ક્રિકેટ મેચ દરમ્યાન ગોળી ચાલવાના કારણે એક યુવક ઘાયલ : મારપીટમાં એક અન્ય યુવકને ગંભીર ઈજા થઈ

। (એજન્સી) ભોજપુર, તા.૩૧ ।

બિહારના આરામાં ફક્ત એક રનઆઉટને લઈને મોટો ઝઘડો થઈ ગયો, જેમાં કેટલાય રાઉન્ડ ગોળીઓ ચાલી ગઈ. આ દરમ્યાન ક્રિકેટ રમી રહેલા ગામડાના ખેલાડીઓને પણ ગોળી વાગી ગઈ. તેમને સારવાર માટે સદર હોસ્પિટલમાં દાખલ કરાવ્યા છે. આ આખી ઘટના મુફસ્સિલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા રતનપુર ગામની છે. જ્યાં ક્રિકેટનું મેદાન રણ મેદાન બની ગયું હતું. ઘટના બાદ નાદ મુફસ્સિલ પોલીસની આખી ટીમ ક્રિકેટ ગ્રાઉન્ડમાં આવી અને ખેલાડી બનેલા છોકરાઓને ત્યાં રેડ પાડી હતી. ભોજપુરમાં ક્રિકેટ રમવાને લઈને મારપીટ અને ફાયરિંગ થયું. જિલ્લાના મુફસ્સિલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના રતનપુર ગામનો મામલો છે, જ્યાં મેદાનમાં ક્રિકેટ મેચ દરમ્યાન ગોળી ચાલવાના કારણે એક યુવક ઘાયલ થઈ ગયો. જ્યારે મારપીટમાં એક અન્ય યુવકને ગંભીર ઈજા થઈ. બંનેને હોસ્પિટલમાં દાખલ



કરાવ્યા છે. ઘાયલ યુવકોના જણાવ્યા અનુસાર, ગામના અમુક યુવકો ક્રિકેટ મેચ રમી રહ્યા હતા. આ દરમ્યાન રનઆઉટને લઈને ડખો થયો. વાત એટલી આગળ વધી ગઈ કે મારપીટ થવા લાગી, આ દરમ્યાન કોઈએ ફાયરિંગ કરી દીધું અને એક યુવક ગંભીર રીતે ઘાયલ થઈ ગયો. ગોળી તેના ડાબા હાથમાં વાગી, આ મારપીટમાં તેનો પિતરાઈ ભાઈ પણ ઘાયલ થઈ ગયો. પરિવારે બંનેને સારવાર માટે આરા સદર હોસ્પિટલમાં દાખલ કર્યા છે. ગોળી વાગવાથી ઘાયલ એક યુવકની ઓળખાણ મુફસ્સિલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના રતનપુર ગામના ચૈન પાસવાનના દીકરા ચંદન કુમાર ઉંમર ૨૫ વર્ષ તરીકે થઈ છે.

### કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું

# ખોટું નહીં બોલી શકું, કોંગ્રેસે દલિતો માટે જે કરવું જોઈતું હતું તે કર્યું નથી

### લોકસભામાં નેતા વિપક્ષ અને પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોંગ્રેસ પાર્ટી પર જ સવાલ ઉઠાવતા મોટી ચર્ચા છેડી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

કોંગ્રેસ નેતા અને વાયનાડ સાંસદ રાહુલ ગાંધીએ ગુરુવારે કહ્યું કે છેલ્લા ૧૦-૧૫ વર્ષમાં કોંગ્રેસે દલિતો અને પછાત વર્ગો માટે પૂરતું કામ કર્યું નથી. તેમણે કહ્યું કે તેમને એ કબૂલ કરવામાં જરાય ખચકાટ નથી કે પાર્ટી વંચિત વર્ગો દ્વારા તેમના દાદી અને પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીના સમયમાં દેખાડવામાં આવેલા વિશ્વાસને જાળવી રાખવાને લાયક નથી. દલિતોના પ્રભાવશાળી લોકો અને બુદ્ધિજીવીઓના એક સંમેલનને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ ગુરુવારે કહ્યું કે દલિતો અને પછાત વર્ગોની મુક્તિનો એક નવો તબક્કો આકાર લેવાનો શરૂ કરી રહ્યો છે. હું કહી શકું છું કે કોંગ્રેસે છેલ્લા ૧૦-૧૫ વર્ષોમાં જે કરવું જોઈતું હતું તે કર્યું નથી. જો હું મે આ ન કહ્યું હોત તો હું તમને ખોટું બોલી રહ્યો હોઈશ અને મને ખોટું બોલવું ગમતું નથી. આ હકીકત છે. જો કોંગ્રેસ પાર્ટીએ દલિતો, પછાતો અને અતિ



પછાતોનો વિશ્વાસ જાળવી રાખ્યો હોત તો આરએસએસ ક્યારેય સત્તામાં ન આવત. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે ઈન્દિરા ગાંધીના સમયમાં (દલિતો અને પછાત વર્ગોનો) પૂરેપૂરો વિશ્વાસ જાળવી રાખવામાં આવ્યો હતો. દલિતો, આદિવાસીઓ, અલ્પ સંખ્યકો, અતિ પછાતોને ખબર હતી કે ઈન્દિરા ગાંધી તેમના માટે લડશે અને મરી જશે પરંતુ ૧૯૯૦ના દાયકાથી આત્મવિશ્વાસમાં ઘટાડો થઈ રહ્યો છે અને હું તેને જોઈ શકું છું. તેમણે કહ્યું કે તેમનું આ સત્ય કબૂલ કરવાનું તેમને નુકસાન પહોંચાડી શકે છે પરંતુ તેઓ પ્રતિક્રિયાથી ડરતા નથી. આ દરમિયાન ભીડમાંથી કોઈએ પૂર્વ પ્રધાનમંત્રી નરસિંહા રાવના નામની બૂમ પાડી એવો ઈશારો કર્યો કે તેમના કાર્યકાળમાં આત્મવિશ્વાસમાં ઘટાડો થયો હતો. જેના પર રાહુલ ગાંધીએ કહ્યું કે હું નામ નહીં લઉં, પરંતુ એ વાસ્તવિકતા છે અને કોંગ્રેસ પાર્ટીએ વાસ્તવિકતા સ્વીકાર કરવી પડશે. તેનો મુકાબલો કરવા માટે ગાંધીએ કહ્યું કે, કોંગ્રેસે પાર્ટીમાં આંતરિક ક્રાંતિ લાવવી પડશે. દાવો કરતા કહ્યું કે હાલના માળખામાં દલિતો અને ઓબીસી માટે કોઈ તક નથી, જેના પર તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ અને આરએસએસે કબજો કરી લીધો છે. તેમણે કહ્યું કે વંચિત વર્ગોને ફક્ત પ્રતિનિધિત્વ નહીં પરંતુ સત્તાની જરૂર છે. તેમણે કહ્યું કે, તેમને સંસ્થાનો, શૈક્ષણિક સંસ્થાનો, કોર્પોરેટ ઈન્ડિયા અને ન્યાયપાલિકા ભાગીદારી જોઈએ. સત્તામાં ભાગીદારી અને પ્રતિનિધિત્વમાં ઘણું અંતર છે. ચૂંટણી જીતવા માટે સંઘર્ષ કરી રહેલી પાર્ટી સતત ત્રણ લોકસભા ચૂંટણી હારી છે અને હવે ફક્ત ત્રણ રાજ્યો સુધી સત્તામાં સિમિત છે.

### કિન્નર અખાડાની મોટી કાર્યવાહી

# મમતા કુલકર્ણી-લક્ષ્મી નારાયણને મહામંડલેશ્વરના પદ પરથી હટાવ્યા

### કિન્નર અખાડાને ટૂંક સમયમાં નવા આચાર્ય મહામંડલેશ્વર મળશે : અખાડાનું નવેસરથી આયોજન કરવામાં આવશે

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૩૧ ।

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ વચ્ચે કિન્નર અખાડાએ મોટી કાર્યવાહી કરી છે. કિન્નર અખાડાના સંસ્થાપક ઋષિ અજય દાસે મમતા કુલકર્ણીને મહામંડલેશ્વરના પદ પરથી હટાવીને અખાડામાંથી હાંકી કાઢ્યા છે. આ સાથે લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને આચાર્ય મહામંડલેશ્વર અને અખાડાના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. કિન્નર અખાડાને ટૂંક સમયમાં નવા આચાર્ય મહામંડલેશ્વર મળશે. ઋષિ અજય દાસે કહ્યું કે અખાડાનું નવેસરથી આયોજન કરવામાં આવશે. પૂર્વ અભિનેત્રી મમતા કુલકર્ણીએ થોડા દિવસો પહેલા પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં સંન્યાસની જાહેરાત કરી હતી. મમતા મહાકુંભ દરમિયાન કિન્નર અખાડા ખાતે આચાર્ય મહામંડલેશ્વર ડૉ.લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને મળી હતી. આ પછી મમતાએ સંગમમાં પિંડ દાનની વિધિ કરી અને કિન્નર અખાડામાં તેમનો રાજ્યાભિષેક થયો. મહાકુંભમાં સન્યાસ લીધા પછી, મમતા કુલકર્ણીને નવું આધ્યાત્મિક નામ 'શ્રી યમાઈ મમતા નંદ ગિરી' આપવામાં આવ્યું. આ સાથે તેમને



કિન્નર અખાડાના મહામંડલેશ્વર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. મમતા કુલકર્ણીને મહામંડલેશ્વર બનાવવાને લઈને ઘણો વિવાદ થયો હતો. મમતા કુલકર્ણીની મહામંડલેશ્વર તરીકે નિયુક્તિ સામે સંત સતત વિરોધ કરી રહ્યા હતા. બાબા રામદેવે મમતાને મહામંડલેશ્વર બનાવવાના નિર્ણય પર પણ સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે જે લોકો ગઈકાલ સુધી સાંસારિક આનંદમાં મશગૂલ હતા તેઓ એક જ દિવસમાં સંત બની ગયા અથવા મહામંડલેશ્વર જેવી પદવી મેળવી ગયા હતા. કિન્નર અખાડાના સ્થાપક અજય દાસે પણ કહ્યું હતું કે મહિલાને કિન્નર અખાડાની મહામંડલેશ્વર બનાવવી એ સિદ્ધાંતોની વિરુદ્ધ છે. એક ઈન્ટરવ્યુમાં મમતા કુલકર્ણીએ કહ્યું હતું કે, મારું ભારત છોડવાનું કારણ આધ્યાત્મિકતા હતું.

## તંત્રી લેખ...

# મમતા કુલકર્ણી પાસેથી મહામંડલેશ્વરનું પદ છીનવ્યું


બોલિવૂડ અભિનેત્રી મમતા કુલકર્ણીને મહામંડલેશ્વરનું બિરુદ આપવામાં આવ્યા બાદ કિન્નર અખાડામાં વિવાદ વધી ગયો હતો. અખાડાના સ્થાપક ઋષિ અજયદાસે મમતા કુલકર્ણીને મહામંડલેશ્વરના પદ પરથી દૂર કર્યા છે. એનો અર્થ એ કે હવે તે આ પદવી ધરાવતા નથી. એટલું જ નહીં, આચાર્ય મહામંડલેશ્વર ડૉ. લક્ષ્મી નારાયણ ત્રિપાઠી, જેમણે તેમને આ પદ આપ્યું હતું, તેમને પણ તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. તેમને આચાર્ય મહામંડલેશ્વર પદ પરથી મુક્ત કરવામાં આવ્યા છે. આ જાહેરાત કરતાં, કિન્નર અખાડાના સ્થાપક ઋષિ અજયદાસે કહ્યું કે કિન્નર અખાડાના સ્થાપક હોવાને કારણે, હું આચાર્ય મહામંડલેશ્વર લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને, જેમને ઉજ્જૈન કુંભ ૨૦૧૫-૧૬ માં કિન્નર અખાડાના આચાર્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, તેમને આચાર્ય મહામંડલેશ્વર કિન્નર અખાડાના પદ પરથી મુક્ત કરું છું. તેમનું કહેવું છે કે તેઓ ધાર્મિક પ્રચાર અને ધાર્મિક સંસ્કારોની જરૂરિયાત તેમજ ટ્રાન્સજેન્ડર સમુદાયના ઉત્થાનની જરૂરિયાતથી ભટકી ગયા છે જેના માટે તેમને આ પદ આપવામાં આવ્યું હતું. તેમણે ૨૦૧૯ ના પ્રયાગરાજ કુંભ માટે મારી સંમતિ વિના જૂના અખાડા સાથે લેખિત કરાર કર્યો, જે માત્ર અનૈતિક જ નથી પણ એક પ્રકારનો ૪૨૦ પણ છે. જૂના અખાડા અને કિન્નર અખાડા વચ્ચે સ્થાપકની સંમતિ અને સહી વિનાનો કરાર કાયદેસર રીતે માન્ય નથી. તેમણે કહ્યું કે આ કરારમાં જૂના અખાડાને કિન્નર અખાડા તરીકે સંબોધવામાં આવ્યો છે, જેનો અર્થ એ છે કે કિન્નર અખાડો ૧૪મો અખાડો છે, તેઓએ તેને સ્વીકાર્યો છે. તો આનો અર્થ એ થયો કે સનાતન ધર્મમાં ૧૩ નહીં પણ ૧૪ અખાડા માન્ય છે, આ વાત આ કરાર દ્વારા જ સાબિત થાય છે. આચાર્ય મહામંડલેશ્વર લક્ષ્મી નારાયણ ત્રિપાઠીએ આ માત્ર ગેરબંધારણીય જ નથી કર્યું, પરંતુ સનાતન ધર્મ અને દેશના હિતનો પણ ત્યાગ કર્યો છે અને મમતા કુલકર્ણી જેવી મહિલાને, જે રાજદ્રોહના કેસમાં સંડોવાયેલી છે અને ફિલ્મ ગ્લેમર સાથે જોડાયેલી છે, જેને જેલમાં મોકલવામાં આવી હતી. તેણે કોઈપણ ધાર્મિક કે અખાડા પરંપરાનું પાલન કર્યા વિના ત્યાગનો માર્ગ અપનાવ્યો છે. દીક્ષાને બદલે, તેમણે સીધા જ મહામંડલેશ્વરનું બિરુદ આપ્યું. આ કારણોસર, આજે હું દેશ, સનાતન અને સમાજના હિતમાં અનિચ્છાએ તેમને તેમના પદ પરથી મુક્ત કરવા મજબૂર છું.

# આયુષ્માન યોજનાના પરિણામે ખિસ્સામાંથી ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો, રૂ.૧.૨૫ લાખ કરોડથી વધુની બચત નોંધાઈ

ભારતની આર્થિક વિકાસની વ્યુહરચના તેના તમામ નાગરિકો માટે સર્વસમાવેશકતા અને કલ્યાણ પર ભાર મૂકે છે. સરકારનું ધ્યાન શિક્ષણ, આરોગ્ય સેવા, કૌશલ્ય વિકાસ અને સામાજિક માળખાગત વિકાસ દ્વારા નાગરિકોને સશક્ત બનાવવા પર છે. સમાવિષ્ટ આર્થિક વિકાસ વિકસિત ભારત ૨૦૪૭ ની દ્રષ્ટિના કેન્દ્રમાં છે. નિવારક પગલાં, ઉચ્ચ ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળની સાર્વત્રિક સુલભતા, જાહેર આરોગ્ય માળખાને મજબૂત કરવા અને તબીબી શિક્ષણમાં પ્રગતિ સહિતની સરકારી પહેલોએ સામૂહિક રીતે ભારતમાં આરોગ્યસંભાળને વધુ સુલભ અને તમામ માટે પોસાય તેવા બનાવવામાં ફાળો આપ્યો છે, એમ આજે સંસદમાં રજૂ કરવામાં આવેલા આર્થિક સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં જણાવાયું છે. આરોગ્ય ખર્ચઃ આર્થિક સર્વેક્ષણ મુજબ નાણાકીય વર્ષ ૨૨માં કુલ આરોગ્ય ખર્ચ (ધેટ) રૂ.૯,૦૪,૪૬૧ કરોડ (જીડીપીના ૩.૮ ટકા અને વર્તમાન ભાવે માથાદીઠ રૂ.૬,૬૦૨) રહેવાનો અંદાજ છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ થી માથાદીઠ કુલ આરોગ્ય ખર્ચમાં (સ્થિર ભાવે) વધારો જોવા મળ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૧૫થી નાણાકીય વર્ષ ૨૨ દરમિયાન દેશના કુલ સ્વાસ્થ્ય ખર્ચમાં સરકારી સ્વાસ્થ્ય ખર્ચનો હિસ્સો ૨૯.૦ ટકાથી વધીને ૪૮.૦ ટકા થઈ ગયો છે. આમાંથી વર્તમાન આરોગ્ય ખર્ચ (સીએચઈ) રૂ.૭,૮૯,૭૬૦ કરોડ (ધેટના ૮૭.૩ ટકા) અને મૂડીગત ખર્ચ રૂ.૧,૧૪,૭૦૧ કરોડ (ધેટના ૧૨.૭ ટકા) છે. નાણાકીય વર્ષ ૨૦૧૬માં મૂડીખર્ચનો હિસ્સો ૬.૩ ટકાથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૨માં ૧૨.૭ ટકા થયો છે, તે સકારાત્મક સંકેત છે, કારણ કે તેનાથી વ્યાપક અને વધુ સારા સ્વાસ્થ્ય માળખાગત સુવિધાઓ પ્રાપ્ત થશે. આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (એબી-પીએમજેએવાય) એબી-પીએમજેએવાય (AB-PMJAY) એ ભારતની સૌથી વધુ સંવેદનશીલ વસતિના ૪૦ ટકા લોકોને આરોગ્ય કવચ પ્રદાન કરીને હેલ્થકેરમાં ક્રાંતિ લાવી છે. આરોગ્ય પરના સરકારી ખર્ચમાં વધારો ઘરો દ્વારા સહન કરવામાં આવતી આર્થિક મુશ્કેલીમાં ઘટાડો કરવા માટે એક મહત્વપૂર્ણ અસર ધરાવે છે, ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધી આ યોજનામાં ૪૦ લાખથી વધુ વરિષ્ઠ નાગરિકોની નોંધણી કરવામાં આવી છે. એબી-પીએમજેએવાયએ સામાજિક સુરક્ષા અને પ્રાથમિક આરોગ્ય ખર્ચમાં વધારા મારફતે આઉટ-ઓફ-પોકેટ ખર્ચ (ઓઓપીઈ) માં જોવા મળેલા નોંધપાત્ર ઘટાડામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે, જેમાં બચતમાં રૂ.૧.૨૫ લાખ કરોડથી વધુ નોંધાયો છે. નિઃશુલ્ક ડાયાલિસિસ યોજના જેવી અન્ય પહેલોએ આશરે ૨૫ લાખ લોકોને લાભ આપ્યો છે. ઓઓપીઈમાં ઘટાડો હેલ્થકેરમાં જાહેર ખર્ચમાં વધારા સાથે ખભેખભો મિલાવીને આગળ વધે છે, જે સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચ તરફની પ્રગતિ દર્શાવે છે. આ યોજના હેઠળ પેટા-આરોગ્ય કેન્દ્રો (એસએચસી) અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (પીએચસી)ની કાયાપલટ કરીને આયુષ્માન આરોગ્ય મંદિર (એએમ) (અગાઉ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ) ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કાર્યરત કરવામાં આવ્યાં છે, જે સમુદાયોની નજીક નિવારક, પ્રોત્સાહક, ઉપચારાત્મક, ઉપશામક અને પુનર્વસન સેવાઓનું સાર્વત્રિક, મુક્ત અને વિસ્તૃત પેકેજ ઓફર કરે છે. આર્થિક સર્વેક્ષણમાં જણાવવામાં આવ્યું છે કે આયુષ્માન ભારત ડિજિટલ મિશન (એબીડીએમ) હેઠળ ૭૨.૮૧ કરોડ આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ્સ બનાવવામાં આવ્યા છે. તેમાં એ બાબત પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે કે ઈ-સંજીવની - નેશનલ ટેલિમેડિસિન સર્વિસ, પ્રાથમિક આરોગ્યસંભાળમાં વિશ્વની સૌથી મોટી ટેલિમેડિસિન અમલીકરણ તરીકે ઉભરી આવી છે. તેણે ૧.૨૯ લાખ એએએમ મારફતે ૩૧.૧૯ કરોડથી વધુ દર્દીઓને સ્પોક્સ તરીકે સેવા આપી છે, જે ૧૬,૪૪૭ હબ અને ૬૭૬ ઓનલાઈન ઓપીડી દ્વારા સેવા પૂરી પાડવામાં આવે છે.

**ભારતને આઝાદી અપાવી પ્રજાસત્તાક બનાવવામાં અનેક મહિલાઓએ યોગદાન આપ્યું છે, તેમાં સ્વાતંત્રસેનાની દુર્ગા ભાભીનો પણ મોટો ફાળો છે**

# અંગ્રેજોની આંખ સામે ભગતસિંહને કલકત્તા સુધી લઈ જનાર એ દુર્ગા દેવી કોણ હતી?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ભગવતી ચરણ વોહરાના પિતા રેલવે ખાતામાં ઉચ્ચ પદ પર બિરાજમાન હતાં, છતાં ભગવતી ચરણ વોહરા બ્રિટિશ સરકાર સામે લડવા માટે તૈયાર કરેલાં એક ક્રાંતિકારી સંગઠનના સચિવ બન્યાં હતાં, તેઓ જ્યારે લાહોર યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં હતાં, ત્યારે તેમનો પરિચય ભગતસિંહ સાથે થયો હતો, અને તેમનાં અંગ્રેજો વિરુદ્ધ ક્રાંતિકારી વિચારોને વેગ મળ્યો હતો.**

હમણાં ૨૬ જાન્યુઆરી અંતર્ગત દેશ પ્રેમને ઉજાગર કરનાર ઘણાં ઓડિયો વીડિયો મેસેજ સોશિયલ મીડિયા પર ફોરવર્ડ થયાં, અને એમાંનો એક વિડિયો કે જે ખરેખર આમ જનતાની જાણ માટે જરૂરી છે, એટલે એ વિશે વાત કરીશું. આમ પણ શક્તિ આરાધનાનાં દિવસો ચાલે છે, અને સાચી વીરાંગના વિશે વાત ન કરીએ એ કેમ ચાલે! આમ પણ દુર્ગાનાં મુખ્ય ત્રણ સ્વરૂપમાં મહાકાલી નો પ્રથમ પરિચય છે, અને દુર્ગા દેવી એ અંગ્રેજો સામે જેણે સાચે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી સાક્ષાત દુર્ગાનો પરિચય આપ્યો હતો, તો આજે આપણે દુર્ગાનાં એ ક્રાંતિકારી સ્વરૂપ દુર્ગા દેવી વિશે વાત કરીશું. ૧૯૦૭ મા પ્રયાગરાજ અલ્હાબાદમાં જેનો જન્મ છે, પણ એ છે ગુજરાતી વડનગરા નાગર. તેમનો જન્મ પિતા બાંકે બિહારીલાલ ભટ્ટ, વડનગરા નાગરને ત્યાં થયો હતો, તેમના પિતા એક નિવૃત્ત જજ હતાં. એમના જન્મબાદ થોડા સમયમાં જ એમના માતા ગુજરી ગયાં, અને પિતા એ સંન્યાસ લીધો, ત્યારબાદ તેમનો ઉછેર એમનાં માસી એ કર્યો! અને ૧૧ વર્ષની ઉંમરે એમનાં લગ્ન વિસનગરનાં નાગર અને જાણીતા વિવેચક અને ક્રાંતિકારી ભગવતીચરણ વોહરા સાથે થયા. દુર્ગા દેવી એ ચાર ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો, અને પતિનાં મૃત્યુ પછી પણ આજીવિકા માટે આગળ અભ્યાસ કર્યો હતો. ભારતને આઝાદી અપાવી પ્રજાસત્તાક બનાવવામાં અનેક મહિલાઓએ યોગદાન આપ્યું છે, તેમાં સ્વાતંત્રસેનાની દુર્ગા ભાભીનો પણ મોટો ફાળો છે. સોન્ડર્સની હત્યા કર્યા પછી કલકત્તા મેલમાં અંગ્રેજોથી બચવા માટે અંગ્રેજ પતિ પત્નીનો વેશ ધારણ કરીને ભગતસિંહને કલકત્તા પહોંચાડયા હતા. તે હંમેશા પોતાની પાસે પિસ્તોલ રાખતા હતા. તેઓ સ્વાતંત્ર સેનાની ભગવતિ ચરણ વોહરાના ધર્મ પત્ની હતા. ભગવતી ચરણ વોહરાના પિતા રેલવે ખાતામાં ઉચ્ચ પદ પર બિરાજમાન હતાં, છતાં ભગવતી ચરણ વોહરા બ્રિટિશ સરકાર સામે લડવા માટે તૈયાર કરેલાં એક ક્રાંતિકારી સંગઠનના સચિવ બન્યાં હતાં. તેઓ જ્યારે લાહોર યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં હતાં, ત્યારે તેમનો પરિચય ભગતસિંહ સાથે થયો હતો, અને તેમનાં અંગ્રેજો વિરુદ્ધ ક્રાંતિકારી વિચારોને વેગ મળ્યો હતો. દુર્ગાભાભી પણ પતિના પગલે ક્રાંતિકારીઓની મદદ માટે આગળ આવ્યા હતા. આ બંને દંપતિએ એ જમાનામાં રુપિયા ૫૦ હજાર ક્રાંતિકારીઓ માટે ખર્ચ કર્યા હતા. ઈસ ૧૯૨૬માં ભગવતિ ચરણ વોહરાએ ભગતસિંહની સાથે લોહીથી લખાયેલા કાગળ પર હસ્તાક્ષર કર્યા હતા. ભગવતી ચરણ વોહરા ૨૮ મે ૧૯૩૦ના રોજ રાવી નદીના કાંઠે તેમના સાથીઓની સાથે બોંબ બનાવી રહયા હતાં, બોંબના પરીક્ષણ દરમિયાન શહીદ થયા હતા. પતિની શહિદ થયા પછી દુર્ગાભાભીએ ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ જેવા શહીદોને મદદ અને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખ્યું હતું. ૯ ઓકટોબર ૧૯૩૦ નાં રોજ દુર્ગાભાભીએ ગર્વનર હેલી પર ગોળીઓ છોડી જેમાં હેલી બચી ગયો, પરંતુ તેનો એક સૈનિક અધિકારી ટેલર ઘાયલ થયો હતો. ત્યાર બાદ મુંબઈના પોલીસ કમિશ્નરને પણ દુર્ગાભાભીએ ગોળી મારી હતી, અને સાબિત કર્યું કે એક સામાન્ય સ્ત્રી પણ સમય આવ્યે વીરાંગના બની શકે છે, આથી પોલીસ આ ક્રાંતિકારી મહિલાની શોધખોળ પાછળ પડી ગઈ હતી. ભગવતી ચરણ વોહરાના પત્ની હોવાથી અન્ય ક્રાંતિકારી ઓમા એ દુર્ગા ભાભી ના નામથી પ્રચલિત થયાં. મુંબઈમાં એક મકાનમાંથી દુર્ગાભાભી તથા યશપાલની ધરપકડ કરવામાં આવી હતી. દુર્ગાભાભી રાજસ્થાનથી ક્રાંતિકારીઓ માટે પિસ્તોલ પુરી પાડવાની કામગીરી કરતા હતા. ચંદ્રશેખર આઝાદે અંગ્રેજો સામે લડતાં લડતાં શહીદી વ્હોરી લીધી હતી, એ પિસ્તોલ પણ દુર્ગાભાભીએ જ લાવી આપી હતી. તેમણે પિસ્તોલ ચલાવવાની તાલિમ લાહોર અને કાનપુરમાં લીધી હતી. ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે જયારે કેન્દ્રીય એસેમ્બલીમાં બોંબ ફેંકવા જઈ રહયા હતાં, ત્યારે પોતાના લોહીથી તિલક કર્યું હતું. સુખદેવ એ ભગતસિંહ પ્રેમમાં છે એવું કહ્યું હતું, અને આ વાતનો ઈશારો દુર્ગા દેવી તરફ હતો, પણ બંને પક્ષે આ બાબત કોઈ પ્રતિભાવ આપ્યો નથી. પણ ભગતસિંહ એ પ્રેમ એક શુદ્ધ ભાવ છે, અને એવો એક પત્ર સુખદેવને લખીને આ બાબત પોતાનો પ્રતિભાવ આપ્યો હતો કે જ્યાં સુધી પ્રેમના નૈતિક સ્તરનો સંબંધ છે, હું કહી શકું કે તે આવેગ સિવાય કશું નથી, પરંતુ તે પાશવી વૃત્તિ નથી, એક અત્યંત મધુર માનવીય ભાવના છે. પ્રેમ ક્યારેય પાશવી વૃત્તિ ન હોય શકે. પ્રેમ મનુષ્યના ચરિત્રને ઉપર ઉઠાવે છે. સાચો પ્રેમ ક્યારેય ઘડાતો નથી. તે પોતાના માર્ગથી આવે છે, પણ કોઈ ન કહી શકે કે એ ક્યારે થશે અને કોની સાથે થશે?'' ભગતસિંહ સુખદેવ અને રાજગુરુ ને ફાંસી જાહેર થઈ ત્યારે એમણે ગાંધીજી પર ફાંસી રોકવા માટે અંગ્રેજોને સમજાવવા એક પત્ર પણ લખ્યો હતો! ભગતસિંહને ફાંસી અપાયાં પછી ક્રાંતિકારી ચળવળ શાંત થતાં દુર્ગાભાભીની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ બંધ થતાં તે પોતાના પાંચ વર્ષનાં પુત્રને લઈને અભ્યાસ માટે દિલ્હી આવ્યાં, જેની પોલીસને જાણ થતાં લાહોર જતા રહ્યા હતાં. પોલીસે અહી તેમની ધરપકડ કરીને ત્રણ વર્ષ સુધી નજર કેદ રાખ્યા હતા. જેલમાંથી છુટીને ૧૯૩૫માં ગાઝીયાબાદમાં પ્યારેલાલ કન્યા વિધાલયમાં નોકરી કરવા લાગ્યા હતાં. ઈસ ૧૯૩૯ માં મદ્રાસ જઈને મારિયા મોન્ટેસરીમાં મોટેસરી પધ્ધતિનું શિક્ષણ લઈને ૧૯૪૦ માં લખનૌ કેન્ટ રોડ પાસે નજીરાબાદમાં પાંચ વિધાર્થીઓ સાથે મોન્ટેસરી શાળા ખોલી હતી, જે આજે મોન્ટેસરી ઈન્ટર કોલેજના નામથી ઓળખાય છે. ૧૪ ઓકટોબર ૧૯૯૯ નાં રોજ ગાજીયાબાદમાં દુર્ગાભાભીનું અવસાન થયું હતું. મૂળ વાત એ છે કે દુર્ગા દેવી ક્રાંતિકારી વીરાંગના હોવા છતાં, ભારતીય સમાજના મોટાભાગનાં લોકો એને ઓળખતા નથી. પણ ફિલ્મ રંગ દે બસંતી ફિલ્મમાં દુર્ગા દેવીનો રોલ સોહા અલી ખાન એ નિભાવ્યો હતો. આ ઉપરાંત હમણાં જ જાણીતા ફિલ્મ ડાયરેક્ટર વિષ્ણુ વર્ધન ઈન્દુરી એ આઝાદી ના ૭૫ વર્ષ પૂરાં થયાં, એ નિમિત્તે ''આઝાદ હિન્દ'' ના શીર્ષક તળે ફિલ્મ બનાવવાની ઘોષણા કરી છે, અને આ ફિલ્મ મુખ્ય દુર્ગા દેવીનાં ચરિત્ર પર હશે એવું એમણે કહ્યું છે.પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરતા વિષ્ણુ વર્ધન ઈન્દુરી એ ભારતીય આઝાદીની લડતના નાયકોને શ્રદ્ધાંજલિ આપવા 'આઝાદ હિન્દ' નામની એક ફીચર ફિલ્મની ફ્રેન્ચાઈઝીની જાહેરાત કરી છે, અને આ કારણે આખાં સમાજમાં એને લગતા ઓડિયો વીડિયો મેસેજ ફરવા લાગ્યાં છે. ફિલ્મ બની રહી છે, એટલે એમાં કેટલીય પ્રકારના મીર્ચ મસાલા નાખવામાં આવશે! અને દુર્ગા દેવી કે જે એક વીરાંગના ઉપરાંત પતિવ્રતા સ્ત્રી હતી, એનાં ભગતસિંહ સાથેના સંબંધ ને જો બતાવશે! તો આ જ ભારતીય સમાજ, કે જે એને આજે વીરાંગના કહે છે, એ જ સમાજ એની પવિત્રતા પર આંગળી ચીંધશે! એમાં કોઈ બે મત નથી. નાગર હોવાને નાતે એટલું અવશ્ય કહીશ કે, જન્મથી જ દીકરા દીકરીનાં ભેદ વચ્ચે ઉછરી હોવાથી, એને પોતાના પતિનાં એ તમામ સાથી મિત્રો સાથે પણ મિત્રતા હોય શકે! અને ભગતસિંહ સાથે સોન્ડર્સની હત્યા માટે વધુ રહેવાનું થયું હોવાથી એ મિત્રતા ગાઢ બની હોય, પણ એનો અર્થ એવો બિલકુલ નથી કે એનું ચરિત્ર ખરાબ છે અથવા યુવાન હોવાથી પગ લપસી ગયો હોય! અને જો કદાચ એવાં કોઈ ભાવ હોત તો એ સરેઆમ એનો સ્વીકાર કરત! અંગ્રેજ સભામાં પિસ્તોલ ચલાવનારી એ સ્ત્રીમાં એટલી હિમ્મત શું નહોત? ભગતસિંહ પણ મૌન રહ્યાં, એ બતાવે છે કે દુર્ગા દેવી એ એની મર્યાદા ઓળંગી નથી. આપણે આશા રાખીએ કે વિષ્ણુ વર્ધન ઈન્દુરી આ ચરિત્રને ઉજાગર કરવામાં આ રીતે એને બદનામ ન કરે! જય હિન્દ.



**સુંદરતાનો અભાવ પણ સારો સ્વભાવ સરભર કરે છે, પરંતુ જો સારા સ્વભાવની ઉણપ હોય તો તેને સુંદરતાથી ક્યારેય પુરી શકાતી નથી**

# જેઓ સત્યને અનુસરે છે તેઓ તેમના કાર્યોથી પોતાને અમર કરે છે, હિંમત વગર સત્ય સાથે ચાલી શકાતું નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જીવનમાં હંમેશા શ્રેષ્ઠ માર્ગ પર રહો, તમારી ઇમાનદારી પણ તમને સન્માનને પાત્ર બનાવશે, કામમાં કુશળ, વર્તનમાં સૌમ્ય અને સ્વભાવમાં હળવા બનતા શીખો, તો તમારે માન માગવું નહીં પડે, આપોઆપ પ્રાપ્ત થઈ જશે, જીવનમાં, હંમેશા સત્ય સાથે આગળ વધો, સમય સાથે નહીં.**



સ્વામી વિવેકાનંદજી કહેતા હતા કે મહાન ત્યાગ વિના મહાન લક્ષ્ય પ્રાપ્ત કરવું શક્ય નથી. જો તમારા જીવનનું ધ્યેય મહાન છે તો એ વિચાર છોડી દો કે તમે ત્યાગ અને સમર્પણ વિના તેને પ્રાપ્ત કરી શકશો. પાયો જેટલો ઊંડો હશે તેટલી ઊંચી અને વધુ ટકાઉ ઈમારત હશે. મોટા બલિદાન વિના મોટા લક્ષ્યો પ્રાપ્ત થતા નથી. અનેક મારામારી સહન કર્યા પછી પથ્થરની અંદર છુપાયેલ ભગવાનનું સ્વરૂપ દેખાય છે. જો આપણે ટોચ પર પહોંચવું હોય તો રસ્તામાં કાંકરા અને પથરીને કારણે થતી પીડાને ભૂલી જવી પડશે. સુંદરતાનો અભાવ પણ સારો સ્વભાવ સરભર કરે છે, પરંતુ જો સારા સ્વભાવની ઉણપ હોય તો તેને સુંદરતાથી ક્યારેય પુરી શકાતી નથી. ચહેરાની સુંદરતા પ્રકૃતિ પર નિર્ભર કરે છે પણ પ્રકૃતિની સુંદરતા તમારા વલણ પર આધારિત છે.જ્યારે ચહેરાની સુંદરતા માત્ર આંખોમાં પ્રતિબિંબિત થાય છે,ત્યારે પ્રકૃતિ ની સુંદરતા હૃદય સુધી પહોંચે છે. માણસ નાખુશ રહે છે કારણ કે તે પોતાનું ઘર, શહેર, દેશ, મિત્રો, સંબંધો બધું જ બદલી નાખે છે પણ સ્વભાવ બદલી શકતો નથી. જીવનનું સત્ય એ છે કે માણસ પોતાના સ્વભાવથી સુખી કે દુઃખી થાય છે. સારો સ્વભાવ વ્યક્તિને કોઈના દિલમાં ઉતારી દે છે, જ્યારે ખરાબ સ્વભાવ વ્યક્તિને કોઈના દિલમાં ઉતારી દે છે.તેથી, તમારા સ્વભાવ ને નરમ બનાવો જેથી તમારું સમગ્ર જીવન મધુરતાથી ભરાઈ જાય. જેનો સ્વભાવ મધુર હોય છે તેનું જીવન પણ મધુર બને છે. ચિંતાની સૌથી મોટી આડઅસર એ છે કે ચિંતા કરવાથી આવનારી સમસ્યાનું નિરાકરણ નથી આવતું પરંતુ વર્તમાનની શાંતિને ચોક્કસ પણે ખલેલ પહોંચાડે છે. જીવનમાં મુશ્કેલીઓ ચોક્કસ આવે છે પરંતુ ચિંતા કરવાથી કોઈ સમસ્યાનું સમાધાન નથી થઈ શકતું. ચિંતા આપણી વિચારવાની ક્ષમતાને અવરોધે છે અને આ અવરોધ આપણા દુઃખનું મૂળ છે. ચિંતા થી પીડિત વ્યક્તિ એક વાર નહિ પણ ઘણી વાર મૃત્યુ પામે છે. તે માત્ર એક જ વાર નહીં પરંતુ જીવનભર બળે છે. જ્યારે કોઈ પણ સમસ્યા ઊભી થાય છે, ત્યારે તેને ઉકેલવા માટે વિચાર કરવો એ એકમાત્ર શાણો નિર્ણય છે. વિચારશીલ વ્યક્તિ માટે,કોઈક યા બીજી રીત ચોક્કસ પણે મળી જાય છે. તેની પાસે વિવેકબુદ્ધિ છે અને તે સમસ્યાથી ડરતો નથી પરંતુ મક્કમ રહે છે. સમસ્યાનો સામનો કરવો એટલે અડધી સફળતા હાંસલ કરવી. તેથી, ચિંતામાં નહીં પણ ચિંતનમાં જીવન જીવતા શીખો, કારણ કે જ્યાં ચિંતન છે ત્યાં ચોક્કસ ઉકેલ છે અથવા ચોક્કસ માર્ગ છે. આદર ક્યારેય છીનવી શકાતો નથી પરંતુ તે સારા સ્વભાવ, સારા વર્તન અને સારા કાર્યો દ્વારા પ્રાપ્ત થાય છે. સમાજમાં જેને પણ સન્માન મળ્યું, તે તેમના ઉત્તમ વ્યક્તિત્વને કારણે જ મળ્યું. સંપત્તિ છીનવીને મેળવી શકાય છે પણ માન કદી મેળવી શકાતુંનથી. આદરની ઈચ્છા અને આદરને પાત્ર કામ કરવા વચ્ચે ઘણો તફાવત છે. આદરની ઈચ્છા રાખવી એ સારી વાત છે, પરંતુ આદરને પાત્ર કામ કરવાથી પણ વ્યક્તિ ખરેખર આદરનો હકદાર બને છે. જીવનમાં હંમેશા શ્રેષ્ઠ માર્ગ પર રહો.તમારી ઈમાનદારી પણ તમને સન્માનને પાત્ર બનાવશે. કામમાં કુશળ,વર્તનમાં સૌમ્ય અને સ્વભાવમાં હળવા બનતા શીખો, તો તમારે માન માગવું નહીં પડે, આપોઆપ પ્રાપ્ત થઈ જશે. જીવનમાં, હંમેશા સત્ય સાથે આગળ વધો, સમય સાથે નહીં. જેઓ પોતાના અંગત હિતોની પરવા કર્યા વિના સત્ય સાથે ચાલવાની હિંમત એકત્ર કરી શકે છે, એક દિવસ સમય પણ તેમની સાથે ચાલવા લાગે છે. સત્ય એ છેકે સત્યના માર્ગે ચાલનારાઓના હાથમાં જ સમય હોય છે. સમય સાથે ચાલવું સહેલું છે પણ સત્યની સાથે ચાલવું બહુ મુશ્કેલ છે. જેઓ સમયનું પાલન કરે છે તેઓ સમય આવે ત્યારે ભૂલી જાય છે, પરંતુ જેઓ સત્યને અનુસરે છે તેઓ તેમના કાર્યોથી પોતાને અમર કરે છે. હિંમત વગર સત્ય સાથે ચાલી શકાતું નથી. જે હિંમતવાન છે તે સત્યના માર્ગનો પ્રવાસી પણ છે. સમય સાથે આગળ વધવું એટલે કોઈની વિવેકબુદ્ધિનો ઉપયોગ કર્યા વિના ભીડનો ભાગ બનવું. એક નિર્જીવ શરીર પણ તરંગોની તીવ્ર ગતિને કારણે હલનચલન કરી શકે છે. શસ્ત્રોની તાકાતનું માપ એ પ્રવાહો સામે આગળ વધતી વખતે લક્ષ્ય સુધી પહોંચવાનું છે. સત્યની ઈચ્છા રાખો, સત્યને અનુસરો, તમે અંતિમ સત્ય સુધી પહોંચી જશો. વાજબી કિંમત ચૂકવ્યા વિના જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરી શકાતું નથી. જેમ તમે કોઈ વસ્તુ ખરીદવા માટે બજારમાં જાઓ છો, તો તમને તેની વાજબી કિંમત ચૂકવ્યા પછી જ તે મળે છે. એ જ રીતે, આપણે જીવનમાં જે કંઈ હાંસલ કરીએ છીએ, તેના માટે આપણે કેટલીક કિંમત ચૂકવવી પડશે.અને છેલ્લે આજે આપણે એક વાત સાથે આજના લેખનું સમાપન કરીએ.રાજા પોતાના રાજકવિ કાલિદાસ સાથે ચર્ચામાં મશગૂલ હતા. એકાએક એમની નજર કાલિદાસ પર પડી. દેખાવમાં કાલિદાસ નામ પ્રમાણે હતા એટલે કે શ્યામવર્ણ, નીચા અને સાવ સામાન્ય કહી શકાય તેવા. રાજે કવિદાસને પૂછ્યું, ''કવિ, તમે મહાન સાહિત્યકાર છો આટલા હોંશિયાર, જ્ઞાની પંડિત છો પરંતુ ભગવાને તમને રૂપ કેમ ન આપ્યું? કાલિદાસ મૂંઝાયો, પરંત વાત ને વાતમાં રાજાને સીધો જવાબ આપ્યો. શાસ્ત્રોમાં મોટું ભાગ્ય હોય, વાણી ને શક્તિ... એ જમાં શો ભરોસો? શાસ્ત્રો વાતમાં બંને મહેલ પાસે પહોંચ્યા. કાલિદાસે બે માટલા મંગાવ્યા. એક સાદું માટીનું અને બીજું સોનાનું. બંને માટલામાં પીવાનું પાણી ભરવામાં આવ્યું. કવિ કાલિદાસે રાજાને પૂછ્યું, ''મહારાજ, આમાંથી કયા ઘડાનું પાણી આપને પીવા માટે આપું?'' રાજા કહે, ''એમાં વળી પૂછવાનું શું? સોનાના દેગડાનું પાણી તે કાંઈ પીવાય? માટીના માટલાનું પાણી હું પીઉં છું. તે પાણી ઠંડુ હોય છે જીવને ટાઢક થાય.'' કાલિદાસ તો આ જ જવાબની રાહ જોતા હતા. તેમણે કહ્યું, ''જેમ પાણીની શીતળતા ઘડાના સૌંદર્ય પર આધારિત નથી તેમ જ માણસની બુદ્ધિનો આધાર એના બાહ્ય દેખાવ, રૂપરંગ પર નથી હોતો. વ્યક્તિની બુદ્ધિ અને ગુણનું મહત્વ છે, રૂપ નહીં. આત્માનું સૌંદર્ય સૌથી મહત્વની બાબત છે, મહારાજ.'' વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

### આમિર ખાનના દીકરા જુનૈદ ખાન ઇન્ડસ્ટ્રીમાં પ્રવેશી ચૂક્યા છે

# પાપાનાં નકશે કદમ પર જુનૈદ, ગુપચુપ લગ્ન કરી લીધા

આમિર ખાનના દીકરા જુનૈદ ખાન ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશી ચૂક્યા છે. તેમની પહેલી ફિલ્મ મહારાજ હતી. આ પછી, તેમની બીજી ફિલ્મ લવયાપા રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મમાં ખુશી કપૂર જુનૈદ સાથે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે પાપાનાં નકશે કદમ પર જુનૈદ, ગુપચુપ લગ્ન કરી કરી લીધા. જુનૈદ અને ખુશી બંને હાલમાં ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. પ્રમોશન દરમિયાન, જ્યારે જુનૈદને ગુપ્ત લગ્ન વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે તેના વિશે ખુલ્લેઆમ વાત કરી. સિદ્ધાર્થ કન્નનને આપેલા ઈન્ટરવ્યુમાં જુનૈદે પોતાના અંગત જીવન વિશે વાત કરી. સિદ્ધાર્થે જુનૈદને પૂછ્યું કે શું તેણે તેના પિતા આમિર ખાનની જેમ ગુપ્ત લગ્ન કર્યા છે અને તે છુપાવી રહ્યો છે.ગુપ્ત લગ્ન પર જુનૈદે પોતાનું મૌન તોડ્યું. પ્રમોશન દરમિયાન, જ્યારે જુનૈદને ગુપ્ત લગ્ન વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે તેના વિશે ખુલ્લેઆમ વાત કરી અને ગુપ્ત લગ્ન વિશે વાત કરતાં જુનૈદે કહ્યું કે તેના પિતા પણ લગ્નની વાત કોઈથી છુપાવવા માંગતા ન હતા. તેને નિર્માતાઓથી છુપાવવાનું કહેવામાં આવ્યું. ફિલ્મ રિલીઝ થાય ત્યાં સુધી તેણીને લગ્ન અંગે મૌન રહેવાનું કહેવામાં આવ્યું હતું. તેના હાથ બંધાયેલા હતા. તેમણે પુષ્ટિ આપી કે તેમણે ગુપ્ત લગ્ન કર્યા નથી.આમિર ખાને બાળ કલાકાર તરીકે ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો હતો. તેમની પહેલી બ્લોકબસ્ટર ફિલ્મ કયામત સે કયામત તક હતી. આમિર ખાનના દીકરા જુનૈદ ખાન ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશી ચૂક્યા છે, ફિલ્મ રિલીઝ થાય તેના બે વર્ષ પહેલા આમિરે રીના દત્તા સાથે લગ્ન કર્યા હતા. આમિરને કયામત સે કયામત તકની રિલીઝ સુધી તેના લગ્ન ગુપ્ત રાખવા કહેવામાં આવ્યું હતું. કયામત સે કયામત તક પછી આમિરના લગ્નના સમાચાર બહાર આવ્યા.લવયાપા વિશે વાત કરીએ તો, આ ફિલ્મ ૭ ફેબ્રુઆરીએ રિલીઝ થવા જઈ રહી છે. પ્રમોશન દરમિયાન, જ્યારે જુનૈદને ગુપ્ત લગ્ન વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે તેના વિશે ખુલ્લેઆમ વાત કરી આ એક આધુનિક પ્રેમકથા છે. જેમાં જુનૈદ અને ખુશીની જોડીને ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. લવયાપાના ટ્રેલર અને ગીતોને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો.



### ફિલ્મ ૧૪ ફેબ્રુઆરીના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે

# ફિલ્મ ‘છાવા’ માટે બોલિવુડ અભિનેતા વિકી કૌશલે દસ કરોડ લીધા હતા

**વિક્કી કૌશલની સાથે છાવા ફિલ્મમાં રશ્મિકા મંદાના જોવા મળશે, જેમાં તે યેસુબાઈ ભોંસલેના પાત્રમાં જોવા મળશે**


બોલિવુડ અભિનેતા વિક્કી કૌશલે ફિલ્મ છાવા કરવા માટે કરોડો રુપિયાની ફી લીધી છે. તે છાવા માટે ભરપુર પ્રમોશન કરી રહ્યો છે. છાવા ફિલ્મનું ટ્રેલર ચાહકોને ખુબ પસંદ આવ્યું હતુ હવે ચાહકો ફિલ્મ જોવા માટે આતુર છે.વિક્કી કૌશલ છાવા ફિલ્મમાં છત્રપતિ સંભાજી મહારાજનો રોલ નિભાવી રહ્યો છે. રિપોર્ટ મુજબ વિક્કી કૌશલે આ પાત્ર નિભાવવા માટે અંદાજે ૧૦ કરોડ રુપિયાનો ચાર્જ લીધો છે.વિક્કી કૌશલની સાથે છાવા ફિલ્મમાં રશ્મિકા મંદાના જોવા મળશે. જેમાં તે યેસુબાઈ ભોંસલેના પાત્રમાં જોવા મળશે. આ ફિલ્મમાં અભિનેત્રીએ ૪ કરોડ રુપિયાનો ચાર્જ લીધો છે.બોલિવુડ ફિલ્મ છાવામાં અભિનેતા આશુતોષ રાણા સરસેનાપતિ હંબીરાવ મોહિતના પાત્રમાં જોવા મળશે. જેના માટે તેમણે ૮૦ લાખ રુપિયા મળ્યા છે.દિવ્યા દત્તા છાવામાં સોયરાબાઈનું પાત્ર નિભાવી રહી છે. આ ભૂમિકા માટે તને ૪૫ લાખ રુપિયા મળ્યા છે. છાવા ફિલ્મમાં તેની ભૂમિકા મહત્વની છે.દર્શયમ ૨ બાદ અક્ષય ખન્ના છાવામાં જોવા મળશે.




# કરણ જોહર ‘ઇલેવન’થી મોડર્ન રોમાન્સને નવી વ્યાખ્યા આપશે

**આધુનિક રોમાન્સની નવી વ્યાખ્યા બનાવવા અને ગુણવત્તાને મહત્વ આપવા માટે તેમજ વ્યક્તિના દેખાવને બદલે તેની લાગણીશીલતાને મહત્વ મળે તે હેતુ છે**


આજના સમયમાં રિલેશનશિપ અને કમ્પેચિબિલિટી અંગેની પૂર્વધારણાઓ બદલવાના હેતુથી કરણ જોહરે ‘ઈલેવન’ નામની નવી ડેટિંગ એપ લોંચ કરી છે. આજના સમયમાં ડેટિંગ એપ દ્વારા લોકોનો એકબીજા સાથે જોડાવાનાં માધ્યમમાં ક્રાંતિ લાવી દીધી છે. તેનાથી તમારી આંગળીના ટચ પર અનેક વિકલ્પો આવી ગયા છે, સાથે પડકારો પણ એટલા જ વધી ગયા છે.કરણ જોહરે આ પ્રકારના પ્લેટફર્મનો પોતાનો અંગત અનુભવ પણ જણાવ્યો હતો. આધુનિક રોમાન્સની નવી વ્યાખ્યા બનાવવા અને ગુણવત્તાને મહત્વ આપવા માટે તેમજ વ્યક્તિના દેખાવને બદલે તેની લાગણીશીલતાને મહત્વ મળે તે હેતુ છે તે એક જાણીતી વ્યક્તિ હોવા છતાં તેણે પોતાનો અનુભવ જાહેર કરવામાં કોઈ સંકોચ અનુભવ્યો નહોતો. તેણે કહ્યું હતું કે આ પ્રકારની એપ પર તેને અનેક વખત રિજેક્શન અને લઘુતાગ્રંથિનો સામનો કરવો પડ્યો છે.તેથી તેણે આ સ્થિતિ પર નિયંત્રણ લેવા માટે પોતે જ એક ડેટિંગ એપ લોંચ કરી છે, ‘ઈલેવન’ નામની આ એપ અર્થપૂર્ણ સંબંધો શોધવામાં મદદ કરશે. આ એપનો હેતુ સમાજના વર્ષો જૂના જેન્ડર સ્ટીરિઓટાઈપ્સને તોડવાનો છે. ખાસ તો આ એપની મદદથી મહિલાઓને વધુ સુરક્ષિત અને આઝાદીથી સામાજિત બંધનોની ચિંતા વિના નવા સંબંધ શોધવાનો વિકલ્પ મળી રહેશે. જ્યારે પુરુષો પણ રુઢિચુસ્ત વિચારધારાથી ઉપર ઉઠીને પોતે જેવા છે તેવા પારદર્શક પણે વાતચીત કરી શકશે. આ એપ એ રીતે બનાવવામાં આવી છે કે તેમાં દરેક વ્યક્તિનું મૂલ્ય જળવાય અને તેઓ પોતાની જાતને સશક્તપણે રજૂ કરી શકે.આધુનિક રોમાન્સની નવી વ્યાખ્યા બનાવવા અને ગુણવત્તાને મહત્વ આપવા માટે તેમજ વ્યક્તિના દેખાવને બદલે તેની લાગણીશીલતાને મહત્વ મળે તે હેતુ છે.



# ‘રક્તબ્રહ્માંડ’માં અલી ફઝલ ગાદી સંભાળશે

**‘તુંબાડ’ના રાહી અનિલ બર્વે દ્વારા આ સિરીઝ ડિરેક્ટ થવાની સંભાવના**


‘મિર્ઝાપુર’માં ભલે ગુડ્ડુ ભૈયાને ગાદી સુધી પહોંચવા સંઘર્ષ કરવો પડ્યો હોય પરંતુ હવે નવા આવનારા પ્રોડક્શન ‘રક્ત બ્રહ્માંડ’માં અલી ફઝલ ગાદી સંભાળશે. આ એક એવી કાલ્પનિક દુનિયાની વાત છે, જેમાં ખૂની ખેલનું સાક્ષી બનતું રાજ્ય છે, તેનું પ્રોડક્શન ‘ધ ફેમિલી મેન’૨ અને ‘સિટાડેલ’ના રાજ એન્ડ ડિકે સંભાળી રહ્યા છે. તેમજ ‘તુંબાડ’ જેવી કલ્ટ ફિલ્મના ડિરેક્ટર રાહી અનિલ બર્વે દ્વારા આ વાર્તા ડિરેક્ટ કરવામાં આવશે. અલી ફઝલ ‘રક્ત બ્રહ્માંડ’માં એક શક્તિશાળી રાજાનું પાત્ર ભજવે છે. જેના રાજ્ય સામે અલગ પ્રકારના પડકારો છે. અલી ફઝલ એક બહુપ્રતિભાશાળી કલાકાર હોવાથી તે આ પાત્રને પણ ઊંડાણપૂર્વક અને સુંદરતાથી ભજવે તેવી અપેક્ષા છે. આ રોલમાં તેણે એક બુદ્ધિશાળી અને ચતુર રાજાનું પાત્ર ભજવવાનું છે. તેથી અલી ફઝલ આ પ્રોજેક્ટ માટે પહેલી પસંદ હતો. અલી ફઝલ ‘રક્ત બ્રહ્માંડ’માં એક શક્તિશાળી રાજાનું પાત્ર ભજવે છે, જેના રાજ્ય સામે અલગ પ્રકારના પડકારો છે જ્યારે રાહિ અનિલ બર્વે આ પહેલાં લોકકથા પર એક ડાર્ક ફિલ્મ બનાવી ચૂક્યા છે. હવે ‘રક્ત બ્રહ્માંડ’ સિરીઝમાં એક મોટા બજેટની વાર્તા કહેવા જઈ રહ્યા છે. જેઓ આ સિરીઝ માટે એક કાલ્પનિક વિશ્વ તૈયાર કરશે, જે આજ સુધી કોઈ ભારતીય સિરીઝમાં જોવા મળ્યું નથી. પ્રોડ્યુસર્સ રાજ એન્ડ ડીકે આ સિરીઝ માટે ઘણા ઉત્સાહી છે. તેમના દ્વારા જાહેર કરાયેલાં નિવેદનમાં તેમણે જણાવ્યું હતું, ‘‘આ પ્રકારનું કામ પહેલાં ક્યારેય થયું નથી, તે અમારા માટે વધુ ઉત્સુકતાની વાત છે. અમારો હેતુ એક અવું વિશ્વ સર્જવાનો છે જે આપણે બાળપણમાં સાંભળેલી વાર્તાઓ જેવું કાલ્પનિક હોય તેમ છતાં તે વાસ્તવિક પણ લાગે. આ અલગ કલ્પનાને જીવંત બનાવવા માટે અમારી રાહી અને સીતા સહીતની ટીમ ઘણી મહેનત કુરી રહી છે. નેટફિલક્સ માટે કામ કરવાનો અમારો અનુભવ પણ ઘણો સારો રહ્યો છે.’’ આ શોમાં આદિત્ય રોય કપૂર, સમંથા રુથ પ્રભુ, વામિકા ગબ્બી અને જયદીપ આઈાવત સહીતના કલાકારો મહત્વના રોલમાં જોવા મળશે.



**અલી ફઝલ ‘રક્ત બ્રહ્માંડ’ માં એક શક્તિશાળી રાજાનું પાત્ર ભજવે છે, જેના રાજ્ય સામે અલગ પ્રકારના પડકારો છે**

### થોડાં વખત પહેલાં મનોજે પણ ત્રીજી સીઝન અંગે વાત કરી હતી

# મનોજ બાજપાઈ-જયદીપની ‘ધ ફેમિલી મેન ૩’માં ટક્કર



**‘ધ ફેમિલી મેન’ સિરીઝની સફળતા પાછળ રાજ એન્ડ ડિકેની સર્જનાત્મકતા હોવાનું માનવામાં આવે છે**

‘ધ ફેમિલી મેન’ સિરીઝની સફળતા પાછળ રાજ એન્ડ ડિકેની સર્જનાત્મકતા હોવાનું માનવામાં આવે છે. તેમણે બે સીઝનમાં દર્શકોને જકડી રાખે એવી વાર્તા બનાવીને મનોરંજન કરાવ્યું છે. ગયા વર્ષે જ્યારે ‘ધ ફેમિલી મેન’ની ત્રીજી સીઝનની જાહેરાત કરવામાં આવી ત્યારે તેના ફેન્સ ખુશ થઈ ગયા હતા. બીજી સીઝનમાં જેમ સમંથા રુથ પ્રભુ એક અનોખી સરપ્રાઈઝ તરીકે જોવા મળી એમ હવે ત્રીજી સીઝનમાં જયદીપ આઈાવતની એન્ટ્રી થઈ રહી છે.હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે જયદીપ આઈાવત આ ફિલ્મમાં મુખ્ય વિલન તરીકે જોવા મળશે અને મનોજ બાજપાઈ સાથે તેના કાંટાની ટક્કર હશે. આ જાહેરાત પછી જયદીપના ફેન્સ પણ અનેક કલ્પનાઓ અને ધારણાઓમાં લાગી ગયાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર જયદીપ આઈાવતનો રોલ આ સીઝનમાં ઘણો મહત્વનો છે. તેણે કહ્યું, ‘‘તેનું પાત્ર મનોજ બાજપાઈનાં પાત્ર શ્રીકાંતની વિરુદ્ધ ટક્કર આપશે, તેથી દર્શકો તે બંને વચ્ચે એક જોરદાર અભિનય અને ટક્કરની આશા રાખીને બેઠાં છે.’’ જો કે, શોના મેકર્સ દ્વારા આ અંગે કોઈ જ માહિતી જાહેર કરવામાં આવી નથી. થોડાં વખત પહેલાં મનોજ બાજપાઈએ પણ ત્રીજી સીઝન અંગે વાત કરી હતી. તેણે દિવાળી ૨૦૨૫ સુધીમાં આ સિરીઝ આવી જાય તેવી શક્યતા પણ વ્યક્ત કરી હતી. આ વખતની સીઝનમાં પ્રિયામણી, શારીબ હાશમી, આશ્લેષા ઠાકુર અને વેદાંત સિંહા તો ફરી જોવા મળશે જ. પહેલ સીઝનની સફળતા પછી બીજી સીઝન બવાવવામાં આવી હતી.

# રાજામૌલીએ મહેશ બાબુ-પ્રિયંકા સહીતનાં કાસ્ટ-ક્રૂ પાસે એનડીએ સાઇન કરાવ્યું

**રાજામૌલી એક એવું જંગલ અને જંગલની સ્ટોરી બનાવી રહ્યા છે, જે બોલિવૂડમાં પહેલાં જોવા મળી નથી**

જાણીતા ડિરેક્ટર એસએસ રાજામૌલીની જંગલ એડવેન્ચર ફિલ્મ માટે મહેશબાબુ અને પ્રિયંકા ચોપરા કામ કરી રહ્યાં હોવાના અહેવાલો તો કેટલાંક સમયથી આવતા રહે છે, પરંતુ હજુ મેકર્સ કે ડિરેક્ટર કે કલાકારો કોઈ તરફથી આ ફિલ્મ અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. કે એલ નારાયણા આ ફિલ્મ પ્રોડ્યુસ કરી રહ્યા છે અને એપ્રિલ મહિનાથી આ ફિલ્મનું શૂટિંગ શરૂ થવાની ચર્ચા છે. તેના માટે એક તરફ પ્રિયંકા ચોપરા ભારતની મહેમાન બની હોવાની પણ ચર્ચા ચાલતી રહી છે.ત્યારે હવે અલગ પ્રકારના અહેવાલો સામે આવ્યા છે, જે મુજબ રાજામૌલીએ આ ફિલ્મના કલાકારો અને ક્રૂ પાસે નોન ડિસ્ક્લોઝર એગ્રીમેન્ટ સાઈન કરાવ્યા છે. જ્યારથી આ પ્રોજેક્ટની શરૂઆત થઈ ત્યારથી કેટલીક બાબતો અને માહિતિ લીક થવી, ફિલ્મની વાર્તા અને કલાકારો અંગે ધારણા અને ચર્ચાઓ ઈન્ટરનેટ પર સતત ચાલતા રહ્યાં છે. રાજામૌલી નથી ઈચ્છતા કે ઓફિશિયલ જાહેરાત પહેલાં તેમની કાસ્ટ કે ક્રૂમાંથી કોઈ પણ બાબત જાહેર ન કરે તે માટે રાજામૌલીએ આ નિર્ણય લીધો છે. આ એગ્રીમેન્ટ મુજબ ફિલ્મ સાથે સંકળાયેલી કોઈ પણ વ્યક્તિ ફિલ્મ અંગેની કોઈ પણ માહિતિ કોઈને જણાવી શકશે નહીં. જો તેઓ આવું કરશે તો તેમને એગ્રીમેન્ટનાં ભંગ બદલ દંડ ભરવો પડશે. આ ઉપરાંત આ ફિલ્મના સેટ પર પણ રાજામૌલીની અન્ય ફિલ્મોની જેમ કાસ્ટ અને ક્રૂને મોબાઈલનો ઉપયોગ કરવાની મનાઈ કરવામાં આવશે. બીજી તરફ આ જ ફિલ્મના શૂટિંગ માટે મહેશ બાબુ કેન્યા જવા રવાના થયા હોવાની પણ ચર્ચા છે. આ ફિલ્મ તેની કેરિઅરની સૌથી મોટી ફિલ્મ હોવાની ચર્ચા છે. તે કેન્યામાં ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયાથી શૂટિંગ શરૂ કરશે તેવી ચર્ચા છે, હાલ તેના માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.જોકે, રાજામૌલી અન્ય કલાકારો સાથે શૂટિંગ શરૂ ચૂક્યા હતા. પરંતુ મહેશબાબુ અત્યાર સુધી તેમાં જોડાયા નહોતા. તેના લૂકનું મેકઓવર ચાલતું હતું. હવે ત્યાં મહેશબાબુ સાથે રાજમૌલી અને પ્રિયંકા ચોપરા પણ જોડાશે. ફોરેસ્ટ એડવેન્ચરનો મહત્વનો અને મોટો ભાગ અહીં જ શૂટ કરવામાં આવશે. રાજામૌલી આ ફિલ્મમાં કુદરતી ઘેઘુર જંગલો બતાવવા માગે છે, તેથી તે દુનિયાના ઘણા ગાઢ જંગલોમાં આ શૂટ કરવા માગે છે. ત્યાર બાદ હૈદ્રાબાદમાં આ જ પ્રકારના જંગલનો એક સેટ તૈયાર કરવામાં આવશે. પ્રોડક્શન ડિઝાઈન ટીમ દ્વારા તેના માટેની તૈયારી પણ થઈ ચૂકી છે. રાજામૌલી એક એવું જંગલ અને જંગલની સ્ટોરી બનાવી રહ્યા છે, જે બોલિવૂડમાં પહેલાં જોવા મળી નથી.



# અભિનેત્રી આથિયા શેટ્ટીએ ફ્લોન્ટ કર્યો બેબી બમ્પ

સુનીલ શેટ્ટીની દીકરી આથિયા શેટ્ટી આ દિવસોમાં તેની ગર્ભાવસ્થાની સફરનો આનંદ માણી રહી છે. તે સોશિયલ મીડિયા દ્વારા તેના ચાહકોને આ સુંદર સફરની ઝલક પણ બતાવી રહી છે. બોલિવૂડ અભિનેત્રી આથિયા શેટ્ટીએ તાજેતરમાં જ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના કેટલાક ફોટા શેર કર્યા છે. આમાં તે પોતાના બેબી બમ્પને ફલોન્ટ કરતી જોવા મળી રહી છે.કાળા ટોપ અને સફેદ સ્કર્ટમાં આથિયા સુંદર અને ક્લાસી લાગી હતી .તેમણે પોસ્ટમાં પોતાનો એક સેલ્ફી પણ શેર કર્યો છે.આથિયાના ચાહકો, મિત્રો અને સેલેબ્સ આ તસવીરો પર પ્રેમ વરસાવી રહ્યા છે. સોનાક્ષી સિંહાએ પોસ્ટ પર ટિપ્પણી કરી - ‘ખૂબ જ સુંદર અથુ.’ જર પયારે ધનશ્રી વર્માએ સફેદ હૃદય ઈમોજી અને દુષ્ટ આંખ ઈમોજી પોસ્ટ કર્યા છે.અન્યઅભિનેત્રીઓ પણ આથીયા પર વહાલ વરસાવી રહ્યા છે. આ પહેલા પણ આથિયાના આ જ લુકમાં કેટલાક ફોટા સામે આવ્યા હતા. તેણી તેના મિત્રો સાથે આનંદ માણતી જોવા મળી હતી. આ દરમિયાન, તેના પતિ કેએલ રાહુલે તેના બેબી બમ્પને પકડી રાખ્યો હતો.આથિયા શેટ્ટીએ ૨૩ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ક્રિકેટર કેએલ રાહુલ સાથે લગ્ન કર્યા.



### આ ફિલ્મ અંગે ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ મુકી

# કંગના રણૌત-આર માધવન દસ વર્ષે ફરી એકસાથે જોવા મળશે



**‘તનુ વેડ્ઝ મનુ’ ફિલ્મના બંને ભાગ પછી તેઓ પહેલી વખત સાથે કામ કરી રહ્યાં છે**

કંગના રણૌતે ડિરેક્ટ કરેલી ફિલ્મ ‘ઈમરજન્સી’ તાજેતરમાં જ રિલીઝ થઈ છે, તેના પછી તરત જ કંગનાએ હવે આગામી ફિલ્મ માટે કામ શરૂ કરી દિધું છે. આ ફિલ્મમાં કંગના અને આર માધવન ફરી એક વખત સાથે જોવા મળશે. ‘તનુ વેડ્ઝ મનુ’ ફિલ્મના બંને ભાગ પછી તેઓ પહેલી વખત સાથે કામ કરી રહ્યાં છે. સોમવારે કંગનાએ પોતાની ઈસ્ટાગ્રામ સ્ટોરી પર ફિલ્મની બિહાઈન્ડ ધ સીન તસવીરો શેર કરીને આ ફિલ્મ અંગે માહિતી આપી હતી. જોકે, હજુ આ ફિલ્મનું નામ જાહેર કરવામાં આવ્યું નથી. આ તસવીરમાં ફિલ્મના શૂટિંગ અંગે માહિતી આપતું ક્લેપબોર્ડ દેખાય છે. આ ફિલ્મમાં કંગના રણૌત અને આર.માધવન પણ છે. આ અંગે તસવીર શેર કરીને કંગનાએ લખ્યું હતું, ‘‘ફિલ્મ સેટ પર હોવાથી વધારે મજાની વાત બીજી કોઈ હોઈ શકે નહીં.’’ કંગનાની ‘ઈમરજન્સી’ તેણે ડિરેક્ટ કરેલી બીજી ફિલ્મ છે, આ પહેલાં તેણે ‘મણિકર્ણિકા - ધ ક્વીન ઓફ ઝાંસી’ ડિરેક્ટ કરી હતી. ઈમરજન્સીને ૨૬ જાન્યુઆરીએ રિલીઝના ૧૦ દિવસ થઈ ચૂક્યા છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહી છે.સેકનિકના આંકડા અનુસાર દસમા દિવસે આ ફિલ્મે ૧.૧૫ કરોડની કમાણી કરી હતી. આ સાથે આ ફિલ્મની કુલ આવક માત્ર ૧૬.૭૦ કરોડ જ થઈ શકી છે, જ્યારે આ ફિલ્મનું કુલ બજેટ ૬૦ કરોડ હતું. આ બાયોપિકમાં કંગનાએ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીનું પાત્ર ભજવ્યું છે.જ્યારે તાજેતરમાં આર.માધવને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ‘તનુ વેડ્ઝ મનુ’ના ત્રીજા ભાગમાંથી તેને કાઢી નખાયો છે અને ફિલ્મ માટે તેનો સંપર્ક કરાયો નથી. ત્યારે હવે કંગના અને માધવન ફરી કઈ ફિલ્મમાં કામ કરી રહ્યાં છે, તે બાબતે તેમના ફેન્સમાં ઉત્સાહ અને આતુરતા બંને વધી ગયા છે.

### નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં વિજેતા

## ગુજરાતના 'ટેબ્લો' માટે રાજ્ય સરકાર વતી ટ્રોફી-પ્રશસ્તિ પત્ર સ્વીકારતા માહિતી સચિવ અવંતિકા સિંઘ



। (માહિતી) ગાંધીનગર, તા.૩૧ ।

૨૬મી જાન્યુઆરી-૨૦૨૫ એટલે કે ૭૬માં ગણતંત્ર દિવસના ઉપલક્ષમાં નવી દિલ્હીના કર્તવ્ય પથ ઉપર યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતનો ટેબ્લો "આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ"ને 'પોપ્યુલર ચોઈસ એવોર્ડ' કેટેગરીમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો છે.

આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય રંગશાળા શિબિર ખાતેના ઝંકાર હોલમાં ટેબ્લો અંગે એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં કેન્દ્રીય રક્ષા રાજ્ય મંત્રી શ્રી સંજય શેઠના હસ્તે ગુજરાત સરકાર વતી વિજેતા ટ્રોફી તથા પ્રશસ્તિપત્ર મુખ્યમંત્રીશ્રીના સચિવ તેમજ માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રી અવંતિકા સિંઘ ઔલખે સ્વીકાર્યું હતું. આ પ્રસંગે માહિતી નિયામક શ્રી કે.એલ.બચાણી તથા સંયુક્ત નિયામક ડો. સંજય ક્યોટ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંરક્ષણ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી અમિતાભ પાઠક, ડાયરેક્ટર-સેરીમોનીયલ, શ્રી વિકાસ કુમાર તથા સંરક્ષણ મંત્રાલયના ખાસ ફરજ પરના અધિકારી શ્રી શિવકુમાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતનો ટેબ્લો પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં પ્રથમ સ્થાને આવી રહ્યો છે તેની ગૌરવપૂર્ણ સિદ્ધિ અંગે ગુજરાતના સૌ નાગરીકોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "વિરાસત ભી, વિકાસ ભી"નો જે મંત્ર આપ્યો છે તેને ગુજરાત જનભાગીદારી થી સાકાર કરી રહ્યું છે અને ભવિષ્યમાં પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. ૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હી ખાતે કર્તવ્ય પથ પર વિવિધ રાજ્યો અને સરકારના વિભાગોના ૩૧ ટેબ્લોઝ રજૂ કરવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્યના માહિતી વિભાગે પ્રસ્તુત કરેલા ટેબ્લોમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતે આધુનિક વિકાસની જે હરણફાળ ભરી છે તે વિકાસ ગાથા પ્રાચીન વિરાસતની ઝાંખી સાથે પ્રસ્તુત થઈ હતી. આ પરેડમાં રજૂ થતા વિવિધ ટેબ્લોઝ માટે નાગરિકો પોતાના વોટ ઓનલાઈન આપીને "પોપ્યુલર ચોઈસ"ના શ્રેષ્ઠ ટેબ્લોને પસંદ કરી શકે તેવો નવતર અને પારદર્શી અભિગમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અપનાવવામાં આવ્યો છે જેમાં ગુજરાત સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે વિજેતા બન્યું છે. ગુજરાતના ટેબ્લોએ પોપ્યુલર ચોઈસ કેટેગરી એવોર્ડમાં અગ્રેસર રહેવાની પરંપરા ૨૦૨૩ના ૭૪માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડથી શરૂ કરી છે. આ પરેડમાં રાજ્ય સરકારે "ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત"ના ટેબ્લોમાં વડાપ્રધાનશ્રીએ પુનઃ પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહવાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલની ઝાંખી પ્રસ્તુત કરી હતી. ગત વર્ષ-૨૦૨૪ના ૭૫માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતે રજુ કરેલા ટેબ્લો "ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ-UNWTO"ની પ્રસ્તુતિને પણ 'પોપ્યુલર ચોઈસ' કેટેગરીમાં પ્રથમ ક્રમ મળ્યો હતો. એટલું જ નહીં, ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની- જ્યુરીની ચોઈસમાં પણ ગુજરાતના આ ટેબ્લોએ ૨૦૨૪માં બીજો ક્રમ મેળવ્યો હતો. આ જ પરંપરામાં વધુ એક સિધ્ધિ મેળવીને ૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજી વાર પ્રથમ ક્રમ મેળવીને હેટ્રીક સર્જવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે.

## માર્ગ સલામતી માસ અંતર્ગત ખાનપુર તાલુકાના બાકોર ખાતે એઆરટીઓ લુણાવાડા કચેરી દ્વારા લોકોને રોડ સેફ્ટી અંગે સમજ આપવામાં આવી





। (માહિતી બ્યૂરો) મહીસાગર, તા.૩૧ ।

દેશમાં દિવસે ને દિવસે રોડ અકસ્માતની ઘટના વધી રહી છે. અકસ્માતના કારણે દર વર્ષે હજારો લોકો જીવ પણ ગુમાવે છે. ત્યારે મહીસાગરની એ.આર.ટી.ઓ. શાખા દ્વારા રોડ સેફ્ટી માસ અંતર્ગત ટ્રાફિક નિયમોનું મહ્ત્વ લોકો સુધી પહોંચાડી તેમને જાગૃત કરવાનો પ્રયાસ કરી રહી છે. જેથી ભવિષ્યમાં અકસ્માતની ઘટનાઓને અટકાવી શકાય અને લોકોનો જીવ બચી શકે.

આજરોજ માર્ગ સલામતી અભિયાન અંતર્ગત ખાનપુર તાલુકાના બાકોર ખાતે એઆરટીઓ લુણાવાડા કચેરી દ્વારા રમુજી અંદાજમાં રંગલાના પાત્ર દ્વારા લોકોને રોડ સેફ્ટી અંગે સમજ આપવામાં આવી અને રોડ સેફ્ટી પેમ્પલેટ વિતરણ કરવામાં આવ્યું.

## લીમડી આંગણવાડી વર્કર કિશોરી બહેનોને લીમડી પોલીસ સ્ટેશનની મુલાકાત કરવામાં આવી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૧ ।

આજ રોજ દાહોદ જિલ્લાના ઝાલોદ ઘટક ૨ માં મુખ્ય સેવિકા, BNM સ્ટાફ, DSMU સ્ટાફ, PSE instructor તથા આંગણવાડી વર્કર ધ્વારા કિશોરીઓની લીમડી પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામા આવી જેમાં થીમ મુજબ રાષ્ટ્રીય બાલિકા દિવસ ની ઉજવણી, ઘરેલુ હિંસા, દહેજ પ્રથા, સામાજિક શોષણ, બાળ લગ્ન, જાતીય સતામણી, ૧૮૧ હેલ્પ લાઈન વગેરે કાયદાઓ વિષે સમજ આપવામાં આવી. તેમજ સોશિયલ મીડિયા ગેરફાયદા અંગે કિશોરીઓને સમજ આપવામાં આવી.સરકારશ્રી દ્વારા ઘણી બધી યોજનાઓ અને કાયદાઓ આજે અમલ માં છે. જેના દ્વારા સ્ત્રી એ સ્વમાન ભેર પોતાની જિંદગી જીવી શકે અને ખરાબ દૂષણોમાંથી બચી શકી છે સરકાર શ્રી દ્વારા મહિલા પોલિશ સ્ટેશન/ મહિલા અભયમ હેલ્પલાઈન નંબર ૧૮૧ વન સપોટ સેન્ટરો વગેરે ચાલુ છે તેની હેલ્પ કેવી રીતે લેવી તે જાણકારી કિશોરીને આપવામાં આવી તેમજ વધુમાં પોલીસ સ્ટાફ દ્વારા કિશોરીઓમા શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુથી પોલીસ સ્ટેશનની આંતરિક મુલાકાત, કિશોરીઓ સાથે સંવાદ તેમજ અધિકારી અને પોલીસ સ્ટાફ દ્વારા પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ડાંગ જિલ્લા કલેક્ટર મહેશ પટેલે એસ્પિરેશનલ બ્લોક સુબિરમા સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની નવી શાખાનો શુભારંભ કરાવ્યો



। (માહિતી) ડાંગ, તા.૩૧ ।

ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલે એસ્પિરેશનલ બ્લોક સુબિર સ્થિત તાલુકા સેવા સદન ખાતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની નવી શાખાનો શુભારંભ કરાવ્યો હતો. ડાંગ જિલ્લાના એસ્પિરેશનલ સુબિર તાલુકાના છેવાડાના લોકોને ઘર આંગણે બેંકિંગ સેવા મળી રહે તેવી લોક માંગ તેમજ જન હિત અર્થે, જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલના પ્રયાસોથી સુબિરમા નવિન સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો પ્રારંભ થવા પામ્યો છે. એસ્પિરેશનલ બ્લોક સુબિરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની આ નવીન શાખા, સ્થાનિક લોકોને આધુનિક બેંકિંગ સુવિધાઓ પુરી પાડી દેશના અર્થતંત્રના વિકાસમા મહત્વપૂર્ણ યોગદાન આપશે, તેમ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલે આ પ્રસંગે જણાવ્યુ હતુ. સુબિર ખાતે શરૂ થયેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા શાખા તેના ગ્રાહકોને ઝડપી અને અસરકારક બેંકિંગ સેવાઓ પ્રદાન કરવા માટે સજ્જ છે. આ બેંક ડિજિટલ બેંકિંગ, લોન સુવિધાઓ તેમજ અન્ય વિવિધ સુવિધાઓ દ્વારા સુબિર વિસ્તારના લોકોને વધુ સહાયતા મેળવવામા મદદરૂપ થશે, તેમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા-સુબિર શાખાના મેનેજર શ્રી શશિ ભુષણે જણાવ્યુ હતુ. આ પ્રસંગે સુબિર મામલતદાર શ્રી આઈ. એમ.સૈયદ, નવસારી, ડાંગ અને તાપી જિલ્લાના રિજનલ મેનેજર શ્રી સંજય ચૌહાણ, આહવાના બ્રાન્ચ મેનેજર શ્રી ગુલાબ ડોલીયા, ડેપ્યુટી મેનેજર શ્રી નિતિન ચૌધરી, સહિત સ્થાનિક આગેવાનો, ખેડૂત પ્રતિનિધિઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### નેહરુ યુવાકેન્દ્રના ૧૬માં આદિવાસી યુવા આદાન પ્રદાન કાર્યક્રમ અંતર્ગત

## છત્તીસગઢ, ઝારખંડ અને મહારાષ્ટ્રના ૨૦૦ યુવાનો સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે



। (માહિતી) નર્મદા, તા.૩૧ ।

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સહયોગથી કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર અને માય ભારત નર્મદા દ્વારા ૧૬માં આદિવાસી યુવા આદાન પ્રદાન કાર્યક્રમ અંતર્ગત છત્તીસગઢ, ઝારખંડ અને મહારાષ્ટ્રના યુવાનો ગુજરાતના પ્રવાસે છે. જેઓ ગતરોજ તા.૩૦મી જાન્યુઆરી-૨૦૨૫ને ગુરૂવારના રોજ નર્મદા જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા. આ ટૂરમાં સામેલ ૨૦૦ જેટલાં આદિવાસી યુવક-યુવતીઓ અને ૨૦ CRP-Fના જવાનોએ એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી સરદાર સાહેબની વિરાટતમ પ્રતિમા નિહાળી અભિભૂત થયા હતા. મુલાકાત દરમિયાન પ્રતિભાગીઓએ ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ચરિત્ર અને દેશના સ્વતંત્રતા સંગ્રામમાં આપેલા યોગદાન વિશે પણ જાણ્યું હતું. બાદમાં તેઓ જંગલ સફારી પાર્ક, કમલમ પાર્ક, ફ્લાવર ઓફ વેલીની મુલાકાત, એકતાનગરની આસપાસ ના અદભૂત દશ્યોનો પણ આનંદ માણ્યો હતો. આ



કાર્યક્રમમાં આદિવાસી યુવાનોએ તેમના અનુભવો, પરંપરાઓ અને વિચારો એખબીજા સાથે શેર કર્યા હતા. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કાર્યક્રમની એક વિશેષતા એ રહી કે તે ભારતના વિવિધ સમુદાયોની એકતા અને શક્તિનું પ્રતીક હોય યુવાનોએ પ્રત્યક્ષ નિહાળી વિવિધતામાં એકતાના દર્શન કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન માય ભારત અને નહેરુ યુવા કેન્દ્ર - નર્મદા તથા નેહરુ યુવા કેન્દ્ર સુરતના જિલ્લા યુવા અધિકારી સચિન શર્મા દ્વારા કરવામાં આવી રહ્યું છે. તેઓની સાથે પ્રોગ્રામ ઓફિસરશ્રી ચંદ્રકાંત બક્ષી તથા મનીષ ભટ્ટ પણ જોડાયા હતા.

## વિમલ પટેલના અધ્યક્ષ સ્થાને અમદાવાદ શહેર અન્ન અને નાગરિક પુરવઠા તથા ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ



। (માહિતી) અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદ શહેર અન્ન નિયંત્રક શ્રી વિમલ પટેલના અધ્યક્ષસ્થાને અમદાવાદના શાહીબાગ ખાતે આવેલા સર્કિટ હાઉસમાં અમદાવાદ શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં વ્યાજબી ભાવની દુકાનોના ધંધાના સ્થળ બદલવાની દરખાસ્તને કાયમી મંજુરી આપવા બાબત તેમજ વ્યાજબી ભાવની દુકાન મર્જ કરવા બાબતની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત બેઠકમાં વ્યાજબી ભાવના દુકાનોના તથા રેશનકાર્ડ ધારકોને રેશન વિતરણ બાબતોની વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી. એન.એફ.એસ.એ હેઠળ વ્યાજબી ભાવની દુકાનો ઉપરથી લાભાર્થીઓને જાન્યુઆરી-૨૦૨૫ના માસમાં પ્રમાણ તથા ભાવની વિગતોની સમીક્ષા અને ડિસેમ્બર-૨૦૨૪ના માસમાં કરેલી આ.ચી.વ વિતરણ સહિતની વિગતવાર સમીક્ષા અને ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં અમદાવાદ શહેરમાં રેશનકાર્ડ ધારકો માય રેશન એપ્લિકેશન થકી ઘરે બેઠા કે.વાય.સી કેવી રીતે થઈ શકે ? તેની જાગૃતિ લાવવાના પ્રયાસ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. માય રેશન એપ્લીકેશન થકી હાલ મહત્તમ લાભાર્થીઓ કે.વાય.સી કરી શકે છે.આ એપ્લીકેશન વડે લાભાર્થીઓ કે.વાય.સી કર્યા બાદ અધિકારીશ્રી કક્ષાએ તેનુ આખરી વેરીફીકેશન થાય છે. આ બેઠકમાં અમરાઈવાડીના ધારાસભ્ય શ્રી હસમુખ પટેલ, ફેર પ્રાઈસ શોપ એસોસિએશનના પ્રમુખ શ્રી પ્રહલાદભાઈ મોદી તેમજ પુરવઠા શાખાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અડાજણ એસ. ટી બસ સ્ટેન્ડ ખાતે "સડક સુરક્ષા - જીવન સુરક્ષા" થીમ પર માર્ગ સલામતી જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



। (માહિતી) સુરત, તા.૩૧ ।

નેશનલ રોડ સેફ્ટી મંથ અંતર્ગત સુરત આર. ટી. ઓ. કચેરી અને પોલીસ કમિશનર કચેરીના સંયુકત ઉપક્રમે અડાજણ એસ. ટી. બસ સ્ટેન્ડ ખાતે " સડક સુરક્ષા - જીવન સુરક્ષા "વિષય પર ટ્રાફિક અવેરનેસ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ જન જાગૃતિ કાર્યક્રમમાં માર્ગ સલામતીના વિશેષજ્ઞ દ્વારા એસ.ટી ના કર્મચારીઓ તથા મુસાફરોને ટ્રાફીકના નિયમોનું પાલન તથા વાહન ચલાવતી વેળાએ લેવાની થતી કાળજી પર સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા. માર્ગ સલામતી જનજાગૃતિ કાર્યક્રમમાં ટ્રાફીક શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એન.કે.ડામોર, આર.ટી.ઓ વિભાગના આસી. મોટર વ્હીકલ ઈન્સપેકટરશ્રીઓ ડી.બી.અસારી, શ્રી એન.પી.પટેલ, શ્રી આર.એ.વાડી, સુરત એસ.ટી વિભાગના કાર્યકારી પરિવહન અધિકારીશ્રી ઓ.જી. સુરતી, તેમજ આસી. ટ્રાફીક સુપ્રિટેન્ડેન્ટશ્રી મહેશ મોદી અને મોટી સંખ્યામાં મુસાફરો ઉપસ્થિત રહયાં હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. તમારી ઈચ્છાઓ પૂર્ણ થશે કેમ કે આશીર્વાદ અને સારૂં ભાગ્ય તમારી તરફ આવી રહ્યું છે-તથા અરાઉના દિવસની સખત મહેનત પણ રંગ લાવી રહી છે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમારે થોડી ધીરજ રાખવાણી જરૂર છે કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. આજે તમે તમારા જીવન ની મુશ્કેલીઓ તમારા જીવનસાથી સાથે વહેંચવા માંગો છો, પરંતુ તેઓ તમને તેમની સમસ્યાઓ વિશે કહેશે અને તમને વધુ પરેશાન કરી દેશે.

**સિંહ (મ,ટ) :**

આજે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. આજે તમે તમારા કામમાં પ્રગતિ જોઈ શકો એવી શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે, તેના ગુસ્સા પર નારાજ થવા કરતા તેના શબ્દો ને સમજવું વધુ સારું રહેશે.

**તુલા (ર,ત) :**

આજે તમે ઑફિસમાંથી ઘરે ગયા બાદ થોડો સમય પરિવાર સાથે મસ્તી મજાક માં પસાર કરવો અને વડીલો સાથે પણ બેસવું તમને ખરેખર આનંદ આવશે. નાણાં પ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો તથા કામમાં તમારી દઢતા અને કટિબદ્ધતા દેખાડશો તો. જેઓ ઘર ની બહાર રહે છે આજે તે તેમના બધા કાર્ય પૂર્ણ કર્યા પછી, સાંજે ઉદ્યાન માં અથવા એકાંત સ્થળે સમય વિતાવવા નું પસંદ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો. હાથમાં લીધેલા નવા કાર્યો અપેક્ષાથી ઊણા ઉતરશે.

**મકર (ખ,જ) :**

આજે કોઈપણ વસ્તુ ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં, એના કરતાં જીવનના પાઠ શીખવાનો પ્રયાસ કરજો. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો.

## ન્યૂઝ બ્રિફ

### ‘હું તમાશો નથી જોવાનો, ડોલરને ઈગ્નોર ના કરતાં..’

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧ ।

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ BRICS દેશોથી ભારે નારાજ હોવાનું સામે આવ્યું છે. છેલ્લા ઘણા સમયથી એવા અહેવાલ હતા કે બ્રિક્સ દેશો પોતાની કરન્સી લાવશે. પણ હવે ટ્રમ્પે આ મામલે બ્રિક્સ દેશોને ખુલ્લી ધમકી આપી દીધી છે. ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ઈચ્છે છે કે બ્રિક્સ દેશો સમજી લે કે તે અમેરિકન ડૉલરનું સ્થાન નહીં લઈ શકે. જો એવું થશે તો બ્રિક્સ દેશો ૧૦૦% ટેરિફ ચૂકવવા તૈયારી કરી લે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર કહ્યું કે બ્રિક્સ દેશો અમેરિકન ડૉલરના વર્ચસ્વને પડકારવાનો પ્રયાસ કરી રહ્યા છે અને અમે તમાશો જોઈ રહ્યા છીએ પણ હવે આવું નહીં ચાલે. હું તમાશો નથી જોવાનો.ટ્રમ્પે કહ્યું કે આ હોસ્ટાઈલ દેશો અમેરિકન ડૉલરના વર્ચસ્વને પડકારવાનો પ્રયાસ ન કરે અને ન તો બ્રિક્સ દેશોની કોઈ કરન્સી લાવે અથવા તેને સપોર્ટ કરે. જો કોઈએ આવું કર્યું તો બ્રિક્સ દેશો પર ૧૦૦% ટેરિફ લગાવાશે. ટ્રમ્પે કહ્યું કે જો મારી વાત ન માની તો અમેરિકન બજારના દરવાજા આવા દેશો માટે કાયમ માટે બંધ કરી દઈશ. તેમણે કોઈ અન્ય બજારો શોધવા પડશે.

### પિતાએ ગુસ્સામાં પુત્રીને મોતને ઘાટ ઉતારી દીધી

। (એજન્સી) બલુચિસ્તાન, તા.૩૧ ।

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતનાં મુખ્ય શહેર કવેટામાં ૧૫ વર્ષની એક કિશોરીએ ટિક-ટોક-વિડીયો બનાવતાં, તેના પિતા અને મામાએ ગોળી મારી તેની હત્યા કરી હતી. સ્થાનિક મિડીયાના અહેવાલ ઉપરથી એએનઆઈ આ માહિતી આપતાં જણાવે છે કે તે ૧૫ વર્ષીય કિશોરી- હીરા-ને વિડીયોબનાવવાનો શોખ હતો. તે પ્રમાણે તે ટિક-ટોક પર વિડીયો બનાવતી હતી. તેથી તેના પિતાને તેની ઉપર ગુસ્સો આવતો હતો. સોશ્યલ-મીડીયા પર આવા વિડીયો નહીં બનાવવા તે તેને વારંવાર કહેતો હતો, પરંતુ તે કિશોરી માનતી ન હતી. આથી કૃદ્ધ થયેલા પિતાએ, તેના સાળા- કિશોરીના મામા સાથે મળી કાંટો કાઢી નાખવાની યોજના ઘડી હતી.અન્વર ઉલ-હક્ક ૧૫મી જાન્યુઆરીએ અમેરિકાથી તેની પત્ની અને બે પુત્રીઓ સાથે પાકિસ્તાન પરત આવ્યો હતો. તેની બીજી બે પુત્રીઓ યુએસમાં રહી હતી.

### અલ-કાયદાનો ટોચનો આતંકી સલાહ અલ-જબીર ઠાર

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧ ।

અમેરિકન સૈન્યએ ગુરુવારે અલ કાયદા સાથે સંકળાયેલા આતંકી સંગઠનના સિનિયર આતંકી મોહમ્મદ અલ સલાહ અલ જબીરને મોતને ઘાટ ઉતારી નાખ્યો. સીરિયાના ઉત્તર-પશ્ચિમ ભાગમાં એક હવાઈ હુમલામાં તેનું મોત નિપજ્યું. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે એક નિવેદનમાં જણાવ્યું કે આ હવાઈ હુમલા આતંકીઓના નેટવર્કને તોડવા માટે કરાયા હતા. જબીર હુરાર્સ અલ દીન નામના આતંકી સંગઠનનો આતંકી હતો જે અલ કાયદાના નેટવર્ક સાથે જોડાયેલો હતો. જ્યારે ઈઝરાયલે પેલેસ્ટિનિયન સંગઠન હમાસના સૈન્ય પ્રમુખ મોહમ્મદ દૈફને હવાઈ હુમલામાં ઠાર કર્યો છે. આઈડીએફએ આ ઘટનાની પુષ્ટી કરી હતી.

#### યમુનામાં ઝેરવાળા નિવેદન પર PM નરેન્દ્ર મોદીના કેજરીવાલ પર પ્રહારો

# હું સ્વયં પણ યમુનાનું પાણી પીવું છું: પીએમ મોદી

### નરેન્દ્ર મોદીએ યમુના નદીની સ્થિતિને લઈને આમ આદમી પાર્ટી(આપ)ની સરકાર પર શાબ્દિક પ્રહાર કર્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યમુના નદીની સ્થિતિને લઈને આમ આદમી પાર્ટી(આપ)ની સરકાર પર શાબ્દિક પ્રહાર કર્યા છે. પીએમ મોદીએ નામ લીધા વિના કેજરીવાલ પર સીધા પ્રહાર કરીને કહ્યું કે, ‘જે લોકો યમુનાની સફાઈના નામ પર વોટ લેતા હતા, એ આજે તેનાથી મોં ફેરવી રહ્યા છે.’ દિલ્હીમાં રેલી દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે ‘દિલ્હીમાં અમારા બધા જજ, જસ્ટિસ અને આદરણીય સભ્યો હરિયાણાથી મોકલવામાં આવેલ આ પાણી પીવે છે. તમારા વડાપ્રધાન પણ આ જ પાણી પીવે છે. શું કોઈ કલ્પના કરી શકે કે હરિયાણાએ મોદીને ઝેર પીવડાવ્યું હશે?’ દિલ્હી એક એવી સરકાર ઈચ્છે છે, જે ગરીબો માટે ઘર બનાવશે અને દરેક ઘર સુધી પાણી પહોંચાડશે. વડાપ્રધાનમાં વધુમાં કહ્યું કે, દિલ્હીના એક પૂર્વ



મુખ્યમંત્રી(કેજરીવાલ)એ હરિયાણાના લોકો પર ધૃણાસ્પદ આક્ષેપ લગાવ્યા છે. તેમની(કેજરીવાલ) હિંમત તો જુઓ એ હરિયાણાના લોકો પર આક્ષેપ લગાવી રહ્યા છે, યમુનાની સફાઈ કરવી નથી હારના સંકેતથી ભયભતી થઈ ગયા છે. સોનીપતઃ હરિયાણા સરકારે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સામે સોનીપત જિલ્લાની કોર્ટમાં કાયદાની કલમ ૨(ડી) અને ૫૪ હેઠળ કેસ દાખલ કરાવ્યો છે. હરિયાણાના મંત્રી વિપુલ ગોયલે માહિતી આપતા કહ્યું કે રાજ્ય સરકારે અરવિંદ કેજરીવાલના યમુનાના પાણીમાં ઝેર હોવાના નિવેદન પર તેમની સામે કેસ નોંધાવ્યો છે.કેજરીવાલ નવી કાનૂની મુસીબતમાં ફસાઈ ગયા છે. દિલ્હીના પાણી પુરવઠામાં વિક્ષેપ પાડવા માટે હરિયાણાની સરકાર યમુના નદીમાં ‘ઝેર’ ઠાલવી રહી હોવાના તેમના દાવા બદલ હરિયાણાની એક કોર્ટે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રીને સમન્સ જારી કર્યા છે. કોર્ટે કેજરીવાલને ૧૭ ફેબ્રુઆરીએ હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે. કેજરીવાલને અપાયેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે જો તેઓ આમ કરવામાં નિષ્ફળ જાય તો કાયદા મુજબ તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. કેજરીવાલને તેમના આરોપો પાછળના કારણો સમજાવવા કહેવાયું છે. ચૂંટણી પંચે પણ અગાઉ કેજરીવાલ પાસે તેમના દાવાના પુરાવા માંગ્યા હતા.

#### ૨૦૨૧ના કેસનું સેટલમેન્ટ કર્યું

# રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ૨૧૬ કરોડ રૂપિયા આપી શકે મેટા

### ટ્રમ્પની પહેલી પ્રેસિડન્ટ તરીકેની ટર્મ પૂરી થઈ હતી એના થોડા મહિના બાદ જ તેમણે ફેસબુકની પેરન્ટ કંપની પર કેસ કર્યો હતો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૧ ।

મેટા કંપની અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સેટલમેન્ટ થઈ ગયું છે. આ માટે મેટા દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પને ૨૧૬ કરોડ રૂપિયા આપવામાં આવશે. ટ્રમ્પની પહેલી પ્રેસિડન્ટ તરીકેની ટર્મ પૂરી થઈ હતી એના થોડા મહિના બાદ જ તેમણે ફેસબુકની પેરન્ટ કંપની પર કેસ કર્યો હતો. અમેરિકાની કેપિટોલ હિંસા માટે ડોનાલ્ડ ટ્રમ્પને જવાબદાર ગણવામાં આવ્યા હતા. હિંસા માટે ડોનાલ્ડ ટ્રમ્પની ભૂલ હતી એવો તેમના પર આરોપ મૂકવામાં આવ્યો હતો. આ આરોપ બાદ મેટા દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પના એકાઉન્ટને ફેસબુક પરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું હતું. આ માટે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કંપની પર કેસ કરવામાં આવ્યો હતો. તેમણે એને ગેરકાયદેસર અને અમેરિકાના લોકો પર સેન્સરશિપ લગાવવામાં આવે છે એ ખૂબ જ શરમજનક વાત પણ કહી હતી. આ કેસના થોડા વર્ષ બાદ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી પ્રેસિડન્ટ તરીકે અમેરિકાની કમાન સંભાળી છે. આથી હવે કંપનીઓ તેમની સાથેના સંબંધને ફરી સુધારવાની કોશિશ કરી રહી છે. ફેસબુક સહિત ગૂગલ અને અન્ય કંપનીઓ પણ ડોનાલ્ડ ટ્રમ્પની રડાર પર હતી. મેટા કંપની પર ડોનાલ્ડ ટ્રમ્પનો ખતરો હતો. માર્ક ઝકરબર્ગ અને ડોનાલ્ડ ટ્રમ્પની ઘણી મીટિંગ પણ થઈ હતી. આ મીટિંગ બાદ માર્ક ઝકરબર્ગની કંપનીની પોલિસીમાં પણ ઘણો બદલાવ જોવા મળ્યો હતો. જોકે સૌથી મોટા સમાચાર આ કેસના સેટલમેન્ટના છે. મેટા કંપનીએ ડોનાલ્ડ ટ્રમ્પને ૨૨ મિલિયન એટલે કે અંદાજે ૨૧૬ કરોડ રૂપિયા આપવા માટેનું સેટલમેન્ટ કર્યું હોવાની ચર્ચા ચાલી રહી છે. આ પૈસાને ડોનાલ્ડ ટ્રમ્પના નોન-પ્રોફિટ ફંડમાં મોકલવામાં આવશે. માર્ક ઝકરબર્ગ નવેમ્બરમાં ડોનાલ્ડ ટ્રમ્પને તેમના પ્રાઈવેટ ફ્લોરિડા ક્લબમાં મળ્યા હતા.

#### હિન્દુ રાષ્ટ્રવાદનો પ્રથમ વખત કટ્ટરવાદી વિચારસરણી તરીકે ઉલ્લેખ કરાયો

# બ્રિટનને ખાલિસ્તાનીઓ ઉપરાંત હિન્દુ રાષ્ટ્રવાદીઓનો પણ ખતરો

। (એજન્સી) લંડન, તા.૩૧ ।

બ્રિટન સરકારના લીક થયેલા એક્સ્ટ્રીમિઝમ રિવ્યુ નામના રીપોર્ટમાં દેશમાં ઊભરતા નવ જોખમમાં ખાલિસ્તાની ઉગ્રવાદની સાથે હિન્દુ રાષ્ટ્રવાદનો પણ સમાવેશ કરાયો છે. સરકારની આવી સમીક્ષામાં હિન્દુ રાષ્ટ્રવાદનો પ્રથમ વખત કટ્ટરવાદી વિચારસરણી તરીકે ઉલ્લેખ કરાયો છે. આ રીપોર્ટમાં ભારત સરકારની વિદેશી ભૂમિકા વિશે પણ ચિંતાઓ વ્યક્ત કરાઈ છે.યુકે હોમ ઓફિસના સુરક્ષા પ્રધાન ડેન જાર્વિસે મંગળવારે હાઉસ ઓફ કોમન્સમાં જણાવ્યું હતું કે રીપોર્ટનું કયું વર્ઝન લીક થયું છે તે સ્પષ્ટ નથી અને તેના દાવા સરકારની નીતિનું પ્રતિનિધિત્વ કરતાં નથી. લીક થયેલા અહેવાલ મુજબ આ દસ્તાવેજમાં સૌથી લાંબા વિભાગને અંડરસ્ટેન્ડ નામ અપાયું છે. તેમાં નવ પ્રકારના કટ્ટરવાદનો ઉલ્લેખ કરાયો છે, જેમાં ક્રમવાર ધોરણે ઈસ્લામવાદી, કટ્ટર જમણેરી, કટ્ટર મહિલા વિરોધી, ખાલિસ્તાન તરફી ઉગ્રવાદ, હિન્દુ રાષ્ટ્રવાદી ઉગ્રવાદ, પર્યાવરણીય ઉગ્રવાદ, ડાબેરી પાંખ, અરાજકતાવાદી અને સિંગલ-ઈશ્યુ એક્સ્ટ્રીમિઝમ (LASI), હિંસા અન ષડયંત્રોનો સમાવેશ કરાયો છે. “અંડરસ્ટેન્ડ” સેક્શનના ૧૭-૧૮ પેજમાં બે પ્રકારના ઉગ્રવાદનો ઉલ્લેખ કરાયો છે, જેનું મૂળ ભારતીય ઉપખંડમાં છે. તેમાં ખાલિસ્તાન તરફી ઉગ્રવાદ અને હિન્દુ રાષ્ટ્રવાદી ઉગ્રવાદનો સમાવેશ કરાયો છે.ખાલિસ્તાન ઉગ્રવાદ અંગે રીપોર્ટમાં જણાવાયું છે કે ખાલિસ્તાનને સમર્થન આપવું તે ઉગ્રવાદ છે પરંતુ આ હેતુના સમર્થનમાં હિંસાની તરફેણ કરવામાં આવે છે.

#### આ વર્ષના કેન્દ્રીય બજેટમાં નાણામંત્રી આ જાહેરાત કરી શકે છે

# ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી બાદ ભારત અમેરિકન માલ-સામાન પર ટેરિફ ઘટાડી શકે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત અને ચીન સહિત કેટલાક દેશો પર ટેરિફ લાદવાની ચેતવણી બાદ, ભારત અમેરિકાથી આયાત થતા કેટલાક ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવાની વિચારણા કરી રહ્યો છે. ભારત સરકાર અમેરિકાથી આયાત થતા ચોક્કસ પ્રકારના સ્ટીલ, હાઈ-એન્ડ મોટરસાયકલો અને ઈલેક્ટ્રોનિક સામાન પર ટેરિફ ઘટાડવાનું વિચારી રહી છે. જણાવી ગઈએ કે આ પગલાની સ્થાનિક ઉદ્યોગો પર બહુ અસર નહીં પડે અને શનિવારે જ્યારે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ બજેટ રજૂ કરશે ત્યારે આ વાતની પુષ્ટિ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે હાલમાં, ભારત અમેરિકાથી આયાત થતી ૨૦ વસ્તુઓ પર ૧૦૦ ટકાથી વધુ ડ્યુટી વસૂલ કરે છે. આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકાના ષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત, ચીન અને બ્રાઝિલને “ભારે ટેરિફ લાદનારા દેશો” તરીકે વર્ણવ્યા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોમવારે ફ્લોરિડામાં રિપબ્લિકન સાંસદોને જણાવ્યું હતું કે અમેરિકા એવા દેશો પર ટેરિફ લાદશે જે અમેરિકાને “નુકસાન” પહોંચાડી રહ્યા છે. તેમણે ચીન, ભારત અને બ્રાઝિલને ઉચ્ચ-ટેરિફ વસૂલનારા દેશોની શ્રેણીમાં મૂક્યા છે. ચીન ઊંચા ટેરિફ લાદે છે અને ભારત, બ્રાઝિલ તથા બીજા ઘણા દેશો પણ તે જ રીતે કરે છે. પરંતુ અમે હવે આવું થવા દેવાના નથી કારણ કે અમે અમેરિકા ફર્સ્ટની નીતિ અપનાવવા જઈ રહ્યા છીએ. તેમણે ખાસ કરીને ભારત, ચીન અને બ્રાઝિલનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ દેશો અમેરિકા સામે વેપાર પર આકરું ટેરિફ લાદે છે. તેમણે કહ્યું હતું કે અમે પારસ્પરિક વેપાર કરીશું. આપણા પર જે દેશ જેટલું કર લાદે છે તો આપણે પણ એના પર એ જ પ્રમાણમાં કર લાદીશું. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની મુલાકાતની તૈયારી કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે અગાઉ, જ્યારે જો બાઈડેન રાષ્ટ્રપતિ હતા, ત્યારે ટ્રમ્પે મોદીની અમેરિકા મુલાકાતના થોડા દિવસો પહેલા આ પ્રકારનું નિવેદન આપ્યું હતું.

# સ્થાનિક કામદારોના હકોની રક્ષા માટે સમિતિ રચોઃ સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને સ્થાનિક કામદારોના અધિકારનું રક્ષણ કરવા કાનૂની માળખાની રચના માટે નિર્દેશ કર્યો છે. કોર્ટે બુધવારે જણાવ્યું હતું કે, દેશમાં શોષણનો ભોગ બનતા લાખો કામદારો માટે અત્યારે કોઈ અસરકારક કાયદો નથી.જજ સૂર્યકાંત અને ઉજ્જલ ભુયાનની બેન્ચે જણાવ્યું હતું કે, “સ્થાનિક કામદારોના શોષણ અને અત્યાચારની ઘટનાઓ દેશભરમાં વધી છે. જેનું મુખ્ય કારણ તેમના રક્ષણ અને અધિકારો માટે કાયદાનો અભાવ છે. ભારતમાં સ્થાનિક કામદારો માટે કોઈ સુરક્ષા નથી. ઉપરાંત, તેમના માટે કોઈ વ્યાપક કાનૂની ઓળખ પણ નથી. એટલે તેમણે ઓછા વેતન, અસુરક્ષિત માહોલ અને વધારે કલાકો માટે કામ કરવું પડે છે.” કોર્ટે શ્રમ અને રોજગાર મંત્રાલય, સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય, મહિલા અને બાળવિકાસ મંત્રાલય તેમજ કાયદા અને ન્યાય મંત્રાલયને સંયુક્ત રીતે સમિતિની રચના કરવા જણાવ્યું છે.

#### આ કેસની નિયમિત સુનાવણી ૧૭ માર્ચથી શરૂ થશે

# સુપ્રીમે ‘ટ્રિપલ તલાક’ કેસમાં પુરુષો સામેની FIR, ચાર્જશીટનું લિસ્ટ માંગ્યું

### સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ટ્રિપલ તલાકને ગેરકાયદેસર જાહેર કરાયો હતો, તમારા છૂટાછેડાને માન્યતા મળેલી નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

સુપ્રીમ કોર્ટે ‘ટ્રિપલ તલાક’ના મુદ્દે કડક વલણ અપનાવ્યું છે. ચીજ જસ્ટિસ સંજીવ ખન્નાએ બુધવારે આવા કેસમાં પુરુષો સામે કરાયેલી એફઆઈઆર અને ચાર્જશીટની સંખ્યા અંગે જાણકારી માંગી હતી. કેન્દ્ર સરકારે ટ્રિપલ તલાકના કાયદાને ખતમ કરવાના નિર્ણયને પડકારતી ૧૨ અરજીઓ પર સુનાવણી કરતી વખતે કેન્દ્ર અને અન્ય પક્ષોને ડેટા સુપરત કરવા જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે ટ્રિપલ તલાકના મુદ્દે કેન્દ્ર પાસે ૨૦૧૯ના મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ મેરેજ રાઈટ) એક્ટના ઉલ્લંઘનના વિવિધ મામલાની જાણકારી માંગી છે. કેસની નિયમિત સુનાવણી ૧૭ માર્ચથી થશે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કેસમાં કેન્દ્ર સરકાર વતી જણાવ્યું હતું કે, “ડેટાની મદદથી જાણી શકાશે કે આ પ્રથા હજુ ચાલુ છે અને શું મહિલાઓ નવા કાયદાનો લાભ લઈ રહી છે કે નહીં.” બેન્ચે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે મુસ્લિમ વિમેન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ ઓફ મેરેજ) એક્ટ ૨૦૧૯ની કલમ ૩ અને ૪ હેઠળ પેન્ડિંગ ચાર્જશીટ અને એફઆઈઆરની કુલ સંખ્યા આપવાની રહેશે. પક્ષકારોએ પણ તેમની દલીલની તરફેણમાં વધુમાં વધુ ત્રણ પાનાંની વિગત આપવી પડશે.”સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, “ટ્રિપલ તલાકને ગેરકાયદેસર જાહેર કરાયો હતો. તમારા છૂટાછેડાને માન્યતા મળેલી નથી ત્યારે હવે મુદ્દે ત્રણ વાર તલાક બોલવાને અપરાધ જાહેર કરવાનો છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, “કોઈ સમાજમાં આવી પ્રથા નથી.” બેન્ચે જણાવ્યુ હતું કે, “અરજદારો ટ્રિપલ તલાકને તાત્કાલિક કાયદેસર બનાવવાની માંગ કરતા નથી, પણ તેને અપરાધ જાહેર કરવાનો વિરોધ કરી રહ્યા છે.” આ કેસની નિયમિત સુનાવણી ૧૭ માર્ચથી શરૂ થશે, મહેતાએ જણાવ્યું હતું કે, “કોઈ પણ સભ્ય સમાજમાં આવી પરંપરા નથી. કાયદામાં આ અપરાધની સજા ત્રણ વર્ષ છે, જે મહિલા અધિકારોનું રક્ષણ કરતા અન્ય કાયદાની તુલનામાં ઓછી છે.”

## વિશેષ

#### રાજ્યમાં માર્ગ અકસ્માત નિવારવા ૭૪ હજારથી વધુ વાહનો પર રીફ્લેક્ટર લગાડવામાં આવ્યા

# ‘રાષ્ટ્રીય માર્ગ સલમાતી માસ -૨૦૨૫’ની ઉજવણી અંતર્ગત રાજ્યભરમાં અવેરનેસ કાર્યક્રમો યોજાયા

### ટ્રાફિક અંગે જનજાગૃતિ લાવવા ૧ લાખથી વધુ નાગરીકોને ટ્રાફિક અવેરનેશ હેન્ડ બીલ-પેમ્ફલેટ વિતરણ કરાયાઃ ૯૭ હજારથી વધુ નાગરીકોને ટ્રાફિક અંગે શિક્ષણ આપતી પત્રિકા આપવામાં આવી








। (માહિતી) ગાંધીનગર ।

રાજ્યના નાગરીકોને ટ્રાફિકના નિયમો અંગેની સમજ આપવા અને માર્ગ અકસ્માતો અટકાવવા માટે નેશનલ રોડ સેફટી ઓથોરિટી દ્વારા રાજ્યભરમાં તા. ૦૧ થી તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધી ‘રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૫’ની ઉજવણી કરવામાં આવી રહી છે.

માર્ગ અકસ્માતોના બનાવો નિવારવા માટે પોલીસ દ્વારા અકસ્માતોના સર્વે તેમજ રીસર્ચ કરવામાં આવે છે, જેમાં વધુ પ્રમાણમાં બનતા માર્ગ અકસ્માતોના કારણોમાં, વાહનોના પાછળથી અથડાવાના કારણે, વાહનોના પાછળના ભાગે ટેઈલ લાઈટ-બ્રેક લાઈટ ચાલુ ન હોવાના કારણે, વાહનોની ઓવર સ્પીડના કારણે, રોંગ સાઈડથી આવતા વાહનોને કારણે, વાહનોની પાછળ રેડીયમ – રીફલેકટર લગાવેલ ન હોવાને કારણે તેમજ અન-અધિકૃત રીતે માર્ગ ઉપર વાહનનું પાર્કિંગ કરેલ હોય તેવા સંજોગોમાં માર્ગ અકસ્માત વધુ સર્જાતા હોવાનું ધ્યાને આવે છે.

આ પ્રકારે સર્જાતા જીવલેણ અકસ્માતો નિવારવા માટે ગુજરાતના તમામ જિલ્લાઓમાં એક સ્પેશીયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ટ્રાફિક અંગે જનજાગૃતિ લાવવા ૧ લાખથી વધુ નાગરીકોને ટ્રાફિક અવેરનેશ હેન્ડ બીલ-પેમ્ફલેટ વિતરણ કરવામાં આવ્યા હતાં. ૯૭ હજારથી વધુ નાગરીકોને ટ્રાફિક અંગે શિક્ષણ આપતી પત્રિકા આપવામાં આવી હતી, તેમજ રાજ્યમાં માર્ગ અકસ્માત નિવારવા ૭૪ હજારથી વધુ વાહનો પર રેડીયમ રીફલેકટર લગાડવામાં આવ્યા હતા.

આ સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન રાજ્યમાં ધોરીમાર્ગનો ઉપયોગ કરનાર ૪૫ હજારથી વધુ નાગરીકો માટે અનેક કાર્યક્રમો યોજાયા હતા, ૧૫ હજારથી વધુ નાગરીકોએ માર્ગ સલામતી અંગેના વર્કશોપમાં ભાગ લીધો હતો, ધોરીમાર્ગને લગતી તાલીમમાં ૯ હજારથી વધુ નાગરીકો હાજર રહ્યા હતા, આ ઉપરાંત ૩ હજારથી વધુ નાગરીકોએ માર્ગ સલામતી સપ્તાહ હેઠળ આઈ ચેક-અપ કેમ્પનો લાભ લીધો હતો.

માર્ગ સલામતી સપ્તાહ અન્વયે ઈન્ટરસેપ્ટર વાહનની મદદથી ૨૫ હજારથી વધુ વાહનોના ઓવર સ્પીડિંગ અંગે કેસ કરવામાં આવ્યા હતા, આ ઉપરાંત ટ્રાફિક ટીમ દ્વારા દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્કૂલ-કોલેજોમાં ટ્રાફિક અંગેની જાગૃતતા માટે ૬૭૭ પ્રોગ્રામ કરી ૧.૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફિકની સમજ આપવામાં હતી. તા. ૧ જાન્યુઆરી થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત રાજ્યમાં અનાધિકૃત રીતે માર્ગ ઉપર વાહન પાર્કિંગ સંદર્ભે ૪૪ હજારથી વધુ કેસો નોંધી વાહનચાલકોને રૂ.૨ કરોડથી વધુ રકમનો દંડ કરાયો હતો. તેમજ એમ.વી એક્ટ-૧૮૫ મુજબ ૨,૧૧૧ જેટલા ડ્રંક એન્ડ ડ્રાઈવના કેસ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સીટ બેલ્ટ ન બાંધવાના ૨૬ હજારથી વધુ કેસ, હેલ્મેટ ન પહેરવા પર ૮૮ હજારથી વધુ કેસ, ઓવર સ્પીડીંગના ૨૪ હજારથી વધુ કેસ રોંગ સાઈડ ડ્રાઈવિંગના ૧૮ હજારથી વધુ કેસ નોંધવામાં આવ્યા હતા.

### બુલડોઝર કાર્યવાહીના કેસમાં મુસ્લિમ પક્ષને કોઈ રાહત આપી નથી

# સોમનાથ મંદિરની સરકારી જમીન પર ઉર્સનું સરઘસ નહીં યોજી શકાયઃ સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૧ ।

સુપ્રીમ કોર્ટે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર પાસે બુલડોઝર કાર્યવાહીના કેસમાં મુસ્લિમ પક્ષને કોઈ રાહત આપી નથી. કોર્ટે આ આદેશ આપ્યો કે વિવાદિત સ્થળ તોડી પાડવામાં આવ્યું કેમકે તે જમીન સરકારની માલિકીની છે. વેરાવળ સોમનાથ ખાતે દબાણ દૂર કરવા માટે મોટા પાયે તોડી પાડવાના મુદ્દે અરજદારોની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. રાજ્ય સરકારે સોમનાથ મંદિરની નજીકના સરકારી સ્થળે ઉર્સ યોજવાની અરજદારોની વિનંતીનો વિરોધ કર્યો હતો. શુક્રવારે સુપ્રીમ કોર્ટે ગીર સોમનાથ જિલ્લામાં ગેરકાયદે દબાણોને હટાવવાના કેસની સુનાવણી કરી. દરમિયાન, સુપ્રીમ કોર્ટે ૧ થી ૩ ફેબ્રુઆરી દરમિયાન તોડી પાડવામાં આવેલી દરગાહ પર ઉર્સ યોજવાની પરવાનગી માંગતી અરજીને ફગાવી દીધી હતી.

ગુજરાતના અધિકારીઓએ કોર્ટને જણાવ્યું હતું કે સરકારી જમીન પર બનેલા મંદિરો સહિત અનધિકૃત બાંધકામો તોડી પાડવામાં આવ્યા છે. ઉપરોક્ત જમીન પર ધાર્મિક કાર્યક્રમો સહિત કોઈપણ પ્રવૃત્તિની મંજૂરી નથી. જસ્ટિસ બીઆર ગવઈ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે ગુજરાત સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા કરવામાં આવેલી રજૂઆતોની નોંધ લીધી કે સરકારી જમીન પર મંદિરો સહિત તમામ અનધિકૃત બાંધકામો તોડી પાડવામાં આવ્યા છે.

મહેતાએ જણાવ્યું હતું કે પહેલાથી જ અતિક્રમણ કરાયેલી જમીન પર હિન્દુ ધાર્મિક સમારોહ સહિત કોઈપણ પ્રવૃત્તિને મંજૂરી આપવામાં આવી રહી નથી. અરજદાર વતી હાજર રહેલા વકીલે કહ્યું કે ત્યાં એક દરગાહ હતી જેને અધિકારીઓ દ્વારા તોડી પાડવામાં આવી હતી. તેમણે કહ્યું કે દરગાહમાં 'ઉર્સ' ઉત્સવ ઉજવવાની પરંપરા ઘણા વર્ષોથી ચાલી આવે છે અને ગુરુવારે અધિકારીઓએ તેના માટે પરવાનગી આપવાનો ઈનકાર કર્યો હતો. બેન્ચે કહ્યું કે અરજીમાં કરવામાં આવેલી વિનંતી મુખ્ય કેસની સુનાવણી કર્યા વિના સ્વીકારી શકાય નહીં. આમ કહીને ઉર્સ ઉજવવાની અરજી ફગાવી દેવામાં આવી. રાજ્ય સરકારે વેરાવળ સોમનાથ જિલ્લામાં મોટા પાયે કાર્યવાહી કરી હતી અને મોટા પાયે અતિક્રમણ હટાવ્યું હતું. સરકાર દ્વારા કરવામાં આવેલ કોંક્રિટ ફેન્સીંગ પૂર્ણ થઈ ગયું છે. સરકારે દલીલ કરી હતી કે ડિમોલિશનનું કામ પૂર્ણ થઈ ગયું છે અને ફેન્સીંગ પણ કરવામાં આવી છે.

૩૦ સપ્ટેમ્બરના રોજ, સોમનાથ મંદિરની આસપાસ કથિત ગેરકાયદેસર બાંધકામ પર બુલડોઝર ચલાવવામાં આવ્યું હતું. પટણી મુસ્લિમ સોસાયટીએ ૧ ઓક્ટોબરના રોજ સુપ્રીમ કોર્ટમાં અવમાનના અરજી દાખલ કરી હતી. આ અરજીમાં ગીર સોમનાથના કલેક્ટર અને અન્ય અધિકારીઓ સામે અવમાનનાની કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. અરજીમાં દરગાહ માંગરોળ શાહ બાબા, ઈદગાહ, પ્રભાસ પાટણ, વેરાવળ, ગીર-સોમનાથ ખાતે સ્થિત અનેક બાંધકામોના ગેરકાયદેસર તોડી પાડવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ૧૯ વર્ષીય વિદ્યાર્થિનીએ આપઘાત કરીલેતા ચકચાર

। (એજન્સી) મહેસાણા, તા.૩૧ ।

મહેસાણા-વિસનગર હાઈવે પર બાસણા નજીક આવેલી મર્ચન્ટ હોમિયોપેથિક કોલેજમાં અભ્યાસ કરતી ૧૯ વર્ષીય વિદ્યાર્થિનીએ પ્રોફેસરોના કથિત ત્રાસને કારણે (૨૯ જાન્યુઆરીએ) આપઘાત કરી લીધો હતો. આ ઘટના બાદ પોલીસે કોલેજના આચાર્ય સહિત પાંચ વ્યક્તિ સામે ફરિયાદ નોંધી છે. સિવિલ હોસ્પિટલમાં પીએમ બાદ તેના મૃતદેહને પરિવારને સોંપાયો હતો. આ ઘટનાના વિરોધમાં કોલેજના વિદ્યાર્થીઓએ રેલી યોજી મહેસાણા કલેક્ટર કચેરી ખાતે આવેદન પત્ર આપ્યું હતું અને ન્યાયની માંગ કરી હતી. વિસનગરની મર્ચન્ટ હોમિયોપેથિક મેડિકલ કોલેજમાં ગંભીર ઘટના સામે આવી છે. સંસ્કારી નગરી વિસનગરના બાસણામાં આવેલ મર્ચન્ટ કોલેજની હોસ્ટેલમાં પ્રોફેસર દ્વારા કરાતા ટોર્ચરથી કંટાળીને વિદ્યાર્થિનીએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. હાલ પ્રોફેસરને સસ્પેન્ડ કરી તેમજ પ્રિન્સીપાલ રજા ઉપર ઉતારી દેવામાં આવ્યા છે. આ ઘટનાએ કોલેજ કેમ્પસમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. કોલેજના વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો કે કોલેજ સત્તાધીશોની બેદરકારી આ ઘટના માટે જવાબદાર છે. ન્યાય નહીં મળે તો ઉગ્રઆંદોલનની ચિમકી પણ ઉચ્ચારી છે.

### ભાવનગર સોમનાથ ધોરીમાર્ગ પર એક ગોઝારો અકસ્માત સામે આવ્યો

। (એજન્સી) ભાવનગર, તા.૩૧ ।

ગુજરાતના ભાવનગર સોમનાથ ધોરીમાર્ગ પર એક ગોઝારો અકસ્માત સામે આવ્યો છે. જેમાં શુક્રવારે (૩૧ જાન્યુઆરી) બપોરે ચાર વાગ્યાની આસપાસ બોરડા અને પસ્વી ગામ વચ્ચે ઝદ્રુ પમ્પ ખાતેથી ગેસ પુરાવી મહુવા જતી ઈકો કારને બમ્પરે અડફેટે લીધી હતી. ઈકો કારમાં ૧૧ વિદ્યાર્થિનીઓ સવાર હતી. જે ટૂર્નામેન્ટમાંથી પરત ફરી હતી. તળાજા નજીક ભાવનગર સોમનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બુધવારે ચાર વાગ્યાની આસપાસ વિદ્યાર્થિનીઓથી ભરેલી ઈકો કાર પસ્પી ગામ વચ્ચે આવેલાં ઝદ્રુ પમ્પ ખાતે ગેસ પુરાવી મહુવા જઈ રહી હતી. આ દરમિયાન પાછળથી એક ઈકો કારને ડમ્પરે અડફેટે લેતાં ગાડીમાં સવાર ૧૧ વિદ્યાર્થિનીઓ ઈજાગ્રસ્ત થઈ હતી.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.માં ફરીથી કૌભાંડનું ભૂત ધણધણ્યું

### જયદીપસિંહ પરમાર ભૂતપૂર્વ કાઉન્સિલર રાજેન્દ્રસિંહના પુત્ર છે જયદીપસિંહ પરમાર પર ભ્રષ્ટાચાર દ્વારા નોકરી મેળવવાનો આરોપ લગાવ્યો છે

। (એજન્સી) વીર નર્મદ, તા.૩૧ ।

રાજ્યમાં ફરી એકવાર ભરતી કૌભાંડનો દાવો કરવામાં આવ્યો છે. દક્ષિણ ગુજરાતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત કોલેજમાં ભરતી મામલે આરોપો લાગ્યા છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ ફોરેસ્ટ સર્વિસ કોલેજ મ્ઈજીમાં ભરતી કૌભાંડનો આરોપ લગાવ્યો છે. જેમાં સિનિયર ક્લાર્કની ભરતીમાં ઉમેદવારને પૂર્ણ ગુણ કેવી રીતે મળ્યા તે અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. યુવરાજસિંહ જાડેજાએ જયદીપસિંહ પરમારના પરિણામો પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. જયદીપસિંહ પરમાર ભૂતપૂર્વ કાઉન્સિલર રાજેન્દ્રસિંહના પુત્ર છે. જયદીપસિંહ પરમાર પર ભ્રષ્ટાચાર દ્વારા નોકરી મેળવવાનો આરોપ લગાવ્યો છે. વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહે ફોટોગ્રાફસ સાથે કેટલાક પુરાવા રજૂ કર્યા છે. તેમણે આપેલી વિગતો અનુસાર, સિનિયર ક્લાર્કની જગ્યા માટે ૬૩ વ્યક્તિઓએ અરજી કરી હતી જેમાંથી ૩૨ લોકોએ ભાગ લીધો હતો. પરીક્ષા 'સ્ઈ મોડ દ્વારા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં જયદીપ સિંહના બધા જવાબો સાચા હતા. એવો દાવો કરવામાં આવ્યો છે કે પેપરની આન્સર કીમાં કેટલાક જવાબો ખોટા હતા, પરંતુ જયદીપ સિંહ દ્વારા ટિક કરાયેલા જવાબોને સાચા ગણવામાં આવ્યા છે. આ સાથે શંકા વધુ ઘેરી બની છે કારણ કે જે કોમ્પ્યુટર પ્રોફીન્સી ટેસ્ટ લેવાનો હતો તે રદ કરવામાં આવ્યો છે. આ ખુલાસો કરતી વખતે, યુવરાજ સિંહે પુરાવાના આધારે તપાસની માંગ કરી છે.

ભરતી કૌભાંડના મુદ્દે યુવરાજસિંહ જાડેજાએ આરોપ લગાવ્યો હતો કે ધરમપુરના કાઉન્સિલર રાજેન્દ્રસિંહ પરમારના પુત્રએ ભ્રષ્ટાચાર દ્વારા નોકરી મેળવી છે. દક્ષિણ ગુજરાત વીર નર્મદ યુનિવર્સિટી દ્વારા સંચાલિત કોલેજમાં ભરતી અંગે ગંભીર આરોપો લગાવવામાં આવ્યા હતા. ફોરેસ્ટ સર્વિસ કોલેજ બીઆરએસ કોલેજમાં ભરતી અંગે આક્ષેપો કરવામાં આવ્યા હતા. જેમાં સિનિયર ક્લાર્કની ભરતીમાં ઉમેદવારે ૨૧૦ માંથી ૨૧૦ ગુણ મેળવ્યા છે. કુલ ૬૩ ઉમેદવારોએ ફોર્મ ભર્યું હતું, જેમાંથી ૩૨ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. યુવરાજ સિંહે કહ્યું, અમારા અને અમારી ટીમ દ્વારા વિશ્લેષણ કર્યા પછી જાણવા મળ્યું કે સીટ નંબર જી-૦૦૪૧ ના ઉમેદવાર પરમાર જયદીપ સિંહ રાજેન્દ્ર સિંહ નામના આશાસ્પદ ઉમેદવારને આન્સર કી મુજબ ૨૧૦/૨૧૦ ગુણ મળ્યા છે. વિચિત્ર વાત એ છે કે "આન્સર કી મુજબ" ઉમેદવારે બધા ૨૧૦ પ્રશ્નો સાચા આપ્યા. નવાઈની વાત એ છે કે જો આન્સર કીમાં કેટલાક પ્રશ્નોના જવાબ/વિકલ્પમાં ભૂલ હોય, તો તે ઉમેદવારનો જવાબ અથવા વિકલ્પ પણ આન્સર કી મુજબ આપવામાં આવે છે. આ કોઈ શાળા કે કોલેજની પરીક્ષા નથી જેમાં બધા પ્રશ્નો એક જ પુસ્તકમાંથી પૂછવામાં આવે છે, તે એક સ્પર્ધાત્મક પરીક્ષા છે જેમાં વિશ્વના કોઈપણ ખૂણામાંથી પ્રશ્નો પૂછવામાં આવે છે. છતાં, આ ભાઈને ૨૧૦/૨૧૦ ગુણ મળે છે. તેથી પૂર્ણ ગુણ મેળવનાર ઉમેદવારને વર્તમાન આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહેવું ખોટું નથી. કેટલાક પ્રશ્નો એટલા સરળ હતા કે તે ધોરણ ૬ થી ૮ ના પાઠ્યપુસ્તકોમાંથી લેવામાં આવ્યા હતા, પરંતુ ચોંકાવનારી વાત એ છે કે પેપર સેટર દ્વારા સબમિટ કરવામાં આવેલી આન્સર કીમાં પણ જવાબો ખોટા આપવામાં આવ્યા હતા અને ઉમેદવારે તે જ જવાબ ટિક કર્યો હતો! આ કેવો સંયોગ છે? યુવરાજે આરોપ લગાવ્યો કે કેટલીક બાબતો પરથી એવું લાગે છે કે જયદીપ સિંહ રાજેન્દ્ર સિંહ પરમાર પોતે જ પેપર સેટર અથવા આન્સર-કી સેટર છે. અથવા જયદીપ સિંહ પરમારનો પેપર સેટર કે આન્સર-કી સેટરની માનસિકતા અને પરિવાર સાથે ખૂબ જ ગાઢ સંબંધ છે. પરંતુ એવું કેવી રીતે શક્ય છે કે આટલો પ્રતિભાશાળી વ્યક્તિ OMR શીટ નંબર ભરવામાં ભૂલ કરે અને નિરીક્ષક તેને બીજી OMR શીટ આપે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી

# ભાજપે વલસાડ, પારડી, ધરમપુર, બોટાદ, ગઢડાના ઉમેદવાર જાહેર કર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

ભાજપે ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને અને મધ્યસત્ર પેટાચૂંટણી બાબતે વલસાડ જિલ્લાની વલસાડ, પારડી અને ધરમપુરના કુલ ૨૪ વોર્ડની ૯૬ બેઠકો માટે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોની યાદી જાહેર કરી છે. આમ ભાજપે ૪૦ ટકા મહિલાઓને ટિકિટ આપી છે. આમ ભાજપે પાયાના સ્તરથી જ મહિલાઓને વધારે ટિકિટ આપવાનું શરૂ કરી દીધું છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે આ ઉમેદવારો માટે સ્થાનિક આગેવાનો સાથે ચર્ચા કરીને આ ઉમેદવારો નક્કી કર્યા છે. વલસાડ નગરપાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠક માટે ઉમેદવારો જાહેર કર્યા છે. તેમા ૫૦ ટકા ટિકિટ મહિલા ઉમેદવારોને આપી છે. આ જ રીતે પારડી નગર પાલિકાના સાત વોર્ડની ૨૮ બેઠક માટે ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. તેમા ૧૪ બેઠક પર મહિલા ઉમેદવાર ઉતારવામાં આવ્યા છે આ બતાવે છે કે ૫૦ ટકા સીટો પર ભાજપે મહિલા ઉમેદવારો પર ભરોસો જતાવ્યો છે. આ રીતે જ ધરમપુરની છ વોર્ડની ૨૪ બેઠકો પર ૧૨ મહિલા ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે. અહીં પણ ૫૦ ટકા મહિલા ઉમેદવારોને ટિકિટ અપાઈ છે.

જ્યારે તાલુકા પંચાયતની પેટાચૂંટણીમાં ઉમરગામની બે અને કપરાડાની એક બેઠક પર ભાજપે ત્રણ નામ જાહેર કર્યા છે. તેમા કપિલ મુકેશભાઈ ઘોડી, સંજયભાઈ રણજીતભાઈ દુબળા અને અંબાદાસભાઈ ગોપાલભાઈ ગાયકવાડને મેદાનમાં ઉતાર્યા છે. બોટાદ નગરપાલિકાની મધ્યસત્ર ચૂંટણી યોજાઈ રહી છે. તેમા ભાજપે ૧૧ વોર્ડ માટે ૪૪ ઉમેદવારો જાહેર કર્યા છે અને તેમા પણ મહિલાઓને ૫૦ ટકા પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. એટલે કે ૨૨ ઉમેદવાર મહિલા છે. આ જ રીતે ગઢડા નગરપાલિકાના ચાર વોર્ડની ૧૬ બેઠકોની ચૂંટણી યોજાઈ રહી છે. તેમા આઠ બેઠકો પર મહિલા ઉમેદવારોને ઊભી રાખવામાં આવી છે. આમ ભાજપ આગામી ચૂંટણીમાં મહિલાઓ પર વધુને વધુ દારોમદાર રાખવા જઈ રહ્યુ છે. મહિલાઓના પ્રતિનિધિત્વને લઈને કોંગ્રેસ ૩૩ ટકા પર અટકી ગઈ છે તો ભાજપ સ્થાનિક ચૂટણીમાં મહિલા પ્રતિનિધિત્વને લઈને ૫૦ ટકાએ પહોંચી ગયું છે.

### ગુજરાત હાઇકોર્ટે આકરું વલણ અપનાવ્યું

# પ્લાસ્ટિક વેસ્ટનો યોગ્ય નિકાલ ન કરતી પાલિકા સામે જીપીસીબી આકરા પગલાં લોઃ હાઈકોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

પ્લાસ્ટિક વેસ્ટના યોગ્ય નિકાલના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે આકરું વલણ અપનાવ્યું છે. ગુજરાત હાઈકોર્ટે પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ અંગે મહત્વનો આદેશ આપ તા જણાવ્યું છે કે રાજ્યમાં પ્લાસ્ટિક વેસ્ટનો નિકાલ ન કરતી મનપા (મહાનગર પાલિકાઓ) અને નપા (નગરપ ાલિકાઓ) સામે યોગ્ય પગલાં લો.

ગુજરાત હાઈકોર્ટે પ્લાસ્ટિક વેસ્ટના નિકાલની કામગીરી યોગ્ય રીતે થતી ન હોવાના કારણે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી)ની પણ ઝાટકણી કાઢી હતી. ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે જીપીસીબી ખાલી હાથ પર હાથ ધરીને બેસી રહેવા માટે નથી. તેણે કોઈપણ પ્રકારની કામગીરીનું ફક્ત નિરીક્ષણ કરીને જ સંતોષ માનવાનો નથી, પરંતુ તે કામગીરી યોગ્ય રીતે થઈ છે કે નહીં તે જોવાનું પણ છે. તેની સાથે કચરા નિકાલની કાર્યવાહી યોગ્ય રીતે ન કરનારી પાલિકાઓની સામે તેણે કાર્યવાહી પણ કરવી જોઈએ.

આ તેનો અધિકાર છે.

ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે પ્લાસ્ટિક વેસ્ટના નિકાલના મુદ્દે જીપીસીબીએ કોઈની શેહ કે શરમમાં આવ્યા વગર કામ કરવાનું છે. તેણે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાની શરમ રાખવાની નથી. ઉલ્લેખનીય છે કે ગીરનાર અભયારણ્યમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધની માંગણી કરતી અરજી કરવામાં આવી હતી. અરજી પર થયેલી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આદેશ કર્યો હતો.

ગુજરાતમાં પ્લાસ્ટિક વેસ્ટનો નિકાલ મોટી સમસ્યા છે. તેમા પણ વિવિધ મનપા અને નપાનું તેના અંગેનું ઉદાસીન વલણ આ સમસ્યામાં વધારો કરે છે. તેના લીધે નગરો કચરાના ઢગ જેવા બની રહ્યા છે. આજે પ્લાસ્ટિક વેસ્ટને લઈને સ્થિતિ એટલી વણસી ગઈ છે કે તેના માટે છેક ગુજરાત હાઈકોર્ટ સુધી લાંબા થવું પડે છે. પ્લાસ્ટિક વેસ્ટમાંથી હવે શહેરો તો ઠીક પણ ગીર જેવા અભયારણ્યો પણ બાકાત રહ્યા નથી. પ્લાસ્ટિક વેસ્ટના મુદ્દે સ્થિતિ વકરતી જોઈને ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ થઈ ગઈ છે અને તેણે જીપીસીબીને નિર્ણાયક પગલાં લેવા હાકલ કરી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૨જી ફેબ્રુઆરીએ વડોદરા મેરેથોનની ૧૨મી શ્રેણીને પ્રસ્થાન

। વડોદરા, તા.૩૧ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તા. ૨જી ફેબ્રુઆરીના રોજ વહેલી સવારે વડોદરા મેરેથોનની ૧૨મી શ્રેણીને પ્રસ્થાન કરાવવાના છે. આ ઉપરાંત તેઓ વાઘોડિયા રોડ ઉપર નવનિર્મિત બરોડા પબ્લિક સ્કૂલનું ઉદ્ઘાટન કરશે. પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ અનુસાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ વહેલી સવારે નવલખી મેદાનથી પ્રારંભ થનારી વડોદરા મેરેથોનની ૧૨મી શ્રેણીને ફ્લેગ ઓફ કરાવશે. તે પૂર્વે પ્રભારી મંત્રી શ્રી હર્ષભાઇ સંઘવી પણ ફૂલ મેરેથોનની ફ્લેગ ઓફ વિધિમાં સહભાગી થશે. વડોદરા મેરેથોનની ૧૨મી આવૃત્તિમાં અત્યાર સુધીમાં દોઢ લાખ દોડવીરોનું રજીસ્ટ્રેશન થયું છે. મેરેથોનમાં વિવિધ કેટેગરીમાં દિવ્યાંગ રન અને જવાન રન નો સમાવેશ કરવામાં આવ્યો છે તેમજ પાંચ કિલોમીટરની ફન રન માં જાણે કોઈ ઉત્સવ હોય તેમ જનમેદની ઉમટી પડે છે. વડોદરા મેરેથોનને વડોદરા નહિ સમગ્ર ગુજરાત, દેશની આગવી ઓળખ બની ગઇ છે અને વડોદરાના તમામ નાગરિકોની આ મેરેથોન બની ગઈ છે. આ કાર્યક્રમ બાદ મુખ્યમંત્રીશ્રી વાઘોડિયા રોડ પર નવનિર્મિત બરોડા પબ્લિક સ્કૂલનું ઉદઘાટન કરી શાળા પરિસરની મુલાકાત લેશે.

# સાબરકાંઠા ટ્રાફિક પોલીસે રોંગ સાઈડમાં આવતા વાહન ચાલકો સામે કરી કાર્યવાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદ – ઉદયપુર નેશનલ હાઈવે પર હિંમતનગરથી પસાર થવું એટલે કે જાણે કે માથાનો દુખાવો બની ચુક્યો છે. તો હિંમતનગર શહેરમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી રહી છે. જેને લઈ હવે હિંમતનગર શહેર ટ્રાફિક અને સાબરકાંઠા જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા રોંગ સાઈડ રાજુ બનીને ફરતા વાહન ચાલકો સામે દંડનો દંડો ઉગામ્યો છે. હિંમતનગર શહેરમાં ટ્રાફિકની સમસ્યા જાણે કે છેલ્લા એકાદ વર્ષમાં ખૂબજ વણસી ચૂકી છે. વાહન ચાલકોની અણસમજ આ સમસ્યાને વધારે મુશ્કેલ બનાવી રહી છે. છેલ્લા એક માસથી લોકોને અપીલ કરવા અને જાગૃતિ ફેલાવવા છતાં પણ ટ્રાફિકના નિયમોને અવગણતા વાહન ચાલકોની સામે ટ્રાફિક પોલીસે હવે કાર્યવાહી શરુ કરી છે. હિંમતનગર શહેર ટ્રાફિક પોલીસની ટીમ દ્વારા હવે વિશેષ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. જેમાં ખાસ કરીને રોંગ સાઈડ વાહન હંકારતા વાહનચાલકોને દંડવામાં આવી રહ્યા છે. તો વળી જોખમી રીતે અને રોંગ સાઈડ વાહન હંકારવા સહિતને લઈ ટ્રાફિક પોલીસે દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. એક જ દિવસમાં ૬૦ થી વધારે વાહન ચાલકોને રોંગ સાઈડ વાહન હંકારવાને લઈ દંડ આપવામાં આવ્યો છે. ટ્રાફિક પોલીસ દ્વારા શહેરની મેડિસિટી ચોકડી, મોતીપુરા સર્કલ, સહકારી જીન સહિત શહેરના અનેક વિસ્તારોમાં આ પ્રકારે દંડનીય કાર્યવાહી કરીને રોંગ સાઈડની આદત છોડાવવા માટે પ્રયાસ કરાયો છે!

